दैनिक मुंबई समाचार (દૈનિક મુંબઈ સમાચાર)
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 93 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ■ ચૈત્ર વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 April 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૨૧ એપ્રિલ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રામબનમાં વાદળ ફાટ્યુંઃ ત્રણનાં મોત, ૧૦૦ને બચાવાયા

SCAN FOR TODAY'S GOLD RATE
WE BUY OLD GOLD AT BEST RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



**ભૂસ્ખલનઃ** જમ્મુ અને કાશ્મીરના રામબનમાં વરસાદને લીધે અનેક સ્થળે ભેખડો ધસી પડતા જાનમાલને ભારે નુકસાન થયું હતું. ઘણી જગ્યાએ ભૂસ્ખલનને લીધે વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી. વધુ ભૂસ્ખલનના ભયને લીધે ઓછામાં ઓછા ૨૨ પરિવારનું સલામત જગ્યાએ સ્થળાંતર કરાવાયું હતું. કિશ્તવાડ – પદ્ધાર રોડ પરના વાહનવ્યવહારને અટકાવી દેવાયો હતો. (પીટીઆઈ)

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : રામબન શહેરમાં વાદળ ફાટવાથી ત્રણ જણનાં મોત થયાં હતાં અને૧૦૦થી વધારે લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. રામબનમાં ભારે તબાહી જોવા મળે છે. અનેક વાહનોને નુકસાન થયું છે. જમ્મુ અને કાશ્મીર હાઈવે પાંચ સ્થળોએ વહી ગયો છે.

રામબન પોલીસના સિનિયર અધિકારી (એસએસપી) કુલબીર સિંહે પત્રકારોને કહ્યું હતું કે કુદરતી આપદામાં ત્રણ જણનાં મૃત્યુ થયા હતા. જિલ્લામાં ૧૦૦થી વધારે લોકોને બચાવવામાં આવ્યા હતા. વાદળ ફાટવાથી અને ઓચિંતા પૂર આવતા રામબન જિલ્લાની સ્થિતિ વણસી ગઈ હતી. બે હોટેલ, અમુક દુકાનો અને ઘરોને નુકસાન થયું છે. નેશનલ હાઈવે બંધ છે કારણ કે પાંચ સ્થળોએ તે વહી ગયો છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે સતત પડેલા વરસાદ પછી બાગનામાં એક ઘર તૂટી પડતાં બે બાળકો સહિત ત્રણ જણના મૃત્યુ થયા હતા. ૧૦૦થી વધારે જણને સુરક્ષિત સ્થળોએ મોકલવામાં આવ્યા છે. વરસાદ પડવાનું ચાલુ છે અને સ્થિતિમાં સુધારો થયા બાદ જ સમારકામનું કામ શરૂ કરવામાં આવશે.

દરમિયાન કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે એક્સ પર એક પોસ્ટ મૂકીને લખ્યું હતું કે રામબન ક્ષેત્રમાં આખી રાત ભારે કરાનો વરસાદ, અનેક ભૂસ્ખલન થયા હતા અને જોરદાર પવન ફૂંકાયો હતો. આમાં રામબન શહેર પણ સામેલ હતું. નેશનલ હાઈવે બંધ થઈ ગયો છે. દુર્ભાગ્યે ત્રણ જણનાં મરણ થવાના સમાચાર છે. અમુક પરિવારોની સંપત્તિને નુકસાન થયું છે.

સિંહે વધુમાં લખ્યું હતું કે હું ડેપ્યુટી કમિશનર બસીર-ઉલ-હક સાથે સંપર્કમાં છું. સમયસર ઝડપી કાર્યવાહી કરવા બદલ જિલ્લા પ્રશાસન પ્રશંસાને પાત્ર છે,. આને લીધે અનેક અમૂલ્ય જીવનો બચી ગયા છે. નાણાકીય અને બીજી મદદ પૂરી પાડવામા આવી રહી છે. ડીસીને કહેવામાં આવ્યું છું કે જરૂર પડે તો સંસદસભ્યના વ્યક્તિગત સંસાધનોનો સહાયતા માટે ઉપયોગ કરો. તેમણે અનુરોધ કર્યો કે ગભરાઓ નહીં. આપણે સાથે મળીને કુદરતી આફતાનો સામનો કરીશું.

એસએસપી ટ્રાફિક નેશનલ હાઈવે (રામવન) રાજા આદિલ હામિદ ગનઈએ માહિતી આપી હતી કે વરસાદ ચાલુ છે. ભૂસ્ખલન અને શીલા પડવાથી હાઈવેમાં પાંચ સ્થળોએ અવરોધ નિર્માણ થયો છે. હું એ જ સ્થાન પર છું જ્યાં નુકસાન થયું છે. વરસાદ અટક્યા બાદ સમારકામ શરૂ કરાશે. હાઈવે પર વાહનોને થયેલા નુકાસન અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે બધા યાત્રી સુરક્ષિત છે. જોકે લાઈટ વેહિકલને નુકસાન થયું છે.

બે દિવસના ખરાબ હવામાન બાદ કાશ્મીર વેલીમાં હાલમાં મોસમ શુષ્ક છે અને તડકો પડી રહ્યો છે. ભારતીય

(જુઓ પાનું ૨) ▸▸

## કૅનેડાના ગુરુદ્વારામાં તોડફોડ કરી દીવાલ પર સૂત્રો લખ્યા

ઓટાવાઃ કૅનેડાના વેન્કુવરમાં રોઝ સ્ટ્રીટ ખાતે આવેલા ગુરુદ્વારામાં ભાગલાવાદી, ખાલિસ્તાનવાદીઓએ ભારે તોડફોડ કરી હતી અને દીવાલ પર સૂત્રો લખ્યા હતા.ખાલસા

(જુઓ પાનું ૨) ▸▸

## બંગાળની હિંસા અંગે મહિલા પંચ કેન્દ્રને રિપોર્ટ જલદી સુપરત કરશે

કોલકાતાઃ દેશના મહિલા પંચનાં અધ્યક્ષા વિજયા રાહટકરે રવિવારે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં થયેલી હિંસાને લગતો અહેવાલ અમારું પંચ ઝડપથી તૈયાર કરી રહ્યું છે અને ટૂંક સમયમાં તે કેન્દ્રને સુપરત કરશે.

સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં મોટા પાયે હિંસા ફેલાઇ હતી અને તેમાં હિંદુઓના ઘર તેમ જ દુકાનો પર હુમલા કરાયા હતા અને તેઓને લૂંટવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અનેક મહિલાનો વિનયભંગ કરાયો હતો. હિંસાગ્રસ્ત વિસ્તારોમાંથી અસંખ્ય લોકોએ હિજરત કરી હતી.

દેશના મહિલા પંચનાં અધ્યક્ષાએ અહીંના હિંસાગ્રસ્ત વિસ્તારોની બે દિવસ મુલાકાત લીધી હતી અને રાજ્યના અધિકારીઓ તેમ જ અસરગ્રસ્તોને

(જુઓ પાનું ૨) ▸▸

## ન્યૂ યોર્ક, વૉશિંગ્ટન સહિત અમેરિકાભરમાં ટ્રમ્પ-વિરોધી રૅલી

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વિરોધમાં ન્યૂ યોર્ક, વૉશિંગ્ટન સહિત અનેક ઠેકાણે શનિવારે રૅલી કાઢવામાં આવી હતી.

વિરોધીઓએ દેશના લોકતાંત્રિક સિદ્ધાંતોની સામે મોટું જોખમ ઊભું થયું હોવાનો ભય વ્યક્ત કર્યો હતો.

વાઇટ હાઉસની બહાર, મિડટાઉન મેનહેટન, મેસેચ્યુસેટ્સ અને અન્ય ઘણી જગ્યાએ લોકો ટ્રમ્પના વિરોધમાં મોટી સંખ્યામાં ભેગા થયા હતા.

બોસ્ટનમાં થોમસ બેસફોર્ડ નામના ૮૦ વર્ષીય દેખાવકારે જણાવ્યું હતું કે મને લાગે છે કે અમેરિકાના નાગરિકોમાં હાલમાં પોતાની સરકારનો જ મોટો ભય રહેલો છે અને દરેક જણે આવી સરકારનો જોરદાર વિરોધ કરવો જોઇએ. તેઓ પોતાની પત્ની, દીકરી અને

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદની વીએસ હૉસ્પિટલમાં ક્લિનિકલ ટ્રાયલ કૌભાંડનો પર્દાફાશ

### ૫૦૦ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(એએમસી) સંચાલિત વાડીલાલ સારાભાઇ હૉસ્પિટલ (વીએસ હૉસ્પિટલમાં)માં એક કૌભાંડનો ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો હતો. તાજેતરમાં કરવામાં આવેલી તપાસમાં હૉસ્પિટલમાં ક્લિનિકલ ટ્રાયલ કૌભાંડ ચાલી રહ્યું હોવાનો પર્દાફાશ થયો હતો. તપાસ સમિતિના રિપોર્ટ મુજબ હૉસ્પિટલમાં ગેરકાયદે રીતે રચાયેલી એથિકલ કમિટીએ ખાનગી ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે વિવિધ રોગોના લગભગ ૫૦૦ દર્દીઓ પર ક્લિનિકલ ટ્રાયલ કર્યા હતા. કમિટીએ આ ટ્રાયલ માટે લાખો રૂપિયા પણ લીધા હતાં.

એક પ્રેસ કોન્ફરન્સ કરીને આ કૌભાંડ અંગે ખુલાસો કરવામાં આવ્યો હતો. અમદાવાદ મનપાના સિનિયર અધિકારીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે વીએસ હૉસ્પિટલમાં નવા સુપરિન્ટેન્ડેન્ટની નિમણૂક બાદ ગેરકાયદે ક્લિનિકલ ટ્રાયલ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. મનપા કમિશનરે આ મામલાની તપાસ માટે એક સમિતિની રચના કરી હતી અને તેના પ્રાથમિક તારણોના આધારે, મનપાએ એક ડોક્ટરને સસ્પેન્ડ કર્યા છે. હૉસ્પિટલ સાથે સંકળાયેલા અન્ય છ કોન્ટ્રેક્ટ ડૉક્ટરો પણ શંકાના ઘેરામાં છે. તપાસ ચાલુ છે

(જુઓ પાનું ૨) ▸▸

## આજે મોદી-વાન્સ વચ્ચે ચર્ચા, અક્ષરધામ મંદિરની મુલાકાત લેશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે ડી વાન્સ અને ભારતીય મૂળની દ્વિતીય મહિલા ઉષા વાન્સ માટે આજે સાંજે રાત્રિભોજનનું આયોજન કરશે. તેઓ અમેરિકન નેતા સાથે વેપાર, ટૅરિફ, પ્રાદેશિક સુરક્ષા અને એકંદર દ્વિપક્ષીય સંબંધોને વધારવાના માર્ગો સહિત અનેક મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ, તેમના પત્ની ઉષા અને ત્રણ બાળકો-ઇવાન, વિવેક અને મીરાબેલ- ભારતની ચાર દિવસની મુલાકાતે આજે સવારે ૧૦ વાગ્યે પાલમ એરબેઝ પર ઊતરવાના છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત લગભગ ૬૦ દેશો સામે વ્યાપક ટૅરિફ શાસન લાગુ કરવા અને પછી તેને સ્થગિત કર્યાના અઠવાડિયાઓ પછી વાન્સની પહેલી ભારત યાત્રા છે.

નવી દિલ્હી અને વૉશિંગ્ટન હવે

(જુઓ પાનું ૨) ▸▸

## મણિપુરમાં પ્રતિબંધિત સંગઠનના નવ સભ્યો પકડાયા

ઈમ્ફાલઃ છેલ્લાં ૪૮ કલાકમાં ઈમ્ફાલ વેલી જિલ્લાઓમાં અનેક પ્રતબિંધિત સંગઠનોના નવ સભ્યની ધરપકડ કરવામાં આવી હતી એવી માહિતી પોલીસે રવિવારે આપી હતી. પ્રતિબંધિત યુનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (પામ્બેઈ)ના બે કાર્યકર્તાની ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના નોન્ગડેમ ગામની નજીકના નાપેટપલ્લી એન્ડ્રો રોડ પર ધરપકડ કરવામાં આવી હતી.

સિનિયર અધિકારીએ કહ્યું હતું કે આ બન્ને ખંડણી માગતા હતા.

સુરક્ષા દળોએ પ્રતિબંધિત કાન્ગલૈપાક કમ્યુનિસ્ટ પાર્ટી

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં વિમાન દુર્ઘટનામાં ચારનાં મોત

ટ્રિલ્લાઃ અમેરિકાના મધ્ય ઇલિનોઇસના એક મેદાનમાં શનિવારે એક સિંગલ-એન્જિન વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં સવાર તમામ ચાર લોકોનાં મોત થયાં હતાં.

કોલ્સ કાઉન્ટીના કોરોનર એડ સ્નીર્સે જણાવ્યું કે મૃતકોમાં બે મહિલાઓ અને બે પુરુષો હતાં. તેઓ મૃતકોના પરિજનોને જાણ ન થાય ત્યાં સુધી વધુ વિગતો જારી કરી શકે તેમ નથી. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડે જણાવ્યું કે સેસ્ના સી૧૮૦જી વિમાન સવારે ૧૦ વાગ્યા પછી ટ્રિલ્લાના અસંગઠિત સમુદાય

(જુઓ પાનું ૨) ▸▸

## બંગાળના હિંસાગ્રસ્ત મુર્શિદાબાદમાં પિતા-પુત્રની હત્યાના મુખ્ય આરોપીઓમાંથી એકની ધરપકડ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત મુર્શિદાબાદ જિલ્લામાં એક વ્યક્તિ અને તેના પુત્રની હત્યાના મુખ્ય આરોપીઓમાંથી એકની ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી પોલીસે રવિવારે આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર શમશેરગંજના જાફરાબાદમાં બે લોકોની હત્યાના કેસમાં આ ચોથી ધરપકડ છે. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ જાફરાબાદના પડોશી ગામ સુલીતાલા પુર્બાપરાના રહેવાસી ઝિયાઉલ શેખ તરીકે થઇ છે. જે ૧૨ એપ્રિલના રોજ બનેલી ગુનાહિત ઘટના બાદથી ફરાર હતો. તેમણે જણાવ્યું કે શેખની પશ્ચિમ બંગાળ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(એસટીએફ) અને સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ(સીટ)એ શનિવારે ઉત્તર દિનાજપુર જિલ્લાના ચોપડામાં તેના ઠેકાણેથી ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર આ વ્યક્તિ મુખ્ય આરોપીઓ પૈકીનો એક

(જુઓ પાનું ૨) ▸▸

## વક્ફ કાયદો પાછો ખેંચી લેવામાં નહીં આવે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશેઃ ઓવૈસી

નવી દિલ્હીઃ નવો વક્ફ એમેન્ડમેન્ટ ઍક્ટ પાછો ખેંચી લેવામાં નહીં આવે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે, એમ એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર મુસ્લિમોની ઓળખ અને અધિકારને નિશાન બનાવી રહી છે.

ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (એઆઈએમપીએલબી) દ્વારા શનિવારે રાત્રે યોજવામાં આવેલી એક જાહેરસભાને સંબોધન કરતાં ઓવૈસીએ ભારપૂર્વક કહ્યું હતું કે આ કાયદાનો વિરોધ અગાઉ ફાર્મ લૉ રદ કરવાના નિર્ણયનું પ્રતિબિંબ પાડશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાયદો પાછો ખેંચવો પડશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આપણા ખેડૂત ભાઈઓએ જે માર્ગ દેખાડ્યો

(જુઓ પાનું ૨) ▸▸

## કર્ણાટકમાં પરીક્ષા પહેલાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓની જનોઈ કઢાવાઇ

બેંગલૂરુઃ કર્ણાટકમાં એન્જિનિયરિંગ અને અન્ય ક્ષેત્રની કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા (કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ)માં બેસતા પહેલાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓની જનોઈ કઢાવવાની વધુ ત્રણ ઘટના બની હતી. અમુક જગ્યાએ તો પરીક્ષાર્થીઓની જનોઈ તોડીને કચરાપેટીમાં નાખી દેવાઇ હોવાનો આક્ષેપ છે. આ ઘટનાને પગલે બ્રાહ્મણ વિદ્યાર્થીઓ સરખી રીતે પરીક્ષા પણ આપી નહોતા શક્યા. શરૂઆતમાં શિવમોગ્ગા ખાતે અને બાદમાં બિડર, ગડગ તેમ જ ધારવાડ ખાતે બ્રાહ્મણ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસતા પહેલાં તેઓની જનોઈ કઢાવાઇ હતી. અહીં બ્રાહ્મણ વિદ્યાર્થીઓએ આક્ષેપ

(જુઓ પાનું ૨) ▸▸



*શરતો લાગુ
સંપર્ક : ૭૦૨, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બ્રીચ કેન્ડી, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર. ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14
નીલ : 98218 90405 | ધવલ : 98219 21920 | નીરાલી : 9137601052 | જેસલ : 98331 00845

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજ-ઉદ્ધવ હાથ મિલાવે તો બંને ફાયદામાં રહેશે

**મહારાષ્ટ્રમાં** શિવસેનામાં ભંગાણ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર પછી ઉદ્ધવ ઠાકરે પોતાના રાજકીય અસ્તિત્વ માટે લડાઈ લડી રહ્યા છે ત્યારે ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ રાજ ઠાકરે હાથ મિલાવે એવા સંકેત રાજ ઠાકરેએ આપ્યા છે. રાજ ઠાકરે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના પ્રમુખ છે પણ મનસેનું પણ કોઈ રાજકીય વજન નથી. આ સંજોગોમાં આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા કરીને રાજ અને ઉદ્ધવ એક થઈ જાય એવા સંકેત ખુદ રાજ ઠાકરેએ આપ્યો છે.

એક યુ-ટ્યુબ ચેનલને આપેલી મુલાકાતમાં રાજ ઠાકરેએ દાવો કર્યો કે, ઉદ્ધવ સાથે તેમને રાજકીય મતભેદો છે, વિવાદો છે, ઝઘડા છે પણ મહારાષ્ટ્રના હિતમાં આ બધી જ બાબતો ખૂબ જ નાની છે. મહારાષ્ટ્ર અને મરાઠી લોકોના હિત માટે સાથે થવામાં કોઈ મુશ્કેલી નથી. મહારાષ્ટ્રના હિતના કોઈપણ મોટા ધ્યેય સામે અમારી વચ્ચેના ઝઘડા નાના છે. રાજ ઠાકરેના કહેવા પ્રમાણે, એ શિવસેનામાં હતા ત્યારે પણ તેમને ઉદ્ધવ સાથે કામ કરવામાં કોઈ વાંધો નહોતો.

રાજ ઠાકરેએ પોતે ઉદ્ધવ સાથે હાથ મિલાવશે કે નહીં તેનો નિર્ણય ઉદ્ધવ પર છોડીને એમ પણ કહ્યું કે, હવે સવાલ એ છે કે, સામેની વ્યક્તિ એટલે કે ઉદ્ધવ હું તેની સાથે કામ કરું કે નહીં એવું ઇચ્છે છે કે નહીં તેનો છે. બાકી હું તો ક્યારેય આવી નાની નાની બાબતોમાં મારો અહંકાર લાવતો નથી. ઉદ્ધવે પણ રાજ ઠાકરે જેવો જ સૂર કાઢ્યો છે ને કહ્યું છે કે, રાજ સાથે મારા તરફથી ક્યારેય કોઈ ઝઘડો થયો નથી. ઉદ્ધવ ઠાકરેએ પોતે રાજ ઠાકરે સાથે હાથ મિલાવવા તૈયાર છે એવું ફોડ પાડીને કહ્યું નથી પણ હાથ નહીં મિલાવે એવું પણ કહ્યું નથી. બલ્કે ઉદ્ધવ ઠાકરેનો સૂર પણ હકારાત્મક છે એ જોતાં બંને ભેગા થઈ જાય તો નવાઈ નહીં લાગે.

જો કે રાજકારણીઓ જાહેરમાં બોલે છે એ રીતે વર્તે એ જરૂરી નથી. રાજ અને ઉદ્ધવ બંનેને આ વાત લાગુ પડે છે. બંને જાહેરમાં કોઈ ઝગડો નથી એવું કહ્યા કરતા હોય પણ અંદરખાને એકબીજા માટે કડવાશ ભરીને બેઠા હોય એવું બને. આ સંજોગોમાં બંને સાથે ના થાય ત્યાં સુધી કંઈ પણ કહેવું વહેલું કહેવાય પણ બંને હાથ મિલાવી લે તો બંને ફાયદામાં રહેશે તેમાં બેમત નથી.

રાજકીય રીતે અત્યારે ઉદ્ધવની શિવસેના અને મનસે બંને આઈસીયુમાં જ છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં રાજ ઠાકરેની મનસે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના એ બંને પક્ષોનું પ્રદર્શન ખૂબ જ ખરાબ હતું. ઉદ્ધવની શિવસેનાને મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ફક્ત ૨૦ બેઠક મળી જ્યારે રાજ ઠાકરેની મનસેનું તો ખાતું પણ ખૂલ્યું ન હતું. લોકસભામાં ઉદ્ધવની શિવસેના પાસે ૯ સાંસદ છે તેથી રાજ ઠાકરે કરતાં ઉદ્ધવ ચોક્કસ મજબૂત સ્થિતિમાં કહેવાય પણ સત્તા વિનાની તાકાતનો બહુ અર્થ નથી એ જોતાં કોઈની સ્થિતિ વખાણવા જેવી નથી જ.

રાજ ઠાકરેએ એક જમાનામાં મહારાષ્ટ્રમાં નિર્ણાયક રાજકીય પરિબળ બનવાની આશા ઊભી કરેલી પણ ગાજ્યા મેઘ વરસ્યા નથી. રાજ ઠાકરેએ ૨૦૦૬ માં શિવસેનાથી અલગ થઈને નવા પક્ષ મહારાષ્ટ્રના નવનિર્માણ સેનાની સ્થાપના કરી હતી. ૯ માર્ચ ૨૦૦૬ના રોજ શિવાજી પાર્ક ખાતે રાજ ઠાકરેએ તેમના પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ની જાહેરાત કરી ત્યારે મનસેને 'મરાઠી માનુષીઓની પાર્ટી' ગણાવીને કહ્યું હતું કે આ પાર્ટી એક દિવસ મહારાષ્ટ્ર પર શાસન કરશે. રાજ ઠાકરેની પાર્ટીને ૧૯ વર્ષ થઈ ગયાં પણ આ ૧૯ વર્ષમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સત્તા મેળવવાની વત તો છોડો પણ સત્તાની નજીક પણ નથી પહેંચી, બલ્કે નામશેષ થઈને રહી ગઈ છે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વરસોથી લોકસભાની ચૂંટણી લડે છે પણ અત્યાર સુધીમાં લોકસભામાં એક પણ ઉમેદવાર ચૂંટાયો નથી. ૨૦૦૯માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પહેલી વાર લડી ત્યારે તેનો દેખાવ શાનદાર હતો. રાજ ઠાકરેની મનસેએ ૧૩ બેઠકો જીતી હતી અને ૨૪ વિધાનસભા મતવિસ્તારમાં રાજ ઠાકરેનો પક્ષ બીજા ક્રમે હતો. રાજનો પ્રભાવ પહેલા જ ધડાકે ૩૭ વિધાનસભા બેઠકો પર વર્તાયેલો અને ત્યારે લાગતું હતું કે, ભવિષ્યમાં રાજ ઠાકરેની પાર્ટી સત્તામાં આવી શકે છે.

આ આશા ઠગારી નિવડી અને શાનદાર શરૂઆત પછી રાજ ઠાકરેની મનસેની અધોગતિ થઈ. વિધાનસભામાં સતત બેઠકો ઘટતી રહી ને ઝીરો પર આવી ગઈ. શાનદાર શરૂઆત પછી બીજો કોઈ પક્ષ હોય તો પોતાની સ્થિતિ મજબૂત કરીને આગળ વધે પણ મનસે પાછળ પડતી ગઈ. ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની બેઠકો ઘટીને માત્ર ૨ થઈ ગઈ હતી.

મનસે સ્થાનિક રાજકારણમાં પણ કોઈ છાપ છોડી શકી નથી. મનસેએ ૨૦૧૨માં નાસિક મહાનગરપાલિકામાં શાનદાર શરૂઆત કરી હતી. મનસેને નાસિક મનપાની ૧૨૨માંથી ૪૦ બેઠકો મળી હતી પણ ૨૦૧૭માં એમએનએસની બેઠકો ઘટીને ૫ થઈ ગઈ અને અત્યારે મનસે ક્યાંય ચિત્રમાં જ નથી. ૨૦૧૨માં મુંબઈ મહાનગરપાલિકામાં મનસેએ ૨૭ બેઠકો જીતી હતી જે ૨૦૧૭માં ઘટીને સાત થઈ ગઈ હતી. આ સાતમાંથી છ કોર્પોરેટરો શિવસેનામાં જોડાઈ જતાં માત્ર એક કોર્પોરેટર બચ્યો હતો. વિધાનસભામાં મનસે પાસે અત્યારે કોઈ પ્રતિનિધિત્વ નથી તેથી મનસે માત્ર કાગળ પરની પાર્ટી છે.

અત્યારે સ્થિતિ એ છે કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાસે સંગઠન નથી કે મજબૂત નેતા નથી. રાજ ઠાકરે નિવેદનો ફટકારીને પોતાનું રાજકારણ ચલાવ્યા કરે છે અને ચર્ચામાં રહે છે. રાજ ઠાકરે હજુય મીડિયાને આકર્ષે છે પણ મતદારોને આકર્ષી શકતા નથી. ભાજપ સહિતના પક્ષોના નેતા વચ્ચે વચ્ચે રાજ ઠાકરેને મળી આવે છે પણ તેમની કોઈ ઉપયોગિતા નથી તેથી કોઈને જોડાણમાં રસ પડતો નથી. રાજ ઠાકરેએ હિંદુત્વનો નાદ જગાવીને જોયો, મરાઠી માનુષીની વાત પણ કરી લીધી ને મોદીનાં વખાણ પણ કરી નાખ્યાં છતાં રાજકીય પ્રભાવ ઊભો થતો નથી. બલ્કે થોડાંક વરસોમાં તેમનું રાજકીય અસ્તિત્વ જ મટી જાય એવો ખતરો છે.

આ સ્થિતિ આવે એ પહેલાં ઉદ્ધવ સાથે હાથ મિલાવી લે તો કમ કે કમ ભવિષ્યની પેઢી માટે તો રાજકીય પ્લેટફોર્મ તૈયાર કરી શકશે. ઉદ્ધવની શિવસેના ભાંગી ભાંગી તોય ભરૂચ છે. તેની પાસે હજુ થોડું સંગઠન છે ને વફાદાર મતબેંક પણ છે તેથી રાજ ઠાકરે ફાયદામાં રહેશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, સોમવાર, તા. ૨૧-૪-૨૦૨૫, ભારતીય વૈશાખ માસારંભ.

- ભારતીય દિનાંક ૧, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવાં, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવાં, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાષાઢા બપોરે ક. ૧૨-૩૬ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં મધ્યરાત્રે ક. ૨૪-૩૦ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૮ઃ૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૨ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૪૭, મધ્યરાત્રે ક. ૦૦-૫૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - અષ્ટમી. ભારતીય વૈશાખ માસારંભ.

શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૩૮ પછી શુભ

મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, શિવ-પાર્વતી પૂજા, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ચંદ્રપૂજન, બિલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, મિત્રતા કરવી, નવા વસ્રો, આભૂષણ, દુકાન, વેપાર, નોકરી સંબંધિત કાર્યો, ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના.

- આચમનઃ શુક્ર-મંગળ ચતુષ્કોણ બદનામીનો ભય, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ ખટપટીયો સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ નોકરીમાં અપયશ
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

# મોદીના ૩૪ પ્રવચનનાં સંગ્રહનું વિમોચન કરાયું

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ૩૪ પ્રવચનનો સંગ્રહ ધરાવતા પુસ્તક 'સંસ્કૃતિ કા પાંચવા અધ્યાય'નું વિમોચન જૂના અખાડાના વડા આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય સ્વામી અવધેશાનંદ ગિરિ મહારાજ દ્વારા કરાયું હતું. મોદીએ ૨૦૧૫ના સ્વાતંત્ર્યદિને દિલ્હીમાં કરેલા ભાષણથી લઇને ગયા વર્ષે વારાણસીમાં આંખની હૉસ્પિટલના ઉદ્ઘાટન વખતે આપેલા પ્રવચનનો આ પુસ્તકમાં સમાવેશ કરાયો છે.મોદીએ છેલ્લાં દસ વર્ષ દરમિયાન આપેલા ૩૪ પ્રવચનના આ પુસ્તકનું વિમોચન નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધિ આર્ટ્સ ખાતે રાજ્યસભાના નાયબ અધ્યક્ષ હરિવંશની હાજરીમાં કરાયું હતું. મોદીના આ ૩૪ પ્રવચનમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા, આધ્યાત્મિક મૂલ્યો અને વારસા જેવા વિવિધ વિષયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કેદારનાથ, રામજન્મભૂમિ, કાશી વિશ્વનાથધામ અને ઓમકારેશ્વર જેવા મંદિરો, શ્રીમદ્ભગવદ્ગીતા, ગુરુનાનક જયંતી, બૌદ્ધ ધર્મની વૈશ્વિક પરિષદ, આચાર્ય વિજય વલ્લભ સૂરીશ્વર મહારાજ અને સૂફી સંપ્રદાયની વૈશ્વિક બેઠક જેવા વિવિધ મુદ્દાને આવરી લેવાયા છે. (એજન્સી) ■

# પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હિન્દુ પ્રધાન પર હુમલો

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં એક હિન્દુ રાજ્ય પ્રધાન પર પ્રદર્શનકારીઓએ હુમલો કર્યો હતો. પ્રદર્શનકારીઓએ નવી નહેરોની યોજના વિરુદ્ધ રેલી કાઢી હતી.

પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના ધારાસભ્ય ખેલ દાસ કોહિસ્તાની કે જે ધાર્મિક બાબતોના રાજ્ય પ્રધાન છે તેઓ શનિવારે થટ્ટા જિલ્લામાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે તેમના કાફલા પર વિરોધીઓએ ટમેટા અને બટાટા ફેંક્યા હતા. જેમણે સંઘીય સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ હુમલામાં કોહિસ્તાનીને કોઇ ઇજા થઇ નથી.

રેડિયો પાકિસ્તાનના અહેવાલ અનુસાર વડા પ્રધાન શાહબાઝ શરીફે કોહિસ્તાનીને ફોન કર્યો હતો. તેમ જ તેમને ઘટનાની સંપૂર્ણ તપાસની ખાતરી પણ આપી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### રામબનમાં

હવામાન ખાતાએ કરાનો વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. આઈએમડીની કાશ્મીરની પાંખે કહ્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશમાં બપોરથી સાંજ સુધી વાદળ છવાયેલા રહેશે. મોટા ભાગના સ્થળોએ હલકાથી મધ્યમ વરસાદ પડી શકે. આ સાથે ગાજવીજ, કરાનો વરસાદ, વરસાદ અને જોરદાર પવન જોવા મળી શકે.

રામબન જિલ્લામાં થયેલા ભારે વરસાદને લીધે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિને કારણે ત્રણ વ્યક્તિનાં થયેલાં મોત અંગે જમ્મુ-કાશ્મીરના લે. ગવર્નર મનોજ સિંહા અને મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ શોક વ્યક્ત કર્યો હતો તો બીજી તરફ નાયબ મુખ્ય પ્રધાન સુરિન્દર ચૌધરી પરિસ્થિતિની સમીક્ષા કરવા અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચી ગયા હતા.

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુખ અબ્દુલ્લાએ કહ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને જરૂરી, સમયસરની અને પૂરતી સહાય આપી શકાય તે માટે અમે આર્થિક સહાય પૂરી પાડવાની કેન્દ્ર સરકારને વિનંતી કરીશું.

રવિવારે વહેલી સવારે થયેલા ભારે વરસાદને કારણે રામબન જિલ્લાના વિવિધ વિસ્તારમાં નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિમાં ત્રણ જણનાં મોત થયાં હતાં અને ૧૦૦ કરતાં પણ વધુ લોકોને સુરક્ષિત ઉગારી લેવામાં આવ્યા હતા.

સતત વરસેલા વરસાદને કારણે વ્યૂહાત્મક જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર નાશરી અને બનિહાલ વચ્ચે ડઝનેક સ્થળે ભેખડો ધસી પડવાની ઘટનાઓ પણ બની હતી જેને કારણે વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો.

રામબનમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ જણનાં કમનસીબ મોત થયાં હોવા અંગે સિંહાએ ખેદ વ્યક્ત કર્યો હતો અને અસરગ્રસ્તોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

અસરગ્રસ્તોને વહેલામાં વહેલી તકે રાહત પૂરી પાડી શકાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને રાહત ટુકડી કાર્યરત હોવાનું તેમણે કહ્યું હતું.

અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ સહાય કરવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું. સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં અબ્દુલ્લાએ કહ્યું હતું કે આ કરુણાંતિકાથી મને ખૂબ જ આઘાત લાગ્યો છે. રામબન જિલ્લામાં નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિને કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું અને મિલકતોને ભારે નુકસાન થયું હતું.

આ મુશ્કેલ સમયમાં મારી સહાનુભૂતિ અસરગ્રસ્તોના પરિવાર સાથે છે. અસરગ્રસ્તોને તાત્કાલિક રાહત મળે તેની ખાતરી કરવા અમે સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છીએ, એમ તેમણે કહ્યું હતું.

રિસ્ટોરેશન, રીલિફ અને રિપેરના પ્લાનની સમીક્ષા કરવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હાલને તબક્કે વર્તમાન પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરી વહેલામાં વહેલી તકે તેનો ઉકેલ લાવવો એ જ અમારી પ્રાથમિકતા છે.

વાહનવ્યવહારને લગતી જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરવાની અને અતિઆવશ્યક હોય તેવા સંજોગોમાં જ ઘરની બહાર નીકળવાની તેમણે લોકોને અપીલ કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન ચૌધરીએ કહ્યું હતું કે પરિસ્થિતિની સમીક્ષા કરવા હું રામબન જઈ રહ્યો છું. મુશ્કેલીના આ સમયમાં અમે અસરગ્રસ્તોની પડખે છીએ.

મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અસરગ્રસ્ત વિસ્તારમાં જવાના હતા, પરંતુ ફ્લાઈટ ડાઈવર્ઝનને કારણે તેઓ દિલ્હી મોડા પહોંચ્યા હોવાને કારણે એ શક્ય નહોતું બની શક્યું.

રામબન અને બનિહાલમાં ભારે નુકસાન થયું હોવાનું ફારુખ અબ્દુલ્લાએ કહ્યું હતું.

રાજ્ય સરકાર પ્રધાનોને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી રહી છે અને અસરગ્રસ્તોને યોગ્ય અને પૂરતી સહાય મળી રહે તે માટે આર્થિક સહાય આપવાની કેન્દ્ર સરકારને વિનંતી કરી છે, એમ તેમણે કહ્યું હતું.

રામબન જિલ્લાના સેરી બાન્ગા ગામમાં વાદળ ફાટ્યું હતું જેને કારણે બે ભાઈઓ સહિત ત્રણ વ્યક્તિનાં મોત થયાં હતાં.

ભારે વરસાદ, પવન, ભેખડો ધસી પડવાની ઘટના અને વાદળ ફાટવાને કારણે ખૂબ નુકસાન થયું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### અમદાવાદની વીએસ

અને દોષિત ઠરનારા તમામ સામે કાર્યવાહી કરવામાં આવશે.

તપાસ સમિતિના સભ્ય ડોકટરે જણાવ્યું હતું કે વીએસ હૉસ્પિટલમાં ક્લિનિકલ ટ્રાયલ્સને મંજૂરી આપવા માટે જવાબદાર એથિકલ કમિટીએ ગેરકાયદે રીતે રચાયેલી હતી, કારણ કે તે સત્તાવાર રીતે અધિકૃત ન નથી. એસવીપી હૉસ્પિટલના નિર્માણ પછી વીએસ હૉસ્પિટલમાં એથિકલ કમિટીની રચના કરવામાં આવી હતી, જો કે તેના માટે જરૂરી મંજૂરીઓ ન હતી. આ ટ્રાયલ માટે કોઈ ઔપચારિક પરવાનગી લેવામાં આવી ન હતી.

પ્રેસ કોન્ફરન્સમાં જણાવવામાં આવ્યું હતું કે હૉસ્પિટલમાં લગભગ ૫૦૦ દર્દીઓ પર ૫૭ થી વધુ ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યા હતા, જેનો કોઈ રેકોર્ડ રાખવામાં આવ્યો ન હતો. જો કે, આ ગેરરીતીના ખુલાસા બાદ, ક્લિનિકલ ટ્રાયલ્સમાં સામેલ ફાર્માસ્યુટિકલ કંપનીઓના સાઇટ મેનેજમેન્ટ ઓફિસર્સ (એસએમઓ) પાસેથી માહિતી એકઠી કરવામાં આવી હતી.

તપાસમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે વીએસ હૉસ્પિટલમાં જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓના પાલન વિના વર્ષ ૨૦૨૧ થી ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહી છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે હૉસ્પિટલના બોર્ડ પાસેથી કોઈ મંજૂરી લેવામાં આવી ન હતી, અને ટ્રાયલ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા દ્વારા નિર્ધારિત નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

એવા પણ આરોપો છે કે પૂર્વ સુપરિન્ટેન્ડેન્ટની સહી મેળવીને અને જરૂરી પ્રોટોકોલની અવગણના કરીને ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યા હતાં. કૌભાંડનો ખુલાસો થયા બાદ ખળભળાટ મચી ગયો છે. એક મીડિયા અહેવાલ મુજબ વીએસ હૉસ્પિટલ સાથે જોડાયેલી એનએચએલ મેડિકલ કૉલેજનાં ફાર્મોકોલોજી વિભાગનાં હેડ પ્રોફેસર સુપ્રિયા મલ્હોત્રાએ આ મામલે સ્પષ્ટતા કરી કરી હતી. એક મીડિયા સંસ્થાના અહેવાલ મુજબ પ્રોફેસર મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ કંપનીઓ તબીબોને ક્લિનિકલ ટ્રાયલ માટે અપીલ કરે છે. અપીલ બાદ એથિકલ કમિટીને જણાવવામાં આવે છે. એથિકલ કમિટી જાણ કરે છે તે બાદ જ દર્દી પર ટ્રાયલ કરવામાં આવે છે. ટ્રાયલ માટે દર્દીની સહમતી લેવામાં આવે છે.

કોલેજનાં ડીન ચેરી શાહે મીડિયા સંસ્થાને જણાવ્યું હતું કે, તપાસમાં ૫૭ થી ૫૮ કંપનીઓ માટે ક્લિનિકલ ટ્રાયલ કરી હોવાનું જાણવા મળ્યું છે. દરેક ડોક્ટરો પાસેથી પણ માહિતી મંગાવવામાં આવી છે કે કેટલા ટ્રાયલ થયા છે. તપાસ હજુ અધૂરી છે, વધુ તપાસ કરવામાં આવશે અને તે બાદ આ કાર્યવાહી કરવામાં આવશે.

### વક્ફ કાયદો

છે તેનું અમે અનુસરણ કરીશું અને વક્ફ કાયદાનો વિરોધ કરવાનું ચાલુ રાખીશું. વક્ફ એમેન્ડમેન્ટ ઍક્ટ પાછો ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી અમે દેશભરમાં શાંતિપૂર્ણ વિરોધપ્રદર્શન કરવાનું ચાલુ રાખીશું, એમ તેમણે કહ્યું હતું.

ઉપસ્થિત પ્રેક્ષકોને તેમણે સવાલ કર્યો હતો કે શું તમે લાંબાગાળાના લોકશાહી યુદ્ધ માટે તૈયાર છો? જો તમે તૈયાર છો તો તમે પોતાની જાતને વચન આપો કે આ કાળો કાયદો પાછો ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી વિરોધ કરવાનું ચાલુ રાખીશું અને પીછેહઠ નહીં કરીએ.

ભાજપશાસિત રાજ્યોમાં ટ્રિપલ તલાક, સીએએ અને ધર્મપરિવર્તન કાયદાના અમલનો ઉલ્લેખ કરતાં ઔવૈસીએ આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લાં ૧૧ વર્ષથી મુસ્લિમોની ધાર્મિક ઓળખ પર હુમલો કરી રહ્યા છે.

હવે યુનિફોર્મ સિવિલ કોડ (સમાન નાગરિક ધારા)ના નામે મોદી સરકાર અમારી પાસેથી શરિયત કાનૂન પણ છીનવી લેવા માગે છે.

તેમણે દાવો કર્યો હતો કે વક્ફ એમેન્ડમેન્ટ બિલમાંથી દાઉદી વોહરાની બાદબાકી મુસ્લિમ સમુદાયને વિભાજિત કરી નબળું પાડવાનું પગલું છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ બંધારણની અવગણના કરી ધાર્મિક યુદ્ધનું જોખમ ઊભું કરી રહ્યો છે.

કાયદાના અમલના વિરોધમાં પહેલી જૂને હૈદરાબાદમાં ધરણા કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### આજે મોદી-વાન્સ

દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે વાટાઘાટો કરી રહ્યા છે, જેમાં ટૅરિફ અને બજાર એક્સેસ સહિતના અનેક મુદ્દાઓને સંબોધવામાં આવે તેવી અપેક્ષા છે. આ બાબતથી પરિચિત સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી પહોંચ્યાના અમુક કલાકો બાદ વાન્સ અને તેનો પરિવાર સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની મુલાકાત લેશે. તેમ જ પરંપરાગત ભારતીય હેન્ડક્રાફ્ટેડ વસ્તુઓ વેચતા શોપિંગ કોમ્પ્લેક્સની મુલાકાત લઇ શકે છે.

પાલમ એરબેઝ પર વાન્સના આગમન પર એક વરિષ્ઠ કેન્દ્રીય કેબિનેટ પ્રધાન તેમનું સ્વાગત કરશે. દિલ્હી ઉપરાંત વાન્સ અને તેનો પરિવાર જયપુર અને આગ્રાની મુલાકાત લેશે. સોમવારે સાંજે ૬-૩૦ વાગ્યે વડા પ્રધાન મોદી તેમના ૭ લોક કલ્યાણ માર્ગ સ્થિત નિવાસસ્થાને વાન્સ અને તેમના પરિવારનું સ્વાગત કરશે, ત્યારબાદ સત્તાવાર વાતચીત કરશે. ઉપરોક્ત સૂત્રોના જણાવ્યા મુજબ આ બેઠકનું ફોકસ પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારને જલ્દી અંતિમ સ્વરૂપ આપવાની સાથે સાથે બંને દેશો વચ્ચેના સંબંધોને એકંદરે વધારવાના માર્ગો પર કેન્દ્રિત રહેવાની શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વડા પ્રધાન મોદીના વડપણ હેઠળ ભારતીય પ્રતિનિધિમંડળમાં વિદેશ પ્રધાન એસ જયશંકર, એનએસએ અજિત ડોભાલ, વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી અને અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાનો સમાવેશ થવાની અપેક્ષા છે. ચર્ચા પછી મોદી, વાન્સ અને તેમની સાથે આવેલા અમેરિકન અધિકારીઓ માટે રાત્રિભોજનનું આયોજન કરશે. સોમવારે રાત્રે વાન્સ અને તેનો પરિવાર જયપુર જવા રવાના થશે. ઇટાલીની યાત્રા પૂર્ણ કર્યા પછી વાન્સ દિલ્હી આવી રહ્યા છે.

### મણિપુરમાં

(તૈબાન્ગન્બા)ના એક સભ્યની શુક્રવારે બિષ્ણુપુર જિલ્લાના નિન્ગથોખોન્ગ વોર્ડ નબર ૧૩માં ધરપકડ કરી હતી., એ જ દિવસે પ્રતિબંધિત કેસીએફ (એમએફએલ)ના બે કાર્યકર્તાની ઈમ્ફાલ વેસ્ટ જિલ્લાના સલામ મામન્ગ લૈકાઈ ખેટ્ટઈ લામ્પકમાંથી ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ કહ્યું હતું કે આ બન્ને પણ ખંડણીમાં કથિત રીતે સંડોવાયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રાજ્યની પોલીસે પ્રતિબંધિત પ્રેપાક (પીઆરઓ)ના એક કાર્યકર્તાની ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના ખામેગીહૈબોન્ગ મખોન્ગ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પ્રતિબંધિત કાન્ગ્લેઈ યાવોલ કાન્ના સુપ (કેવાયકેએલ)ના એક કાર્યકર્તાને ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી પકડવામાં આવ્યો હતો. યુનાઈટેડ પીપલ્સ પાર્ટી ઑફ કાન્ગ્લેપાકના સભ્યની ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી. પ્રતિબંધિત પ્રેપાકના એક સક્રિય કાર્યકર્તાની ઈમ્ફાલ પૂર્વના સાન્જેનબાન શાન્ગશાબી ગામમાંથી ધરપકડ કરવામાં આવી હતી. મણિપુર પોલીસ અને બીજા સુરક્ષા દળો મે ૨૦૨૩ની વાંશિક હિંસા બાદ આખા રાજ્યમાં શોધ અભિયાન ચસલાવે છે. મે ૨૦૨૩થી મેતીસ અને કુકી-ઝો જૂથની વાંશિક લડાઈમાં ૨૫૦થી વધારે લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર થઈ ગયા છે.

મુખ્ય પ્રધાન એન. બિરેન સિંહે રાજીનામું આપ્યા બાદ કેન્દ્રે રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાદ્યું હતું. ૨૦૨૭ સુધીની મુદત ધરાવતી રાજ્ય વિધાનસભાને સુષુપ્ત અવસ્થામાં રખાઈ છે. (એજન્સી)

### અમેરિકામાં

નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. એનટીએસબીના અહેવાલ મુજબ પ્રારંભિક માહિતી દર્શાવે છે કે વિમાન વીજળીના તાર સાથે અથડાયું હતું. ગવર્નર જેબી પ્રિટ્ઝકરે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે કોલ્સ કાઉન્ટીમાંથી ભયાનક સમાચાર છે. તેમણે કહ્યું કે તેમનું વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને અમે આજે વિમાન દુર્ઘટનાથી પ્રભાવિત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. ■

### કૅનેડાના

દીવાન સોસાયટીએ જણાવ્યું હતું કે અમુક ભાગલાવાદી શીખોએ જ ગુરુદ્વારાને અપવિત્ર કર્યું હતું. ખાલિસ્તાનવાદીઓ અહીંના લોકોની એકતા તોડવા માગે છે અને કેનેડામાં આવા કૃત્ય કરતા રહે છે. દરેક સમાજે બધાનું સન્માન, ગૌરવ જાળવવાની જરૂર છે. ઉગ્રતાવાદનો બધાએ એક થઇને સામનો કરવો જોઇએ.

વેન્કુવર પોલીસના પ્રવક્તા સ્ટીવ એડિશને જણાવ્યું હતું કે ગુરુદ્વારાની દીવાલ પર શનિવારે 'મુર્દાબાદ' લખાયું હતું.

પોલીસે હજી સુધી કોઇ શંકાસ્પદ વ્યક્તિને નથી પકડી, પરંતુ તપાસ કરી રહી છે. (એજન્સી) ■

### બંગાળના હિંસાગ્રસ્ત

છે. જેણે ૧૨ એપ્રિલના રોજ મૃતકના ઘરમાં તોડફોડ કરવા અને હરગોબિંદો દાસ અને તેના પુત્ર ચંદન દાસની હત્યા કરવા માટે ટોળાને ઉશ્કેર્યું અને કાવતરું ઘડ્યું હતું. તેમણે કહ્યું કે પોલીસ પાસે ૧૨ એપ્રિલના રોજ અપરાધ સ્થળે તેની હાજરી સાબિત કરવા માટે તમામ પુરાવા, સીસીટીવી ફૂટેજ અને તેના મોબાઇલ ફોન ટાવરનું લોકેશન છે. અગાઉ પોલીસે બે ભાઇઓ કાલુ નાદર અને દિલદાર અને ઇંઝમામ ઉલ હકની બંનેની હત્યામાં સંડોવણીના આરોપસર ધરપકડ કરી હતી. અધિકારીએ જણાવ્યું કે અમે મુર્શિદાબાદ હિંસાના કેસમાં ૧૦૦થી વધુ એફઆઇઆર નોંધી છે. તેમજ અત્યાર સુધીમાં આ મામલે અમે ૨૭૬ લોકોની ધરપકડ કરી છે. નોંધનીય છે કે વક્ફ કાયદામાં સુધારાને લઇને તાજેતરના વિરોધ પ્રદર્શનો દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. ■

### કર્ણાટકમાં

કર્યો હતો કે અમને પરીક્ષામાં બેસતા પહેલાં જનોઈ કાપીને દૂર કરવાની સૂચના આપી હતી, પરંતુ જો તેમ ન કરીએ તો પરીક્ષામાં બેસવા નહિ દેવાય એવી ચીમકી અપાઇ હતી. બિદર જિલ્લાના ડેપ્યુટી કમિશનરને વિદ્યાર્થીની ફરિયાદને પગલે સત્તાવાળાઓ પાસેથી આ સંબંધમાં ખુલાસો માગ્યો હતો. આ ઘટનાના સંબંધમાં સાઈ દીપ એજ્યુકેશન ઍન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને સાઈ પીયુ કૉલેજના સબ-ડિવિઝન આસિસ્ટન્ટને બરતરફ કરાયા હતા. ગડગ જિલ્લાના હલાકેરીમાં અને ધારવાડમાં બ્રાહ્મણ પરીક્ષાર્થીઓની જનોઈ તોડીને કચરાપેટીમાં નાખી દેવાઇ હતી. ધારવાડમાં એક બ્રાહ્મણ વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે આ ઘટનાને પગલે મને બહુ માનસિક તકલીફ થઇ હતી અને હું પરીક્ષા બરાબર આપી નહોતો શક્યો. (એજન્સી) ■

### ન્યૂ યોર્ક, વૉશિંગ્ટન

બે પૌત્રની સાથે રેલીમાં જોડાયા હતા. તેમણે જણાવ્યું હતું કે હું ઇચ્છું છું કે મારા પૌત્રો આ દેશની સ્વતંત્રતાની ચળવળ અંગે કંઇક શીખે. ડેનવેરમાં કોલોરાડો સ્ટેટ કેપિટલની ઇમારત ખાતે સેંકડો દેખાવકારો ટ્રમ્પ-વિરોધી બેનર્સ લઇને દેખાવમાં જોડાયા હતા. અમુક લોકોએ પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા અમેરિકાનો રાષ્ટ્રીયધ્વજ ઊંધો પકડ્યો હતો. સેન ફ્રાન્સિસ્કોમાં તો દેખાવકારોએ ટ્રમ્પની સામે 'મહાભિયોગ'ની કાર્યવાહી ચલાવવા માગણી કરી હતી. ઓરેગોનના ડાઉનટાઉન પોર્ટલૅન્ડ ખાતે હજારો લોકોએ સરકારના વિરોધમાં કૂચ કરી હતી. (એજન્સી) ■

### બંગાળની હિંસા

મળ્યા હતા અને આપવીતી સાંભળી હતી. તેમણે જણાવ્યું હતું કે અમે હિંસાગ્રસ્ત વિસ્તારોમાંની ઘણી મહિલાઓની સમસ્યા સાંભળી હતી. હિંસાને લીધે તેઓના મનમાં બહુ ડર પેસી ગયો છે. રાજ્ય સરકારે અસરગ્રસ્તોમાં વિશ્વાસ ફરી પેદા કરવા અને શાંતિ સ્થાપવા ઝડપી પગલાં લેવાની જરૂર છે. મહિલા પંચના સંબંધિત અહેવાલની નકલ કેન્દ્ર ઉપરાંત પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ અને ડીજીપીને મોકલાશે. (એજન્સી) ■

# મેડિકલ કૉલેજમાં પ્રવેશને નામે બે જણ સાથે ₹ ૭૭.૬૧ લાખની છેતરપિંડી: છ સામે ગુનો

## બન્ને ફરિયાદીને નેરુળની પ્રતિષ્ઠિત મેડિકલ કૉલેજમાં એડ્‌મિશનના બોગસ દસ્તાવેજો આપવામાં આવ્યા

થાણે: નવી મુંબઈની મેડિકલ કૉલેજમાં મૅનેજમેન્ટ ક્વોટામાં પીજી કોર્સ માટે સીટ ફાળવવાને નામે છત્તીસગઢ અને બેંગલુરુના બે જણ પાસેથી ૭૭.૬૧ લાખ રૂપિયા પડાવીને કથિત છેતરપિંડી કરવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રકરણે નવી મુંબઈની નેરુળ પોલીસે છ જણ વિરુદ્ધ બે અલગ ગુના નોંધ્યા હતા.

છત્તીસગઢના ૫૯ વર્ષના રહેવાસીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે છ આરોપીએ તેની દીકરીને નેરુળની પ્રતિષ્ઠિત મેડિકલ કૉલેજમાં જનરલ સર્જરી કોર્સમાં પોસ્ટગ્રેજ્યુએટ માટેની સીટ મેળવી આપવાની ખાતરી આપી હતી. આ માટે મે, ૨૦૨૨થી ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી ૧.૨૭ કરોડ રૂપિયા લીધા હતા. બાદમાં ફરિયાદીને એડ્‌મિશન કન્ફર્મેશન મેસેજીસ, જોઈનિંગ લેટર અને કૉલેજના દસ્તાવેજો આપવામાં આવ્યા હતા, જે બોગસ હોવાનું જણાયું હતું, એમ નેરુળ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

જોકે બાદમાં કૉલેજ એડ્‌મિશન અંગે ફરિયાદીએ પૂછતાં આરોપીએ ૮૫ લાખ રૂપિયા પાછા આપ્યા હતા, જ્યારે બાકીના ૪૨ લાખ રૂપિયા તે ચૂકવી શક્યા નહોતા. વારંવાર માગણી કરવા છતાં ફરિયાદીને બાકીની રકમ ન મળતાં તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

આરોપીએ પ્રવેશ સંબંધી લેટર આપવા માટે કૉલેજના બોગસ લેટરહેડનો ઉપયોગ કર્યો હતો. એ લેટર કાયદેસરનો હોવાનું દર્શાવી ફરિયાદીને ગેરમાર્ગે દોર્યો હતો. આ નિયોજનબદ્ધ કાવતરું હોવાનું સૂચવે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ જ રીતે છેતરપિંડી કરવાનો બીજો કેસ પણ પોલીસ સમક્ષ આવ્યો હતો, જેમાં પહેલા કેસના છમાંથી ત્રણ આરોપી સંડોવાયેલા હોવાનું જણાયું હતું. બીજા કેસમાં બેંગલુરુના ૫૪ વર્ષના રહેવાસીના ભત્રીજાને નેરુળની જ કૉલેજમાં એમડી એનેસ્થેસિયા કોર્સમાં પ્રવેશની ખાતરી આપી ૩૫.૬૧ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

# ૮૦ વર્ષના દાદીનો અનોખો અવતાર ‘ જય માતાજી લેટસ રોક ’ ના ટ્રેલરે મચાવી ધમાલ... ફિલ્મ ૯ મે થી સિનેમાઘરોમાં




ગુજરાતી ફિલ્મોના સુપર સ્ટાર મલ્હાર ઠાકર, ટીકુ તલસાણીયા, શેખર શુક્લા, વંદના પાઠક, નીલા મુલ્હેરકર અને વ્યોમા નંદિ જેવા સ્ટાર સાથે ૯ મેના રોજ રીલીઝ થવા જઈ રહેલી ફિલ્મના માતૃગૃહ ખાતે પોસ્ટર લોન્ચ બાદ લોકો ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. ફેમીલી ફિલક્સના બેનર હેઠળ એન અમદાવાદ ફિલ્મસ પ્રોડકશન દ્વારા પ્રોડયુસ કરવામાં આવેલ ફિલ્મના દિગ્દર્શક છે મનીષ સૈની , નિર્માતા સિધ્ધાર્થ વડોદરીયા, કાજલ વડોદરીયા અને રવિન્દ્ર સંઘવી છે. ફિલ્મના ડાયલોગ મનીષ સૈની, નિરેન ભટ્ટ દ્વારા લખવામાં આવેલ છે.

ફિલ્મના એસોસીયેટ પ્રોડયુસર છે અનિરૂધ્ધસિંહ રહેવર. ઉત્કર્ષ મઝમુદાર, આર્યન પ્રજાપતિ, શીલ્પા ઠાકર જેવા કલાકારો એ પણ ફિલ્મમાં અભિનય કરેલ છે. ફિલ્મનું મ્યુઝીક અંચિત ઠક્કર અને અજય જયંતિ દ્વારા આપવામાં આવેલ છે, ગીતો ભાર્ગવ પુરોહિતના છે. તા. ૨૦ એપ્રિલના રોજ ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયુ છે જે જોતા કોઈ સરકારી યોજનાથી ઉથલ પાથલ થયેલ એક ૮૦ વર્ષના દાદીની વાત હોઈ તેવુ લાગે છે.

ફિલ્મ વિષે વાત કરતા દિગ્દર્શક મનીષ સૈની એ જણાવ્યુ કે, આ ફિલ્મ સામાજીક ગુંચવણ અને પારિવારીક સબંધોના તાણાવાણાથી ગુંથાયેલ છે. ફિલ્મની વાર્તા હાસ્ય સાથે આગળ વધતાં પારિવારીક લાગણીઓ વિંધતી સમાજના આજના અરીસાને બતાવી વિચારવા મજબુર કરશે. ૮૦ વર્ષના દાદી પોતાની જીંદગી પોતાની શરતો ઉપર જીવવા તૈયાર છે, ફિલ્મનુ ટ્રેલર આપણને હસાવતા હસાવતા વિચારવા મજબુર કરે છે. અર્થસભર સંદેશ સાથેની પારિવારીક ફિલ્મ ૯મે થી આપના નજીકના સિનેમાઘરોમાં

**મલ્હાર ઠાકર અને ટીકુ તલસાણીયા સહિતની સ્ટાર કાસ્ટ સાથે હાસ્ય અને લાગણીઓથી ભરપુર થાળી**




**રી-સ્ટાર્ટ....** મુંબઈ મેટ્રોના કામને કારણે ઘણાં વર્ષોથી હુતાત્મા ચોક બસ સ્ટોપ બંધ પડ્યું હતું જે હવે ફરીથી શરૂ કરવામાં આવ્યું છે. (અમય ખરાડે)

# નકલી પનીર વેચનારાઓની ખેર નથી: એફડીએ લાઇસન્સ જ રદ કરશે

મુંબઈ: ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ નકલી પનીર કે એવા ચીઝની પ્રોડક્ટના ઉપયોગ કે વેચાણ કરનારાઓ સામે કડક પગલાં લેવાનો નિર્ણય કર્યો છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના પ્રધાન નરહરિ ઝિરવાળે ચેતવણી આપી છે કે જો સંબંધિત વેપારીઓ પનીર જેવા નકલી ખોરાક પદાર્થ વેચતા પકડાશે તો તેમના લાઇસન્સ રદ કરવામાં આવશે.

ખાવાના શોખીનો અને ખાસ કરીને બાળકો મોટી સંખ્યામાં પનીરના ઉપયોગવાળી ડિશ પસંદ કરતા હોય છે. જોકે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગની તપાસમાં જાણવા મળ્યું છે કે કેટલીક જગ્યાએ નકલી પનીર અને એવા પનીરની પ્રોડક્ટનો ઉપયોગ કરીને ગ્રાહકોને છેતરવામાં આવી રહ્યા છે. આ રીતે ગ્રાહકોને છેતરનારા વિક્રેતાઓ સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ તેમજ ૨૦૧૧ અને ૨૦૨૨ના નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે એવી ચેતવણી ઝિરવાળે આપી છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ૨૦૦૬ની કલમ ૧૮(૨)(ઈ)માં ગ્રાહકોને ખાદ્ય પદાર્થોમાં રહેલા ઘટકો વિશે માહિતગાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સિવાય ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લેબલિંગ અને ડિસ્પ્લે) રેગ્યુલેશન્સ ૨૦૨૦ ના પ્રકરણ ૩ ના રેગ્યુલેશન ૯ (૬) અનુસાર, ખાદ્ય વ્યાવસાયિકોએ ખાદ્ય ચીજોનું વેચાણ કરતી વખતે પોષણ સંબંધિત અને તેના ઘટકો, તેમજ આરોગ્ય સંદેશાઓ વિશેની માહિતી પ્રદર્શિત કરવી જરૂરી છે. એ જ રીતે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લેબલિંગ અને ડિસ્પ્લે રેગ્યુલેશન) રૂલ્સ, ૨૦૨૦ મુજબ, રેસ્ટોરાં, હોટેલ્સ, કેટરર્સ અને ફાસ્ટ ફૂડ વિક્રેતાઓએ તેમના મેનુ કાર્ડ્સ, ડિસ્પ્લે બોર્ડ અને ઓર્ડર મશીનો પર સચોટ માહિતી રજૂ કરવાની રહેશે. ગ્રાહકો સાથે છેતરપિંડી જોવા મળશે તો તેમની સામે કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. ■

# કૉંગ્રેસના માજી વિધાનસભ્ય મત-વિસ્તારના વિકાસ માટે ભાજપમાં જોડાશે

પુણે: મહારાષ્ટ્રના પુણે જિલ્લાના ભોર મતવિસ્તારના કૉંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ વિધાનસભ્ય સંગ્રામ થોપટેએ રવિવારે કહ્યું હતું કે પોતાના વિસ્તારમાં વિકાસ થાય એ માટે ભારતીય જનતા પક્ષમાં - ભાજપમાં જોડાશે.

ભોરમાં એક રેલીને સંબોધિત કરતા તેમણે કહ્યું કે મતવિસ્તારમાં વિકાસ માટે શાસક પક્ષ સાથે જોડાણ કરવું એ એકમાત્ર વિકલ્પ છે એવું તેમના ટેકેદારોનું માનવું છે. તેમણે શનિવારે પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ હર્ષવર્ધન સપકાળને રાજીનામું આપ્યું હતું. મીડિયાકર્મીઓ સાથે વાત કરતા થોપટેએ જણાવ્યું હતું કે ‘૨૨ એપ્રિલે હું મુંબઈમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં ભાજપમાં જોડાઈશ. ભોરની જનતા મારા નિર્ણયને ટેકો આપે છે. દરેક જણ મને વિકાસ કરવા માટે ભાજપમાં જોડાવા કહી રહ્યું છે.’

કૉંગ્રેસ દ્વારા અનેક વખત અવગણના કરવામાં આવી હોવાનો દાવો કરી તેમણે જણાવ્યું હતું કે ‘હું ૨૦૧૯થી નારાજ છું કારણ કે મને આગળ આવવા દેવામાં નહોતો આવતો. મેં ઘણા નેતાઓને વિનંતી કરી હતી કે ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણી દરમિયાન મને ટેકો આપવા માટે એક સભાનું આયોજન કરવામાં આવે, પરંતુ કોઈ આવ્યું નહીં. (પીટીઆઈ)■

**કાર્યવાહી માટે માન્ય મંજૂરીનો અભાવ**

# મીરા-ભાયંદર પાલિકાના અધિકારીનો લાંચ કેસમાં છુટકારો

થાણે: પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ કાર્યવાહી માટે માન્ય મંજૂરીનો અભાવ જણાવતા થાણેની અદાલતે મીરા-ભાયંદર પાલિકાના એક અધિકારીને ભ્રષ્ટાચારના કેસમાંથી મુક્ત કર્યો હતો.

ચોથી એપ્રિલ આપેલા ચુકાદામાં સેશન્સ કોર્ટે કહ્યું હતું કે પાલિકાની મંજૂરી વગર આસિસ્ટન્ટ કમિશનરથી ઉચ્ચ રેન્કના અથવા સમાન પદ પર કામ કરનારા પાલિકાના અધિકારીને પાલિકા કમિશનર બરતરફ કરી શકે નહીં. આ ચુકાદાની નકલ શનિવારે ઉપલબ્ધ થઇ હતી.

ડો. વિષ્ણુકાંત એન. શર્માએ કરેલી ફરિયાદ પ્રમાણે આરોપી ડો. પ્રકાશ હરિશચંદ્ર જાધવે પાલિકામાં મેડિકલ અધિકારી રીતે શર્માની નિમણૂક કરવા તેની પાસેથી દારૂની ઘણી બોટલોની માગણી કરી હતી. ■

# થાણે-બોરીવલી ટનલ પ્રોજેક્ટ: રહેવાસીઓ ચિંતાગ્રસ્ત

થાણે: શહેરના પૂર્વ અને પશ્ચિમ પરાને જોડતા મહત્ત્વાકાંક્ષી થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટને સ્થાનિકોના વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં હાજર રહેલા સેંકડો લોકોએ પ્રોજેક્ટનો વિરોધ કર્યો. ૧૬,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર ૧૧.૮ કિલોમીટર લાંબી ટનલ મુંબઈના ઉત્તર છેડે આવેલા બોરીવલી અને થાણે વચ્ચેનું અંતર ૧૨ કિલોમીટર ઘટાડશે, જેના પરિણામે અત્યારનો મુસાફરીનો બે કલાક જેટલો સમય ઘટીને મિનિટોમાં થઇ જશે. ગયા વર્ષે ૧૩ જુલાઈના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. શનિવારે યોજાયેલી એમએમઆરડીએ મીટિંગમાં, માનપાડાના મુલ્લા બાગમાં રહેણાંક સોસાયટીઓના સેંકડો રહેવાસીઓએ સલામતી, આયોજન અને પર્યાવરણીય સુરક્ષા સંબંધિત સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો. (પીટીઆઈ)■

# ખેડૂત વિરોધી નીતિઓએ દંપતીનો જીવ લીધો: કૉંગ્રેસ

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળનો દાવો છે કે પરભણીમાં એક યુવાન ખેડૂત દંપતીએ આત્મહત્યા કરી છે અને તેમના મૃત્યુ માટે સરકારની “ખેડૂત વિરોધી“ નીતિઓને જવાબદાર ઠેરવી છે.

કૃષિ પેદાશોના ભાવ ઘટવાને કારણે, ખેડૂતો પર દેવાનો બોજ વધી રહ્યો છે. વધુમાં, કૃષિ લોન માફીના “ખોટા વચન” એ દેવાદાર ખેડૂતોને વધુ નિરાશ કર્યા છે, સપકાળે શનિવારે રાત્રે એક્સ પર એક પોસ્ટમાં વધુમાં દાવો કર્યો હતો. કૉંગ્રેસ નેતાએ આરોપ લગાવ્યો કે દેવેન્દ્ર ફડણવીસ સરકારે ખેડૂતો સાથે આ ભયંકર “છેતરપિંડી” કરી છે.

માલસોના (પરભણી) ના યુવાન ખેડૂત દંપતી, સચિન બાલાજી જાધવ અને તેમની સાત મહિનાની ગર્ભવતી પત્ની જ્યોત્સના સચિન જાધવની આત્મહત્યા એક “હત્યા” છે. “હું ખેડૂતોના જીવ લેવા બદલ સરકારની નિંદા કરું છું,” તેમણે કહ્યું. (પીટીઆઈ)■



## છેલ્લા પાનાનું ચાલુ

### ભાયંદરમાં સ્પોર્ટ્સ

પાલિકા સંચાલિત સ્વ. ગોપીનાથ મુંડે સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં સમર કેમ્પ નિમિત્તે ગ્રંથ સ્વિમિંગ શીખવા જોડાયો હતો. ગ્રંથ તેના મિત્ર પાર્થ વ્યાસ સાથે જતો હતો. રોજ તેમનો બૅચ સાંજે સાતથી આઠ વાગ્યા દરમિયાન હોય છે, પરંતુ રવિવારે સવારે અગિયાર વાગ્યાનો બૅચ હતો. રવિવારે સવારે પાર્થના પિતા દીપેશ વ્યાસ પાર્થ અને ગ્રંથને સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં છોડવા ગયા હતા. બન્નેને અંદર મૂકીને દીપેશ બહાર જ ઊભો હતો.

થોડા સમય પછી એક છોકરાએ આવીને દીપેશને ગ્રંથ સ્વિમિંગ પૂલમાં ડૂબી ગયો હોવાની જાણ કરી હતી. બેભાન બાળકને સૌપ્રથમ દીપક હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. બાળકની તબિયત નાજુક હોવાથી તબીબે તેને તુંગા હૉસ્પિટલ લઈ જવાની સલાહ આપી હતી.

જોકે તુંગા હૉસ્પિટલમાં દાખલ કરતાં પૂર્વે જ તેને મૃત જાહેર કરાયો હતો. સ્વિમિંગ પૂલ પાસેના લાઈફ ગાર્ડ્સની બેદરકારીથી ગ્રંથનો જીવ ગયો હોવાનો દાવો તેના વડીલે કર્યો હતો.

### પાલઘરમાં ડેમ અને

રહેતો વિદ્યાર્થી સાગર મર્દે (૧૮) શનિવારે મિત્રો સાતે સ્થાનિક કેનાલમાં તરવા ગયો હતો. પાણીના વેગ સાથે તે તણાઈ ગયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનોએ સર્ચ ઑપરેશન હાથ ધરી લગભગ ૧૦૦ મીટરના અંતરેથી તેના મૃતદેહને શોધી કાઢ્યો હતો. બન્ને ઘટનામાં પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૨૮-એ)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૭૦૫)

### ૧૪. નોકરી ખાલી છે

**લીડર**
**ક્રિપ્ટો તથા ફોરેક્સના MLM માર્કેટિંગ માટે અનુભવી લીડર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૩)**

**સેલ્સમેન મિત્રો (સ્ટાફ) જોઈએ છે**
સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ હોમ એપ્લાયંસીસના શો રૂમો માટે સ્ટે. સ્ટીલ, થર્મોવેર, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક હાઉસવેર તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનના મહેનતી ઈમાનદાર કામ પ્રત્યે ધગશવાળા અનુભવી/ બિનઅનુભવી ઉં.વ. ૧૮ થી ૪૦ સુધીના જે કસ્ટમરને પ્રોડક્ટ વિશે સારી રીતે સમજાવી શકે તેવા સેલ્સ યુવાનો / યુવતીઓ તુરંત જોઈએ છે. તદ્ઉપરાંત હેલ્પરમિત્રો તેમજ પી.આર. ઓ.ના કામ માટે યુવતી જોઈએ છે. ફ્રેશ યુવાનો / યુવતીઓને એક સારા માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ મળશે. સારો પગાર, સારી ફેસીલીટી સાથે ભવિષ્યમાં આગળ વધવાની એક સારી તક. બાયોડેટા, ફોટોગ્રાફ સાથે રૂબરૂ, સંપર્ક કરો. (રેફરંસ જરૂરી) મહાવીર ધ હોમ સ્ટોર, માચીસવાલા કંમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. અરવિંદભાઈ હરીયા - ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ગાલા - ૭૫૦૬૭૫૨૩૭૫ (મળવાનો સમય : ૨ થી ૭). (એસડીબી-૨૫૬૫)

REQUIRED SALES PERSON and Sales Girls for a Reputed Jewelers of Chembur. Salary as per their experience between 15000 - 40000 or more. Must know Gujarati, Marathi, Hindi and English. Contact : 9820213756. (B-15869)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ (ઈસ્ટ)**
**સાતીવલી, એનએચ 48, ઈન્ડસ્ટ્રીઅલ ગાળા 727' થી 4609' (RC) ગ્રાઉન્ડ, પહેલા, બીજા માળે, 16' હાઈટ, 1.5 ટન લીફ્ટ, OC. 8850050642 / 7304665227. (૧૫૮૪૦-એ)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૫. શૈક્ષણીક

**ઘેર બેઠા ગ્રેજ્યુએટ**
10th, 12th, ગ્રેજ્યુએશન, MBA, જોબ, સ્ટડી એબ્રોડ 8369756947. (૧૫૮૨૦-એ)

### ૩૧. નાણાંકીય

**■ શેરબજાર તથા ફોરેક્સમાં રોબર્ટ ટ્રેડિંગ દ્વારા સારું વળતર મેળવો - 8758768118. (બી-૧૫૮૬૨)**

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

### ૩૩. ધંધાદારી

**■ દુબઈ તથા બેંગકોકમાં નવા બિઝનેસના સ્ટાર્ટઅપ માટે ઈન્વેસ્ટર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૧)**

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલિસ્ટ) 9372024547. (ઘાટકોપર). (બી-૧૫૭૩૯)

**શ્રીનાથજી જ્યોતીષ**
**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-બી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૮૩૬)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


### ચૂંટણી અને ઈવીએમ

ફરિયાદને આધારે કાસલે વિરુદ્ધ ફરી ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધવામાં આવ્યો છે. ગયા વર્ષના નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી પછી બીડના પરળી વિધાનસભા ક્ષેત્ર માટે ઉપયોગમાં લેવાયેલાં ઈલેક્ટ્રોનિક વૉટિંગ મશીન (ઈવીએમ), વીવીપેટ અને કન્ટ્રોલ યુનિટ્સ સ્ટ્રોન્ગ રૂમમાં રાખવામાં આવ્યાં હતાં, એવું એફઆઈઆરમાં જણાવાયું છે.

૧૮ એપ્રિલે ચૂંટણી અધિકારીને એક વીડિયો મળ્યો હતો, જેમાં કાસલેએ દાવો કર્યો હતો કે વિધાનસભાની ચૂંટણીઓમાં ઈવીએમથી દૂર રહેવા અને મશીન સાથે કોઈ ચેડાં જણાય તો ચૂપ રહેવા માટે તેને ૧૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.

આ વીડિયોમાં કાસલેએ એવો પણ દાવો કર્યો હતો કે ચૂંટણીઓ આ રીતે જીતવામાં આવી હતી. કાયદાની સમજ હોવા છતાં કાસલે આવું નિવેદન કરીને ચૂંટણી પંચની બદનક્ષી કરી હતી, જેને પગલે ફરિયાદ કરાઈ હતી.

ફરિયાદને આધારે પરળી શહેર પોલીસે શનિવારે કાસલે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ પહેલાં શુક્રવારે બીડની શિવાજી નગર પોલીસે બીજી એપ્રિલે સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ મૂકવા બદલ એસસીએસટી ઍક્ટ હેઠળ કાસલેની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)

### વિલે પાર્લેમાં દેરાસર

એપ્રિલ, ૨૦૨૫ બુધવારના શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન મંદિરને ગેરકાયદે હોવાનું કહીને તોડી પાડવામાં આવ્યા બાદ જૈન સમાજમાં આક્રોશ ફેલાઈ ગયો હતો. શનિવારે વિલે પાર્લેથી અંધેરી પાલિકાની ઓફિસ સુધી રેલીનું આયોજન કર્યું હતું, જેમાં હજારોની સંખ્યામાં જૈનો જોડાયા હતા. જૈનોના વિરોધને પગલે અને તેમની ભાવનાને ધ્યાનમાં રાખીને તેમની માગણી બાદ પાલિકાએ કે-પૂર્વના વોર્ડ ઓફિસર નવનાથ ઘાડગેને હટાવી દેવામાં આવ્યા હતા. તેમ જ દેરાસરના તોડી પાડવામાં બાંધકામના કાટમાળને પણ પાલિકાએ શનિવારે હટાવી દીધો હતો. કાટમાળ હટાવીને જગ્યા સાફ કર્યા પછી રવિવારે પહેલી વખત દેરાસરમાં ભગવાનની પૂજા કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રાવકો જોડાયા હતા.

તોડી પાડવામાં આવેલા દેરાસરના બાંધકામને ફરી બાંધી આપવાની માગણી જૈન સમાજ દ્વારા કરવામાં આવી છે. જોકે હાલ આ મામલો કોર્ટમાં છે, તેથી જયાં સુધી સુનાવણી થઈને કોર્ટ આદેશ આપે નહીં ત્યાં સુધી અહીં કાયદાકીય રીતે બાંધકામ કરવું મુશ્કેલ છે. તેથી તાત્પૂરતા સમય માટે ટ્રસ્ટીગણે અહીં શેડ બાંધી શકાય તે માટે પ્રયાસ કર્યા છે. દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે દેરાસરનો લગભગ ૭૦ ટકા હિસ્સો તોડી પાડવામાં આવ્યો છે. દરવાજાથી લઈને બારી બધુ તોડી પાડવામાં આવ્યું છે. અહીં સવાર-સાંજ શ્રાવકો પૂજા માટે આવતા હોય છે. ખુલ્લામાં અહીં પૂજા કરવી શકય નથી. તેથી અમે કે-પૂર્વ વોર્ડ પાસે અહીં ૨,૦૦૦ સ્કવેર ફૂટનો શેડ બાંધવાની લેખિતમાં પત્ર આપીને મંજૂરી માગવાના છીએ.

વધુમાં માહિતી આપતા અનિલ શાહે જણાવ્યું હતું કે કાયદકીય અડચણને પગલે પાક્કુ બાંધકામ કરવું તો હાલ શક્ય નથી. ચોમાસું નજીક છે, તેથી શેડ તો તાત્પૂરતું બાંધવું આવશ્યક રહેશે. એક વખત મંજૂરી મળે પછી તેને નાખી દઈશું. તેમ જ હાલ આ મેટર પણ સુપ્રીમ કોર્ટમાં છે તેથી આદેશાની રાહ જોઈ રહ્યા છે. એ ઉપરાંત સોમવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીની મુલાકાત લઈને અગાઉ દેરાસરને કાયદેસરનું બનાવવા માટે સબમીટ કરેલા પ્લાનને મંજૂર કરવાની વિનંતી પણ કરવાના છે. દેરાસરને કાયદેસર બનાવવા માટેનો પ્લાન વર્ષો પહેલા જ પાલિકા સમક્ષ રાખવામાં આવ્યો છે. જો કમિશનર દ્વારા પ્લાનને મંજૂરી આપવામાં આવે તો કાયદાકીય રીતે વધુ સરળ રહેશે.

### શિંદે ભડક્યા

હતા, ત્યારે એક ટીવી મરાઠી પત્રકારે તેમને શિવસેના (શિવસેના)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરે વચ્ચેના સમાધાનની વાતો પર પ્રતિક્રિયા આપવા કહ્યું. પ્રશ્ન સાંભળીને શિંદે ગુસ્સે થઈ ગયા અને તેમણે પ્રશ્ન ટાળીને રિપોર્ટરને સરકારના કામ વિશે વાત કરવા કહ્યું.

રાજ ઠાકરેએ ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકરને આપેલા ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમને અવિભાજિત શિવસેનામાં ઉદ્ધવ સાથે કામ કરવામાં કોઈ સમસ્યા નથી. આ નિવેદન પછી, સમાધાનની અટકળો શરૂ થઈ ગઈ. રાજ ઠાકરેએ કહ્યું કે પ્રશ્ન એ છે કે શું ઉદ્ધવ તેમની સાથે કામ કરવા માગે છે. એક તરફ, મનસેના વડાએ કહ્યું છે કે 'મરાઠી માણુસ'ના હિતમાં એક થવું મુશ્કેલ નથી, જ્યારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે તેઓ નાના ઝઘડા ભૂલી જવા તૈયાર છે, જો કે મહારાષ્ટ્રનાં હિતોની વિરુદ્ધ કામ કરનારાઓને પસંદગી આપવામાં ન આવે. પોતાના પિતરાઈ ભાઈનું નામ લીધા વિના, ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે 'ચોરો'ને મદદ કરવાથી કંઈ મળશે નહીં. તેમનો સ્પષ્ટ ઈશારો ભાજપ અને શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના તરફ હતો. નોંધનીય છે કે તાજેતરમાં રાજ ઠાકરેએ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેનું તેમના નિવાસસ્થાને સ્વાગત કર્યું હતું.

શિવસેનાથી અલગ થઈને રાજ ઠાકરેએ મનસેની સ્થાપના કરી જેણે શરૂઆતમાં ઉત્તર ભારતીયો સામે કડક વલણ અપનાવ્યું. પરંતુ ૨૦૦૯ ની વિધાનસભા ચૂંટણીમાં ૧૩ બેઠકો જીત્યા પછી, મનસેના વળતા પાણી થયા. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં તેમનું ખાતું પણ ખુલ્યું નહોતું. શિવસેનાના ઘણા હિતેચ્છુઓ આજે પણ માને છે બંને ભાઈઓએ એક થવું જોઈએ.

### ભાઇઓ વચ્ચે લાગણીશીલ

પરંતુ તેમની વચ્ચે 'લાગણીશીલ ચર્ચા' ચાલી રહી હોવાનો દાવો કર્યો હતો. ઉદ્ધવે મનસે સાથે હાથ મિલાવવા માટે પૂર્વશરતો તૈયાર કરી નથી. હજી પક્ષ સાથે આવે તેની જાહેરાત કરાઇ નથી, પરંતુ તેમની વચ્ચે ચર્ચાઓ શરૂ છે, એમ રાઉતે વધુમાં જણાવ્યું હતું. તેઓ (રાજ અને ઉદ્ધવ) કુટુંબના પ્રસંગોમાં મળતા હોય છે. તેઓ ભાઇઓ છે, એમ તેમણે કહ્યું હતું. રાજ ઠાકરેએ થોડા અઠવાડિયા પહેલા ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકર દ્વારા લેવામાં આવેલા એક ઇન્ટરવ્યૂ વખતે ઉદ્ધવ ઠાકરે સાથે ફરી એક થવાની વાત કહી હતી. ત્યારથી બન્ને ભાઇઓ સાથે આવવાની ચર્ચા શરૂ થઇ છે.

ચૂંટણી માટેનું જોડાણ એ બહુ દૂરની વાત છે, પણ મરાઠી ભાષા અને રાજ્યના લોકો માટે મનસેના આંદોલનને શિવસેના-યુબીટી દ્વારા ટેકો આપવામાં આવે છે, એમ રાઉતે કહ્યું હતું.

### ઠાકરે બંધુઓ

શિવસેનાની બોલબાલા છે.

મુંબઈ પાલિકાની ચૂંટણીને કારણે રાજ અને ઉદ્ધવ સાથે આવી રહ્યા હોવાનું પણ કહેવાઇ રહ્યું છે, કારણ કે ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ કૉંગ્રેસ અને એનસીપી સાથે હાથ મિલાવ્યા ત્યાર બાદ શિવસેનાના વિચારોવાળો વર્ગ ઉદ્ધવ ઠાકરેથી નારાજ થયો હતો અને તેનું પરિણામ ચૂંટણી પર પણ પડ્યું હતું.

૨૦૨૨માં એકનાથ શિંદેએ શિવસેનામાં ઊભી ફૂટ પાડીને ૪૦થી વધુ વિધાનસભ્યો સાથે ભાજપના મહાયુતિમાં સામેલ થયા. ભાજપના પીઠબળ સાથે શિંદે મુખ્ય પ્રધાન પણ બન્યા. શિવસેનાનું નામ અને ચિહ્ન પણ શિંદેને મળ્યા. મરાઠી ભાષા અને હિન્દુત્વનો ઉપયોગ કરીને શિવસેના-યુબીટી, મનસે અને એકનાથ શિંદેની શિવસેના પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણીમાં શિવસેના-યુબીટીએ મુંબઈમાં ૩૬ મતક્ષેત્રમાં ઉમેદવાર ઊભા કર્યા હતા, પરંતુ તેમાંથી ફક્ત ૧૦ જગ્યા પર વિજય મેળવ્યો. મનસેએ રાજ્યભરમાં ૧૨૫ ઉમેદવાર ઊભા કર્યા હતા, પણ ક્યાંય પણ ખાતું ખોલાવી શકયા નહોતા. એવામાં હવે પાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે જીતવું હશે તો સાથે મળીને લડવું પડશે શું એવો વિચાર ઠાકરે ભાઇઓને આવ્યો હશે? રાજ ઠાકરેએ સમજૂતીનો હાથ ધર્યો છે, પરંતુ ઉદ્ધવ તરફથી હજી કોઇ નિર્ણય લેવામાં આવ્યો ન હોવાનું જણાય છે.

### રાજયમાં ગરમીનો પ્રકોપ

ગરમીનું પ્રમાણ વધવાની શક્યતા છે. તેથી આગામી બે-ત્રણ દિવસ મુંબઈગરાએ ગરમી અને ઉકળાટનો સામનો કરવા તૈયાર રહેવું પડવાનું છે. મુંબઈમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનનો પારો તો ૩૩ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. પરંતુ વાતાવરણમાં રહેલા ભેજને કારણે ગરમી અને ઉકળાટ જણાઈ રહ્યો છે.

રવિવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન૩૩.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૩ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી અને લઘુતમ ૨૫.૭ ડિગ્રીની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ મુંબઈમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધવાની ચેતવણી આપી છે. આ દરમ્યાન રાજ્યના અનેક જિલ્લામાં આકરો ઉનાળો વર્તાઈ રહ્યો છે. વિદર્ભ અને મરાઠવાડામાં હાલ ગરમીનું મોજું ફરી વળ્યું છે. આ બંને રિજનમાં આવેલા મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦થી ૪૫ ડિગ્રીની વચ્ચે નોંધાઈ રહ્યો છે. શનિવારે રાજયની બીજી રાજધાની નાગપૂરમાં ૪૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયા બાદ રવિવારે ૪૪.૦ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના ચંદ્રપુરમાં ૪૪.૬ ડિગ્રી નોંધાયું હતું. તો અકોલામાં ૪૪.૩ ડિગ્રી, અમરાવતી અને બ્રહ્મપુરીમાં ૪૪.૪, ગોંદિયામાં ૪૨.૨ ડિગ્રી, વર્ધામાં ૪૪.૦ ડિગ્રી, યવતમાળામાં ૪૩.૬ ડિગ્રી નોંધાયું હતું. તો મરાઠવાડાના બીડમાં ૪૨.૩ ડિગ્રી, ઉસ્માનાબાદમાં ૪૧.૮ ડિગ્રી, પરભણીમાં ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. મધ્ય મહારાષ્ટ્રના સોલાપુરમાં ૪૩.૦ ડિગ્રી, માલેગાંવમાં ૪૨.૮ ડિગ્રી, જળગાંવમાં ૪૧.૦ ડિગ્રી તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૩૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

### ગરમીથી બચવા

આવશ્યકતા ન હોય તો બપોરના સમયે ઘરની બહાર નીકળવું નહીં. તળેલા અને તીખા પદાર્થો ખાવાથી દૂર રહેવું, લિક્વિડ પદાર્થનો ઉપયોગ વધુ કરવો, ઉઘાડામાં રાખેલા બરફનો ઉપયોગ કરીને બનાવેલા ઠંડા પીણા પીવાનું ટાળવું.

### રશ્મી ઠાકરેની

ઉદ્ધવને પોતાની પત્ની રશ્મી ઠાકરેની પરવાનગી લેવી પડશે?

જૂની અદાવતો ભૂલીને મરાઠી માણૂસ અને મહારાષ્ટ્ર માટે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એકસાથે આવવાની અટકળો છેલ્લા કેટલાક દિવસથી વહેતી થઇ છે. રાજકીય વર્તુળોમાં આ અંગે ઘણી ચર્ચાઓ થઇ રહી છે અને ઘણા નેતાઓ તેના પર પોતાની પ્રતિક્રિયાઓ પણ આપી રહ્યા છે. 'મનસે સાથે હાથ મિલાવવા પહેલા રશ્મી ઠાકરે પાસેથી પરવાનગી લેશો કે એવો સવાલ ઉદ્ધવ ઠાકરેને પૂછવો જોઇએ. આવા નિર્ણયોમાં તેમનો મંતવ્યો ઘણા મહત્ત્વના ઠરે છે', એમ નિતેશ રાણેએ જણાવ્યું હતું.

રાજ ઠાકરેના શિવસેના છોડી જવામાં રશ્મી ઠાકરેએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જ્યારે કે તે સમયે પણ ઉદ્ધવ અને રાજ વચ્ચે કોઇ મોટો વિવાદ નહોતો એવો આક્ષેપ નિતેશ રાણેએ કર્યો હતો.

### વરલીમાં ભરબપોરે

કલાકોમાં જ પ્રેમ નગર પરિસરમાંથી તેને તાબામાં લેવાયો હતો. આરોપીની ઓળખ સચિન ભગવાન અવસરમોલ (૩૭)તરીકે થઈ હતી. સંભાજીનગર જિલ્લાના પટેલ નગર ખાતે રહેતો આરોપી ડ્રગ્સનો બંધાણી હોવાનું જાણવા મળ્યું હતું અને તેણે નશામાં હુમલો કર્યો હોવાનું કબૂલ્યું હતું.

## પારસી મરણ

સપલ કેકી જીજીના તે શેહનલ ગુડી પટેલના ખાવીંદ. તે મરહુમો દોલત તથા એરવદ કેકી શાપુરજી જીજીનાના દીકરા. તે ખુશનુર સપલ જીજીના ને અનુ ફ્રેડી જાગીરદારના પપ્પા. તે કમલ ને ફ્રેડીના સસરા. તે ફિરૂઝા જમશેદ પટેલના ભાઇ. તે ફીયા, એરવદ હોરમઝ ને રૂક્ષહીનના મોટા પપ્પા. (ઉં.વ. ૭૭) રે. ઠે. ડી-પ્લામલેન્ડ, રૂમ નં.૨, ૨જે માળે, કોન્ટ્રાક્ટર બાગ, મોરી રોડ, માહીમ (પશ્ચિમ) મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૪-૨૫ને દિને બપોરે ૩.૪૫ કલાકે માહીમ મધે સુનાવાલા અગિયારીમાં.

કુમી જાલેજર ઊમરીગર તે મરહુમો ધનમાય તથા જાલેજર ઊમરીગરના દીકરી. તે ખોરશેદ તથા મરહુમો નરી, બેહરામ ને દીનાના બહેન. તે ઝરીર, ફરીદા ને શેરનાઝના માસી. તે રૂસી, રોહિન્ટન, ડેઝી, કાશ્મીરા, પરશીશ, વિરા ને નેવીલના ફૂઇ. (ઉં. વ. ૮૯) રે. ઠે. ફ્લેટ નં-૧૨-એ, બિલ્ડિંગ નં-૭, અહુરા કો.ઓ.હા.સો.૩જે માળે, અંધેરી (પૂર્વ), ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૪-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે બાંદ્રા મધે તાતા અગિયારીમાં.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા (કરાંચીવાળા)**
મૂળ ટંકારા હાલ ડોમ્બિવલી તે સ્વ. સરસ્વતી અને જગજીવન ગોવિંદજી કક્કડના પુત્રવધૂ અ. સૌ. નિરંજના (નીરુ) (ઉં. વ. ૭૨) તે મહેશભાઇના ધર્મપત્ની. અમિતના માતુશ્રી. અ. સૌ. રક્ષાના સાસુ. તે સ્વ. લક્ષ્મીબેન સ્વ. વિમળાબેન તથા ખીમજી રાચ્છના સુપુત્રી. તે સ્વ. પાર્વતી (મંગુબેન) હિંમતલાલ લાખાણી, સ્વ. પ્રવીણ, સતીષ, કિરીટના ભાભી. તા. ૧૮-૪-૨૫ શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**
શિહોરવાળા હાલ મેરીલેન્ડ (યુએસએ) સ્વ. જયાલક્ષ્મી ચુનીલાલ વિઠ્ઠલદાસ કોઠારીના પુત્રવધૂ તરલાબેન (ઉં. વ. ૭૨) તે પ્રફૂલચંદ્ર ચુનીલાલના ધર્મપત્ની. કિંજલના માતુશ્રી. શ્રુતિના સાસુ. સ્વ. સનતભાઇ, ચંદ્રકાંતભાઇ, હસમુખભાઇ, ભરતભાઇ, સ્વ. દક્ષાબેન નવીનચંદ્ર ચિતલીયા, નીલાબેન કિરીટ શાહના ભાભી. તા. ૧૪-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પિયરપક્ષે જાફરાબાદવાળા સ્વ. સવિતાબેન હરકિસનદાસ જગજીવનદાસ કિકાણીના પુત્રી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૪-૨૫ના મંગળવારે સાંજે ૫થી ૭. ઠે. લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (પશ્ચિમ), લૌકિક પ્રથા બંધ છે.

**ચિંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ**
મુંબઈ (કાંદિવલી) નિવાસી, હેતસ્વીની જીતેન્દ્રભાઈ પારેખ (હેતુબેન) (ઉં. વ. ૮૪) તા. ૧૯-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જીતેન્દ્રભાઈના ધર્મપત્ની. અમિત, મિતેશ, રૂપાના માતાશ્રી. અનુપમા, અલ્પા, દિનેશના સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૨-૪-૨૫ના ઠક્કાઈ ભાટીયા હોલ નં. ૫, શંકર લેન, કાંદિવલી પશ્ચિમમાં ૫ થી ૭ના રાખેલ છે.

**હાલાઈ લોહાણા**
મૂળ ગામ જામ રાવલ, હાલ કાંદિવલી મહેન્દ્રભાઈ જટણીયા (ઉં. વ. ૮૦) તે સ્વ. જમનાબેન લક્ષ્મીદાસ જટણીયાના પુત્ર. તે ગં.સ્વ. ભારતીબેનના પતિ. તે સ્વ. જગમોહનદાસ, સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. વિનોદકુમારના નાના ભાઈ. તે સ્વ. મોહનલાલ કાલીદાસ ઠક્કરના જમાઈ. તે અ.સૌ. વિધી નિરવ શાહના પિતાશ્રી. તે સ્વ. સુધાબેન, ગં.સ્વ. કુસુમબેન, ગં.સ્વ. શોભાબેન, ગં.સ્વ. વનમાળાબેનના દિયેર. તે જીયાંશના નાના. તે નેહા, નિરવ, સિધ્ધાર્થ, નીના, નીલ, ધવલ, ઉર્વીના કાકા તા. ૧૯-૪-૨૫ ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**
સ્વ. નરેન્દ્ર અરજણ પુરખા (શંભુ મહારાજ)ના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૭૫) તે સ્વ. ઝવેરબેન અરજણ પુરખાના પુત્રવધૂ. કચ્છ ગામ સણોસરા હાલે મુલુંડ ચેકનાકા તા. ૧૮-૪-૨૫ ને શુક્રવારના રોજ રામશરણ પામેલ છે. તે લક્ષ્મીબેન ભગવાનદાસ ગાવડિયા કચ્છ ગામ મોટી ભાડઈના પુત્રી. તે સ્વ. મનીષ, શૈલેષ, ઉર્મિના માતોશ્રી. તે સ્વ. લક્ષ્મીકાંતભાઈના નાના ભાઈની પત્ની. તે સ્વ. પ્રવિણચંદ્રભાઈ, હરીશભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, ગં.સ્વ. વિરબાળા રામનિવાસ શર્માના ભાભી. તે ગં.સ્વ. ભાવનાબેન તથા બંસીભાઈના સાસુમા. તે આદિત્યના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૪-૨૫ ને સોમવારના ૫ થી ૭. સ્થળઃ મુક્તેશ્વર મંદિર, ડમ્પીંગ રોડ, મુલુંડ વેસ્ટ.

**મેઘવાળ**
ગામ ઓથા. હાલ મુંબઈ સ્વ. ધનજીભાઈ ધુડાભાઈ વાઘ તેઓ સ્વ. દેવલબાઈ અને સ્વ. ધુડાભાઈ વાઘના સુપુત્ર ગ. સ્વ. કાન્તાબાઈના પતિ. રવિન્દ્ર, રાજેન્દ્રના પિતાજી. તેજલ, જીગનાના સસુરજી. જેસિંગભાઈ, ગોવિંદભાઈ, હિરાભાઈના ભાઈ. તાઃ૧૦/૦૪/૨૫ ગુરુવારના દિવસે રામચરણ પામ્યા છે. તેમના બારમાની વિધિ તા. ૨૨/૦૪/૨૫ મંગળવારે સાંજે ૫ઃ૦૦ વાગે એમના નિવાસ્થાને ઠે. હા.સો. સંતશ્રી વીરમેઘમાયા માર્ગ, તુલસીવાડી, મુંબઈ-૩૪, મુકામે રાખવામાં આવેલ છે.

**હાલાઇ લોહાણા**
કરાચીવાળા હાલ નાસિક નિવાસી સ્વ. મનહરલાલ લખમશી માણેકના ધર્મપત્ની ગં. સ્વ. જયશ્રીબેન (ઉં. વ. ૮૦) તે નાગપુર નિવાસી વિઠ્ઠલદાસ જયવંતભાઇ પંચમતીયાના દીકરી. તે ભાવેશ, જયોતિ, નિમેષના માતુશ્રી. તે અર્ચના, સ્વ. સુનિલકુમાર મોદી, એકતાના સાસુ. મહેક, નૂપુર, શમિત, દાક્ષિના દાદી. તા. ૧૮-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪-૨૫ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. જલારામ ભવન, જલારામ મંદિર, કેવડીવન, પંચવટી, નાસિક ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**
સ્વ. સુરજી ભીમજી બાવરીયા કચ્છ ગામ કોઠારા હાલે પૂના નિવાસીના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ.૮૯) શનિવાર તા.૧૯/૪/૨૫ના રામશરણ પામેલ. ગં.સ્વ.હર્ષાબેન દીપકકુમાર કોઠારી તથા હીનાબેન કિશોરભાઈ તન્નાના માતુશ્રી. સ્વ. કુવરજી આણંદજી રાગંઘર કચ્છ ગામ લખપતના દીકરી. કરસનદાસ બાવરીયા, સ્વ.મણીબેન વેલજી ધીરાવાણી, સ્વ. શાંતાબેન રવજી અનમ, સ્વ.કલાવતીબેન મંગલદાસ તન્ના, ગં.સ્વ ગોદાવરીબેન કરમશી રૂપારેલ અને રસીલાબેન શંકરલાલ નરમના ભાભી. શાંતાબેન અમીચંદ ચંદે તથા સ્વ. બબીબેન રવજી નરમના બેન. હેતલ આલોક રૂપારેલ, શીતલ યતીન રૂપારેલ અને કૃષ્ણા કિશોર તન્નાના નાનીમા. નીલય,ખુશી,ઉમંગ અને હર્ષિતના દાદી. એમની બંને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા.૨૧/૪/૨૫ ના સાંજે ૪ થી ૫ શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ભવાની પેઠ, પાલખી ચોક, પુના મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**
મોટા ઉજળા નિવાસી હસમુખચંદ ઉત્તમચંદ દોશીના પુત્રવધૂ સૌ. સુપ્રિયા બીજલ દોશી (ઉં.વ.૫૬) તા. ૨૦-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુધાબેન હસમુખ દોશીના પુત્રવધૂ. સુશિલાબેન, સ્વ. સુભાષભાઇ ધરાધરની પુત્રી. સ્વ. સંદીપભાઇ અને સ્વ. જયદીપભાઇના બહેન. તેઓ અનિકેત અને જાન્વીના મમ્મી. જીલના સાસુ. મીતાબેન ધર્મેશભાઇના દેરાણી. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૪-૨૫ના મંગળવાર, ભારતીય વિદ્યા ભવન, સાંજે ૫થી ૭.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**
હડીયાણા નિવાસી, હાલ દાદર (મુંબઈ) સ્વ. મહેન્દ્રકુમાર તારાચંદ મ્હેતા (મનુભાઈ) (ઉં. વ. ૯૩) શનિવાર તા. ૧૯-૪-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેનના પતિ. તે પંકજભાઈ, નેમિષભાઈ, પારસભાઈના પિતાશ્રી. તે અ.સૌ. છાયાબેન, અલ્પાબેન અને જાગૃતિબેનના સસરાજી. તે સ્વ. રતનબેન, સ્વ. સંપતભાઈ, સ્વ. હરકિશનભાઈ (ભીખુભાઈ) તેમજ મંગળાબેન (મંગુબેન)ના ભાઈ. તે તેજસ, પાર્થ-દિપ્તી, ધારા, વિધી કાર્તિકકુમાર અને નિલના દાદાજી. તે છોટાલાલ ઓધવજી મ્હેતાના જમાઈની પ્રાર્થનાસભા તા. ૨૨-૪-૨૫ મંગળવારના રોજ ૧૦ થી ૧૨. સ્થળઃ યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ) સ્ટેશન સામે, મુંબઈ. (લૌકિક વ્યવહાર બંધ છે)

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
બારોઇના કાંતીલાલ વાલજી પાલણ કેનીયા (ઉ.વ. ૬૯) તા. ૧૯-૪ના અવસાન પામેલ છે. રતનબેન વાલજીના પુત્ર. કમળાબેનના પતિ. તેજલ, વૈશાલી, મેઘાવીના પિતા. હેમલતા, હરીશ, નવિનના ભાઇ. લક્ષ્મીબેન દામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. કમળાબેન કેનીયા, ૧૦૨, સંભવ બીલ્ડીંગ, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ).

મો. ઉનડોઠના પુષ્પાબેન દેવજી દેઢીયા (ઉં. વ.૭૦) ૧૭-૪ના અવસાન પામેલ છે. કુંવરબાઇ વાલજી લખમશીના પુત્રવધુ. દેવજીના પત્ની. હીતેશના માતા. લક્ષ્મીબેન (જયાબેન) તેજશીના પુત્રી. જ્યોતિ, રંજન, પંકજ, દિનેશના બેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ શ્રી કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦. ઠે. હીતેશ દેઢીયા, સી-૧૦, બીજે માળે, ઇશ્વરનગર, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે).

દેશલપુર (કંઠી) ના અ.સૌ. જયાબેન ધર્મેન્દ્ર સોની (ઉં. વ.૫૪) તા. ૧૯-૪-૨૫ના અવસાન પામેલ છે. શાંતાબેન વસનજી કુંવરજીના પુત્રવધુ. ધર્મેન્દ્રના પત્ની. સાગર, મીતના મમ્મી. પ્રભાબેન વેરશી દેઢિયાના પુત્રી. દિનેશ, ચેતન, રાજુ, મહેન્દ્ર, લુણી હંસા જેઠાલાલ વસનજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધર્મેન્દ્ર સોની : ઇ-૫૦૧, એસ્ટર સોસા., શ્રીપ્રસ્થા રોડ, નાલાસોપારા.

વાંઢના અમૃતબેન બુરીચા (ઉ.વ. ૮૧) તા. ૧૭-૪-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબાઈ દેવશી વેલજીના પુત્રવધૂ. દામજીના પત્ની. ભરત, તારા, હેમા, ઉષા, નયનાના માતા. પુનડી લાડબાઈ કેશવ હીરાના પુત્રી. ગાંગજી, ઉમરશી, નાનજી, ટોકરશી, કુંવરબાઈ રતનશી, લક્ષ્મી ચુનીલાલ, પુષ્પા મણીલાલના બેન. પ્રા.શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ હોલ, દાદર (વે) ટા. ૨ થી ૩.૩૦. નિ. ઉષા છેડા, ૯, સદાનંદ કૃપા, આયરે રોડ, ડોંબિવલી, (ઇ).

બેરાજાના કેશવજી ધારશી દેઢિયા (ઉં.વ. ૯૪) તા. ૧૯-૪-૨૫ ના અરિહંતશરણ પામેલ છે. મેઘબાઇ ધારશીના પુત્ર. હીરબાઇના પતિ. વસંત, વિનોદ, ભરત, બિન્દુ, સ્વ. નયનાના પિતા. કાંડાગરાના લધીબાઇ લીલાધર જેઠા છેડાના જમાઇ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઇસ્ટ) મધે ૪ થી ૫.૩૦. નિ. વસંત દેઢિયા, ૧૪૦૧, અર્થ ગેલેક્સી, ડો. આંબેડકર રોડ, દાદર (ઈ), મું.- ૧૪.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
ભાવનગર નિવાસી હાલ વસઈ,બટુકરાય સૌભાગચંદ શાહના ધર્મ પત્ની સરોજબેન બટુકરાય શાહ (ઉં.વ.૭૧), ૧૯ /૪ /૨૫ના અરિહંતશરણ પામેલ છે. ચી. વિજય તથા ચી.જયના માતુશ્રી. મોસાળ પક્ષે...સ્વ જેકૂર બેન વિનયચંદ શામજી ના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**
જીતેન્દ્ર હિંમતલાલ શાહ (નારિચાણિયા) (ઉં. વ. ૭૯) રાણપુર ચુડા નિવાસી તે સ્વ. સૂરજબેન હિંમતલાલ શાહના પુત્ર. સુરેખાબેનના પતિ. તે કુમારપાળ અને અમરના પિતાશ્રી. ચિ. શીતલના સસરા. મિથિલ અને રોનિતના દાદા. સ્વ. રમેશભાઇ અને સાધ્વીશ્રીજી અમિતજ્ઞાશ્રીના નાનાભાઇ. મનુભાઇ ચીમનલાલના જમાઇ તા. ૨૦-૪-૨૫ના રવિવારના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૨-૪-૨૫ના ઠે. પાવનધામ મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), સવારના ૧૦થી ૧૨.

### ટેમ્પોનો પીછો

દરિયાના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. બેભાન અવસ્થામાં નાયર હૉસ્પિટલ લઈ જવાયેલા શેખને તબીબે મૃત જાહેર કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શેખે જે સ્થળે ટર્ન લીધો ત્યાં રસ્તા પર પડેલી રેતીને કારણે તેનું સ્કૂટર સ્કિડ થયું હતું.

ગામદેવી પોલીસે આ પ્રકરણે એડીઆર નોંધ્યો હતો. પોસ્ટમોર્ટમ બાદ શેખના મૃતદેહને પરિવારજનોને સોંપાયો હતો. શેખે જે ટેમ્પોનો પીછો કર્યો હતો તેની માહિતી મેળવવા માટે પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. નિયમનું ઉલ્લંઘન કરવા બદલ ટેમ્પો ડ્રાઈવરને પણ દંડવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### બે મહિનામાં નેશનલ

ચાલુ કરવાની જાહેરાત કરી હતી.

મિની ટ્રેન બાબતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કર્યા બાદ તેમના આદેશ મુજબ વર્ષ પહેલા ચાલુ થયેલું મિની ટ્રેનનું કામ પૂરું થઈને આગામી બે મહિનામાં ટ્રેન દોડવા માંડશે એવો દાવો કેન્દ્રીય પ્રધાને કર્યો હતો. આ દરમ્યાન તેમણે મુંબઈના જુદા જુદા વિકાસ કામના અહેવાલ લીધો હતો. રસ્તાના જોડાણ, પુલ, કોસ્ટલ રોડ જેવા પ્રોજેક્ટની માહિતી પણ તેમણે લીધી હતી.

પોઈસર અને દહિસર નદીના પટને પહોળું કરવા સહિત નાળાસફાઈનું કામ ૨૫ ટકા પૂરું થયું છે. એ સાથે જ ઉત્તર મુબઈના ચાર વોર્ડ અંતર્ગત ચાલી રહેલા ૨૧૨ રસ્તાના કામ પણ ૩૧ મે સુધી પૂરા કરવામાં આવશે એવું પાલિકા પ્રશાસને આ દરમ્યાન જણાવ્યું હતું.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# માન્યતા ને સત્ય

હેમંત વાળા
feedback@bombay samachar.com



**માન્યતા** એ વ્યક્તિગત બાબત છે, જરૂરી નથી કે તેની સાથે કોઈપણ પ્રકારની સાર્થકતા સંકળાયેલી હોય. માન્યતા પૂર્વગ્રહીત હોઈ શકે. તેનો આધાર અસત્ય, ભ્રમ કે માહિતીનો અભાવ હોઈ શકે. ઘણીવાર તો વ્યક્તિને ખબર હોય છે કે જે તે બાબત માન્યતા સમાન છે તો પણ તેને પકડી રાખવાની તેની અભિલાષા સતત રહે છે. માન્યતા મોહક છે. માન્યતા પરંપરા આધારિત, કૌટુંબિક વારસા તરીકે, વ્યક્તિગત અભિલાષા મુજબની, સામાજિક વિરોધ તરીકે, મનના વ્યભિચાર સમાન, સત્યથી સભાનતાપૂર્વક વિમુખ થવાની ઇચ્છા તરીકે, રાજકીય ઉદ્દેશ્ય સમાન કે પ્રયોજિત રીતે ચોક્કસ વિચારધારાને આગળ વધારવા માટે હોઈ શકે. દરેક સંજોગોમાં માન્યતા શંકાના દાયરામાં આવે. સત્ય ક્યારેય શંકાના દાયરામાં ન આવે.

માન્યતા ક્યારેય પૂર્ણ ન હોય. માન્યતા એક કાલ્પનિક વિષય છે જેનું સંપૂર્ણતામાં વિગતિકરણ શક્ય નથી હોતું. માન્યતા હંમેશાં અપૂર્ણ હોય. માન્યતાનું મૂળ સ્વરૂપ સ્થાપિત હોય પરંતુ તેનું વિશેષ સ્વરૂપ અનિર્ધારિત હોય. માન્યતા વિશે જ્યારે ઊંડાણથી ચિંતન કરવામાં આવે ત્યારે તે માન્યતામાં મૂળથી બદલાવ થવાની પણ સંભાવના રહેલી હોય છે. એક રીતે જોતાં માન્યતા એ હંગામી સ્થિતિ છે. પરિસ્થિતિ, જાણકારી, સમજ, ક્ષમતા, ઉદ્દેશ્ય, સંસાધનો, જ્ઞાન તથા વૈચારિક શક્તિ બદલાતાં માન્યતા બદલાઈ શકે. સત્ય એ સંજોગિક ઘટના નથી.

ઘણીવાર માન્યતા સ્વયંભૂ હોય તો ક્યારેક તો માન્યતા હેતુસર ધારણ કરવામાં આવે. જ્યારે માન્યતા હેતુસરની હોય ત્યારે તે સાધન બની રહે. આગળથી ચાલી આવતી માન્યતા શ્રદ્ધાનો વિષય હોય જ્યારે હેતુસરની માન્યતા પ્રપંચના ભાગ સ્વરૂપ હોઈ શકે. માન્યતા જ્યારે આકસ્મિક હોય ત્યારે તેનો પ્રભાવ એટલો ન હોય, પરંતુ માન્યતા જો લાંબા સમયથી સ્થાપિત હોય તો મનુષ્યના વ્યવહાર તથા તેની વિચારસરણી પર તેની ચોક્કસ છાપ જોવા મળે. માન્યતામાં બદલાવ આવે તો વિચારસરણી પણ બદલાય અને વ્યવહાર પણ બદલાય. સત્ય માટે આમ ન કહી શકાય. સત્ય શાશ્વત છે અને તેથી તેને આધારિત વિચારસરણી કે વ્યવહાર પણ શાશ્વત સમાન રહે.

માન્યતા અને શ્રદ્ધામાં તફાવત છે. માન્યતા ઉભરા સમાન હોઈ શકે તો શ્રદ્ધા વિશેષ પ્રકારના વિશ્વાસને આધારિત ઘટના છે. માન્યતા ખોટી હોવાની સંભાવના વધુ રહેલ જ્યારે શ્રદ્ધા લાંબા સમયગાળાથી સિદ્ધ થયેલી બાબત હોવાથી તેની યથાર્થતા માટે શંકા ઓછી હોય. શ્રદ્ધા સામાજિક તેમ જ આધ્યાત્મિક જીવનના ભાગ સમાન પરિસ્થિતિ ગણાય જ્યારે માન્યતા વ્યક્તિગત વર્તુળમાં બંધાયેલી બાબત છે. એકંદરે એમ કહી શકાય કે માન્યતામાં સંકુચિતતા તેમ જ મર્યાદાઓ વધુ હોય જ્યારે શ્રદ્ધાએ વિસ્તૃત સમાવેશીય અને ક્યારેક, અર્થપૂર્ણ ઘટના છે.

સત્ય એ સત્ય છે. સત્યનું સ્વરૂપ ક્યારેય બદલાતું નથી. સત્ય શાશ્વત છે, તટસ્થ છે, નિર્લેપ છે, નિર્વિકાર છે, અખંડ છે, નિયમાધીન છે, ધર્મનું અંગ છે, આધ્યાત્મની ભૂમિકા છે, સાત્વિકતાનો પર્યાય છે, ઈશ્વરની પ્રતિબદ્ધતા છે, સૃષ્ટિનો નિયમ છે અને કર્મફળના સિદ્ધાંત સમાન છે. અહીં ક્યાંય વ્યક્તિગતતા નથી, સંજોગિકતા નથી, સમયથી બાધિત નથી, અહીં જુદાં જુદાં અર્થઘટન શક્ય નથી, અને સત્યની સ્થાપના સિવાયનો અન્ય કોઈ ઉદ્દેશ્ય સત્ય સાથે સંકળાયેલો નથી.

સત્યને પામવું અને જાળવવું અઘરું રહે જ્યારે માન્યતા જાળવી રાખવી અને તે પ્રમાણે વર્તન કરવું સ્વાભાવિક વાત ગણાય છે. સત્ય માટે નૈતિક કટિબદ્ધતા જરૂરી છે જ્યારે માન્યતા તે પ્રકારની કોઈ પણ પૂર્વધારણા વગર સ્થાપિત થતી હોય છે. સત્ય માટે સૈદ્ધાંતિક સાત્વિક નિષ્ઠા જરૂરી છે જ્યારે માન્યતા સિદ્ધાંતથી વિપરીત બાબત પણ હોઈ શકે. માન્યતા વ્યવહારુ હોઈ શકે જ્યારે સત્ય સનાતન છે. માન્યતા સત્ય દ્વારા પ્રમાણિત હોઈ શકે પરંતુ સત્યને માન્યતાની અપેક્ષા નથી. જ્યારે માન્યતાને સત્ય માની લેવામાં આવે કે સત્યને માન્યતા તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે પ્રશ્નો ઊભાં થાય. સામાજિક વ્યવહારનો આધાર સત્ય હોય તે ઇચ્છનીય છે, તેનું સ્થાન જ્યારે માન્યતા લે ત્યારે જટિલ પરિસ્થિતિ ઊભી થાય. ધર્મના મૂળભૂત માળખાનો આધાર સત્ય હોય, માન્યતા નહીં. માન્યતાથી સંકુચિતતા સ્થાપિત થાય જ્યારે સત્યથી સમાવેશીય સમગ્રતા મહત્ત્વની બની રહે. માન્યતાને આધારે સમાજની રચના ન થઈ શકે, સમાજની ભાવનાના મૂળમાં પણ સત્ય હોય તે ઈચ્છનીય છે.

સાંપ્રત પરિસ્થિતિમાં ક્યારેક એમ જણાય છે કે માન્યતા સત્ય કરતાં પણ વધુ શક્તિશાળી છે. વ્યક્તિ પોતાની માન્યતાને વળગી રહેવાનું વધુ પસંદ કરે છે અને સત્યને નજરઅંદાજ કરવા પણ તૈયાર હોય છે. માન્યતા જો ખંડનાત્મક હોય, નકારાત્મક ભાવ આધારિત હોય, વિઘટનાત્મક વિચારધારાની પોષક હોય, વિધ્વંસક પરિસ્થિતિની પ્રણેતા સમાન હોય, વિભાજનકારી માનસિકતાના આધાર સમાન હોય - અને આ બધાંની પ્રતીતિ થતી હોય તો પણ તે છૂટતી નથી.

સત્ય નિર્દોષ અને તટસ્થ હોવાથી તેના દ્વારા સ્થાપિત થતી પરિસ્થિતિ ક્યારે પક્ષપાતી ન હોય. સત્ય વ્યક્તિગત ધારણાઓથી મુકત હોવાથી તેનાં થકી સામાજિક સમરસતા અને સામાજિક ન્યાય સ્થાપિત થવાની શક્યતા વધુ રહે. સત્ય સમયના માળખાથી મુક્ત ઘટના હોવાથી તેનાં દ્વારા જે સ્વીકૃત બને તે સ્વીકૃતિ ઘણાં લાંબા સમય સુધી તેટલી જ સાર્થક બની રહે. સત્ય પવિત્ર બાબત હોવાથી તેની સ્વીકૃતિથી હિંસા કે અધર્મ જેવી બાબતો અસ્તિત્વમાં ન આવી શકે. સત્ય આધ્યાત્મનો સ્વભાવ હોવાથી તેનાં અનુકરણથી સમાજમાં સ્વાભાવિક રીતે સાત્વિક માહોલ પ્રસરે. આ પ્રકારના માહોલમાં દરેક વ્યક્તિ પોતાનું ઉત્તરદાયિત્વ વ્યવસ્થિત નિભાવવા પ્રયત્ન કરે અને સમગ્ર સમાજની દરેક પ્રકારની ઉન્નતિ શક્ય બને. ■

# આત્મચિંતન માટે થોડો સમય રાખો, ભજન માટે થોડીક ઊર્જા રિઝર્વ રાખો

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



આજે મને કોઈએ પૂછ્યું છે કે બાપુ, અમે ધ્યાન કરવા બેસી છીએ, ત્યારે ઊંઘ આવે છે. ભજન કરું છું, ત્યારે નિંદ્રા આવે છે. નિંદ્રા શું કામ આવે છે? તમે થાકેલા છો. તમે થાકેલા એટલા માટે છો કે તમે ચોવીસ કલાકમાં તમારી ઊર્જા સાંસારિક પદાર્થોમાં વેડફી નાખી, એટલે દસ મિનિટ ભજન કરો, ત્યારે સૂઓ નહિ તો શું કરો? તમારી સમગ્ર ઊર્જા ભૌતિક પદાર્થોમાં વેડફી નાખી, પૈસામાં,આમાં, આમાં. તમે ચોવીસ કલાકમાં કેટલો વખત Free રહ્યા? થાક્યા પાક્યા ઘરે આવો અને પછી ધ્યાન કરો, શરીર તો એના ધર્મ કરશે. મને ઘણા લોકો પૂછે છે કે જપ કરીએ, એટલે ઊંઘ આવે છે. તમે ભજન માટે થોડીક ઊર્જા રિઝર્વ રાખો. ચોવીસે કલાક ગાડીઓમાં રોક રોલ કરો છો. ક્યાં જવું છે તમારે? ક્યાં પહોંચવું છે તમારે? કામ કરો, છ કલાક, આઠ કલાક, દસ કલાક, જે કરો તે પણ જીવનની સંપદા માટે થોડો સમય રાખો, તો તમને ઊંઘ નહિ આવે. ઊંઘ આવે તો તમારો દોષ નથી,કારણ કે તમે થાકેલા છો. ઊંઘ ન આવે તો શું થાય? બધાને આ અનુભવ છે કે માળા કરીએ, ત્યાં સૂઈ જાવ. તે સૂઈ જ જાઓને, આખો દિવસ તમે ચાળા કર્યા. આખો દિવસ આ તે, આ તે કર્યું. પણ પછી તમને ઊંઘ આવે એમાં તમારોયે દોષ નથી, ભજનનોયે દોષ નથી. ભજન માટે શરીર ઠીક હોવું જોઈએ.

એટલા માટે કદાચ આપણે ત્યાં સંન્યાસ પરંપરામાં આ વ્યવસ્થા આવી, કે ચોથી અવસ્થામાં ઊર્જાને સાચવવા માટે બધાથી મુક્ત થવું. જાનકીજીની ઉંમર તો નાની હતી, પણ બ્રહ્મચર્યાશ્રમ સિદ્ધ કર્યો. અયોધ્યામાં ગૃહસ્થાશ્રમ સિદ્ધ કર્યો. ચિત્રકૂટ અને દંડકારણ્યમાં વાનપ્રસ્થાશ્રમ સિદ્ધ કર્યો. અને અગ્નિમાં લંકામાં હોમીને સંન્યાસાશ્રમ સિદ્ધ કરશે. એ સંન્યાસ આશ્રમ છે મારી માનો.

**तुम्ह पावक महुं करुरु निवासा**
**जौ लगि करों निसाचर नासा।।**

એ સીતાનો સંન્યાસ આશ્રમ છે. શક્તિ રિઝર્વ રાખી, એટલે ઊંઘ નથી આવતી.

**निज पद नयन दिए मन ।**
**राम पद कमल लीन ।।**

બહુ સરસ દર્શન છે. તમારો પ્રશ્ન બિલકુલ પાયાહીન છે. તમને ઊંઘ ન આવે તો શું થાય?

પ્રભુ ભજન માટે,આત્મચિંતન માટે થોડો સમય રાખો. બહુ મહત્ત્વનો સમય રાખો. જેટલો જલદી નિર્ણય થાય એ સારી વસ્તુ છે. થોડીક અને થોડીક ગડ વળી જાય, તો કામ થઈ જાય.

રમણ મહર્ષિ પાસે કોઈએ દલીલ કરી કે સમય નથી રહેતો. અને બહુ સટીક દલીલ મૂકી કે આટલો સમય આમાં, આટલો છોકરાઓમાં, આટલો ઓફિસમાં જાય,આટલો સગાંવહાલાંમાં જાય,આમ સમય જ રહેતો નથી. અમારે ભજન કરવું હોય તો કેમ કરવું? રમણ મહર્ષિની આંખમાં આંસુ આવી ગયાં કે તમારો પ્રશ્ન બહુ સરસ છે. કબૂલ છે,ને પછી રડવા માંડ્યા. પેલાએ પૂછ્યું કે રડો છો કેમ? કહે, મને પણ આ જ ચિંતા સતાવે છે કે આમાં હું ભોજન કરું,એટલે પૃથ્વીમાં અનાજ નથી પાકતું. કેમ? પૃથ્વીમાં આ ત્રણ ભાગમાં દરિયો છે,એક ભાગમાં જમીન છે,એશિયા,યુરોપ એ બધા ખંડો છે. એ ખંડોની જમીનમાં ફેક્ટરીઓ પાડવા લાગી,એટલે ખેતી લાયક જમીન ખાલી થઈ ગઈ,બધાએ બાકીની જમીનમાં મકાનો બનાવી દીધાં,ઘણાએ આમ કરી નાખ્યું,એટલે મારું પેટ ભરાય એટલું અનાજ નથી પાકતું. એટલે પેલાએ કહ્યું કે આપ જેવા સંત આવી રીતે રડે છે? તમારા એકનું પેટ ભરાય એટલું અનાજ ન નીકળે? શું વાત કરો છો તમે? બોલે નહિ,એકનું ભરાય એટલુંયે નથી. તમે જોયુંને આખી પૃથ્વી પર બધાએ કબજો કરી લીધો,કોઈને આમ કરી લીધું,કોઈએ આમ કરી લીધું,મારા એકલાને થાય એટલું અનાજ ક્યાં છે? કહે,બાપજી,તમારા એકલાનો રોટલો નીકળે, એટલું અનાજ ન હોય, એવું હોય? આખી દુનિયાના રોટલા નીકળ્યા છે. બોલે, તને હરિ ભજવાનો ટાઈમ ન હોય એવું હોય કંઈ? આ તો તારી કાયરતા છે. મને સમય નથી. સમય નથી, આ અતૃપ્તિ છે.

ચોવીસ કલાકમાંથી સમય કાઢવો પડશે,તમારા માટે પચીસ કલાક નહિ થાય., સાંઠ,સિત્તેર કે સો વર્ષની આયુ હશે,એમાં જ કાઢવો પડશે. અને સમય નીકળે, જો કાઢવો હોય તો નીકળે. આ તમે કાઢી જ લ્યો છો ને? તમે આટલી પ્રવૃત્ત દુનિયામાં રહો છો, એમાંથી આ નવ દિવસ કાઢ્યા જ છે તમે. સમજણ આવે તો સમય છે જ. ન આવે તો સવાલ નથી. ઘણા તો કંઈ કરતા ન હોય,બીજાની વાત્યુ જ કરતા હોય. સમય મળતો નથી. આદત હોવી જોઈએ,મને હરિ ભજવાની ટેવ પડી. આદત થઈ જાય,સ્વભાવ થઈ જાય,તો આનંદ આવે. તો અતૃપ્તિ શોકનું કારણ છે. સાહસ કરવાની વૃત્તિ ખતમ થઈ ગઈ, શોકનું કારણ છે, નજર સામે દેખાય છે, આગ લાગી છે આમાં અને છતાંયે એમાંથી નીકળવાની વૃત્તિ નહિ,આ વૃત્તિએ શોક આપ્યો છે.કબીર સાહેબ કહેતા કે તને જ્યારે મૂળ તત્ત્વ સમજાઈ જાય પછી તને બીજા કર્મકાંડની જરૂર નથી.ભૂખ લાગી હશે તો ગમે તેવો સુકો રોટલોય મીઠો લાગશે અને ઊંઘ આવે ત્યારે માણસ ગમે ત્યાં સુઈ જાય.

દિવસે ગૃહસ્થી રહેવું ને રાતે સંન્યાસી થઈ સૂવું ! જો લહેર આવે... દિવસે ગૃહસ્થી-સાંજ પડી ત્યાં સુધી ગૃહસ્થી રહેવું. છોકરાંઓને સાચવવાં, બધો જ વ્યવહાર કરવો. નીતિથી રહેવું, પણ રાત પડે એટલે બધું મૂકીને સંન્યાસી થઈ જવું. આજે શું થઈ ગયું છે? કે આપણે દિવસે સાધુ દેખાઈએ, રાતે પૂરા ગૃહસ્થી! દિવસે આપણે સજ્જન દેખાતા હોઈએ ને રાતે દુર્જન દેખાતા હોઈએ, આ આપણી દશા ! માણસ દિવસે ગૃહસ્થ હોવો જોઈએ ને સમજે સાત-આઠ કે સંધ્યાવંદન થઈ જાય એટલે ફકીર થઈને સૂતો હોવો જોઈએ. જે હતું એ બધાને પડદા પર મૂકી ફકીરની જેમ રહે. દિવસે ગૃહસ્થની જેમ રહે. કંઈ આપણે બધું થોડું છોડી દેવાનું છે? ભાગનારા તો પહોંચી ગયા એક સ્થિતિમાં. આપણા દેશનો ત્યાગ અને આપણી એવી સ્થિતિ છે? ભાઈ, સવારે હલ ચાલવવું પડશે, મજૂરીએ જવું પડશે,ખાળિયા ખોદવા પડશે,રોડ પર ક્યાંક કામ કરવા જવું પડશે. કેટલાં કેટલાં કામ હશે? કરો ગૃહસ્થની જેમ ! પણ હાંજ પડે છોકરાંઓને ખવડાવી દીધું,બધાં સૂઈ ગયાં,પછી ફકીરની જેમ સૂઓ ઘરમાં. હવે કોઈ નથી. અને હરિ પાછો હવારે જગાડે તો કર્તવ્ય નિભાવો કે તમે મને એક દિવસ આપી દીધો ! સૂત્ર સમજવા જેવું છે. કરી શકો એમ છો ! રોજ રાતે ફકીર થઈને સૂવું. ભાઈ ભાઈ ! સંન્યાસી થઈને રોજ રાતે સૂવું અને આમે ઊંઘ આવી જાય ત્યારે કંઈ રહેવાનું તો નથી ! હમજણ લઈને શું કામ સૂવું? કેટલો લાભ ! કંઈ રહેતું નથી. બધું જ ખલાસ થવાનું છે. કવિ કાગ કહે છે-

શ્વાસ સદાયે ચાલુ રહે,આમાં કોણ ઊંઘી જાય?

આ શ્વાસ ચાલુ રહે,આમાં સૂઈ કોણ ગયું? મને બહુ ગમે. જીવન જીવવા જેવું છે. પ્રાર્થના કરો ! આવો સંકલ્પ કરો ! સાંજ પડે એટલે ફકીર થઈ જાઓ,ત્યાગી ! તમે સૂતા હો ત્યારે ઈશ્વરને આમ જોવા આવવાની ઈચ્છા થાય કે મારો સાધુ કેમ સૂતો છે ! આમ જીવન વીતે !

(સંકલનઃ જયદેવ માંકડ) ■

# શિવદર્શન તથા શિવપૂજા માટે સમયની કોઈ મર્યાદા નથી

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombay samachar.com



(ગતાંકથી ચાલુ)

**શિવલિંગ** અનંત બ્રહ્મનું પ્રતીક છે તેમ સૂચવતી એક કથા પણ છે. એક વાર બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે વિવાદ થયોઃ કોણ ચડિયાતું? વિવાદ દ્વારા કોઈ નિવેડો આવ્યો નહીં, કોણ ચડિયાતું તે નક્કી થઈ શક્યું નહીં. તે વખતે બ્રહ્મા અને વિષ્ણુની વચ્ચે એક તેજોમય નળાકાર પ્રગટ થયો. આ તેજબિંબ શું છે તે બ્રહ્મા અને વિષ્ણુ સમજી શક્યા નહીં. બંનેએ સાથે મળીને તેનું સ્વરૂપ સમજવાનો, તેનો તાગ લેવાનું નક્કી કર્યું. બ્રહ્મ હંસનું રૂપ ધારણ કરીને વાયુવેગે તે તેજબિંબની ઉપર ગયા અને વિષ્ણુ વરાહનું રૂપ ધારણ કરીને વાયુવેગે તે તેજબિંબની નીચે ગયા. એક હજાર વર્ષ સુધી બ્રહ્માજી ઉપર અને વિષ્ણુભગવાન નીચે ગતિ કરતા રહ્યા, છતાં તે તેજબિંબની સ્તુતિ કરી અને બંનેએ તે તેજબિંબને પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા પ્રાર્થના કરી. તેમની પ્રાર્થનાના પ્રતિભાવરૂપે તે તેજબિંબમાંથી શિવ પ્રગટ થયા અને બ્રહ્મા તથા વિષ્ણુને પોતાના અનંત સ્વરૂપનું જ્ઞાન આપ્યું. ('શિવમહિમ્નસ્તોત્ર': ૧૦.) આ તેજોમય નળાકાર તે જ શિવલિંગ. આ કથા દ્વારા પણ એમ સ્પષ્ટ રીતે સૂચિત થાય છે કે શિવલિંગ અનંત નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વનું પ્રતીક છે.

શિવમંદિરની રચના અને શિવલિંગની પ્રતિષ્ઠા વિશે પ્રાચીન, પરંપરા એવી છે કે શિવલિંગને મંદિરના દ્વારમાંથી ગર્ભગૃહમાં લઈ જવાય નહીં, પરંતુ શિખર પરથી નીચે ઉતારવામાં આવે છે. શિવતત્ત્વ તો અનંત છે, તેને બારણામાંથી અંદર કેવી રીતે લઈ શકાય? દ્વાર સીમિત છે અને શિવતત્ત્વ ઉપર આકાશમાંથી અવતરે છે તેમ સૂચિત કરવા માટે શિવલિંગને શિવમંદિરના બારણામાંથી અંદર લેવાને બદલે શિખરમાંથી નીચે ઉતારવામાં આવે છે.

શિવમંદિરનાં દ્વાર હંમેશાં ખુલ્લાં રહે છે. શિવદર્શન તથા શિવપૂજા માટે સમયની કોઈ મર્યાદા નથી. આમ શા માટે? વિષ્ણુ, જગદંબા, રામ, કૃષ્ણ આદિનાં મંદિરોમાં દર્શન-પૂજન માટે સમયની મર્યાદા હોય છે. શિવમંદિરનાં દ્વાર સૌના માટે સર્વ સમયે ખુલ્લાં રહે છે. આમ હોવાનું કારણ શું છે?

આ વ્યવસ્થા દ્વારા એમ સૂચિત કરવામાં આવે છે કે શિવતત્ત્વ કાલાતીત છે. જે કાલાતીત છે તેના મંદિરને કાળની મર્યાદા કેવી રીતે હોઈ શકે?

આમ અનેક દૃષ્ટિકોણથી તપાસતાં સ્પષ્ટ થાય છે કે શિવલિંગ પરબ્રહ્મનું પ્રતીક છે.

**શિવસ્વરૂપનું રહસ્યઃ**

નિરાકાર શિવતત્ત્વના પ્રતીકસ્વરૂપે શિવલિંગ છે. આમ છતાં શિવનું એક સાકાર સ્વરૂપ પણ છે. આ સ્વરૂપ માત્ર કલ્પના નથી, પરંતુ અધ્યાત્મજગતનું એક રહસ્યપૂર્ણ સત્ય છે. આ શિવસ્વરૂપમાં પણ ઘણાં રહસ્યપૂર્ણ અને સાંકેતિક સત્યો સમાયેલાં છે.

**૧. પંચવક્ત્રઃ**

શિવને પંચવક્ત્ર ગણવામાં આવે છે, અર્થાત્ શિવને પાંચ મુખ છે. કોઈક-કોઈક શિવમંદિરમાં પંચમુખ શિવલિંગ પણ હોય છે. શિવનાં આ પાંચ મુખનાં નામ આ પ્રમાણે છેઃ

(૧) સદ્યોજાત, (૨) વામદેવ, (૩) અઘોર, (૪) તત્પુરુષ, (૫) ઈશાન.

આ પંચાભૂતાત્મક સૃષ્ટિમાં સર્વત્ર શિવતત્ત્વ છે, અર્થાત્ આ સૃષ્ટિમાં શિવ પાંચભૂતો દ્વારા વ્યક્ત થાય છે. શિવતત્ત્વ પાંચ ભૂતો દ્વારા વ્યક્ત થાય છે, તેથી તે પંચમુખ છે.

૧. સદ્યોજાત : પૃથ્વીતત્ત્વમાં વ્યક્ત થયેલું શિવમુખ,
૨. વામદેવ : જલતત્ત્વમાં વ્યક્ત થયેલું શિવમુખ,
૩. અઘોર : અગ્નિતત્ત્વમાં વ્યક્ત થયેલું શિવમુખ,
૪. તત્પુરુષ : વાયુતત્ત્વમાં વ્યક્ત થયેલું શિવમુખ,
૫. ઈશાન : આકાશતત્ત્વમાં વ્યક્ત થયેલું શિવમુખ.

**૨. ત્રિનેત્ર :**

શિવ ત્રિનેત્ર છે. બે નેત્ર તો સૌને હોય છે, પરંતુ શિવને કપાળની વચ્ચે ત્રીજું નેત્ર પણ છે. આ તૃતીય નેત્ર શિવની વિશિષ્ટ દૃષ્ટિનું સૂચક છે.

આ જગતનું જ્ઞાન આપણે જ્ઞાનેન્દ્રિયો દ્વારા મેળવીએ છીએ, તેથી જ્ઞાનેન્દ્રિયો પ્રથમ નેત્ર છે. આને જ 'પ્રત્યક્ષ પ્રમાણ' પણ કહે છે. જ્ઞાનપ્રાપ્તિનું દ્વિતીય કરણ બુદ્ધિ છે. જે વિષયનું જ્ઞાન જ્ઞાનેન્દ્રિયો દ્વારા ન મળે તેનું જ્ઞાન બુદ્ધિપૂર્વક વિચારી, શોધીને મેળવવામાં આવે છે. આમ બુદ્ધિ દ્વિતીય નેત્ર છે. આને જ 'અનુમાન-પ્રમાણ' કહે છે. સામાન્ય માનવી પાસે જ્ઞાનપ્રાપ્તિનાં આ બે કરણ છે, અર્થાત્ સામાન્ય માનવી પાસે બે આંખો છે.

અધ્યાત્મજગતનું જ્ઞાન મેળવવા માટે આ બે નેત્રો પર્યાપ્ત નથી. આધ્યાત્મિક જ્ઞાન પ્રત્યક્ષ કે અનુમાન-પ્રમાણનો વિષય બની શકે તેમ નથી, અર્થાત્ તે જ્ઞાનેન્દ્રિયો કે બુદ્ધિ દ્વારા કે બંને દ્વારા સંયુક્ત રીતે પણ મેળવી શકાય તેમ નથી. તો આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન કયું? તે કેવી રીતે મેળવી શકાય? તે માટેનું સાધન છે અપરોક્ષાનુભવ અર્થાત્ દિવ્ય દૃષ્ટિ. જે જ્ઞાન પ્રત્યક્ષ કે અનુમાન (પરોક્ષ) એમ એકેય પ્રમાણથી ન મળે તે જ્ઞાન સાક્ષાત્ દર્શન-અપરોક્ષાનુભવ અર્થાત્ દિવ્ય-દૃષ્ટિથી મળે છે. આ દિવ્યદૃષ્ટિ તે જ જ્ઞાનનું તૃતીય કરણ છે. તેને જ તૃતીય નેત્ર કે શિવનેત્ર પણ કહે છે. શિવ તો જ્ઞાનસ્વરૂપ છે. તેમની દિવ્ય દૃષ્ટિ તો અમોઘ અને સર્વોત્કૃષ્ટ જ હોય. શિવજી આ ત્રણે સ્વરૂપના જ્ઞાનથી સંપન્ન છે. આ ત્રણે પ્રકારના જ્ઞાનનાં કરણો તેમને સદા ઉપલબ્ધ છે, તેથી શિવને ત્રિનેત્ર કહ્યા છે.

**૩. નાગઃ**

શિવના મસ્તક પર ફણિધર નાગ છે. આપણે જોઈ ગયા છીએ કે ફણિધર નાગ જાગ્રત કુંડલિનીનું પ્રતીક છે. જાગ્રત થયેલી કુંડલિનીશક્તિ મૂલાધારથી સહસ્રારમાં પહોંચે છે અને સહસ્રારમાં શિવ-શક્તિનું મિલન થાય છે. આ રહસ્ય ફણિધર નાગ દ્વારા સૂચિત થાય છે. શિવજીનાં શક્તિતત્ત્વ સદા જાગ્રત અવસ્થામાં વિદ્યમાન છે જ. શિવના મસ્તક પર શક્તિ પણ છે જ, કારણ, શિવ શક્તિ-સંલગ્ન છે. શિવના મસ્તકમાં જાગ્રત શક્તિ પણ છે જ તેમ સૂચવવા માટે શિવ-મસ્તક પર નાગ બિરાજમાન છે.

**૪. ચંદ્રઃ**

શિવ-મસ્તક પર દ્વિતીયાનો ચંદ્ર શોભે છે. દ્વિતીયાનો ચંદ્ર કાળનું પ્રતીક છે. ચંદ્રમાં વધઘટ થાય છે. ચંદ્રની કળામાં વૃદ્ધિ અને ક્ષય થયા કરે છે તેના દ્વારા કાળક્રમ સૂચિત થાય છે. શિવજીના મસ્તક પર ચંદ્ર બિરાજમાન છે તેનો અર્થ એમ કે શિવજી કાળને ધારણ કરે છે. જે કાલાતીત હોય તે જ કાળને ધારણ કરી શકે છે. શિવ કાલાતીત છે, પરંતુ કાળને ધારણ કરે છે. આ સત્ય શિવ-મસ્તક પર રહેલા ચંદ્ર દ્વારા સૂચિત થાય છે.

**૫. શુભ્ર-ધવલ-વર્ણઃ**

શિવજીનો વર્ણ શુભ-ધવલ છે. શિવજીને '**रजतगिरिनिभं**' કહેલ છે. '**रजतगिरिनिभं**' એટલે ચાંદીના પહાડ જેવા શુભ્ર-ધવલ-વર્ણ-યુક્ત.

વિષ્ણુ, રામ,, કૃષ્ણ આદિને શ્યામવર્ણ ગણવામાં આવે છે, જગદંબા ગૌરવર્ણ છે, પરંતુ શિવજીનો વર્ણ ઘણો વિશિષ્ટ છે. ચાંદી જેવો શુભ્ર-ધવલ-વર્ણ, જે ઘણો વિશિષ્ટ અને અસામાન્ય ગણાય તેવો વર્ણ શિવજીનો છે. શુભ-ધવલ-વર્ણ દ્વારા એમ સૂચિત થાય છે કે શિવજી શુદ્ધ ચૈતન્ય છે. વળી આ શુભ-ધવલ-વર્ણ ચાંદી સમાન અર્થાત્ પ્રકાશયુક્ત છે. પ્રકાશયુક્ત શુભ-ધવલ-વર્ણમાં પ્રકાશતત્ત્વ અને ધવલતા એ બે અંગો છે. આ બંને અંગો અર્થાત્ લક્ષણો શુદ્ધ ચૈતન્યનાં છે. આપણી અધ્યાત્મપરંપરામાં શુદ્ધ તત્ત્વને ધવલ-વર્ણ દ્વારા અને ચૈતન્યને પ્રકાશતત્ત્વ દ્વારા સૂચવવામાં આવે છે. આમ પ્રકાશયુક્ત ધવલ-વર્ણ દ્વારા શુદ્ધ ચૈતન્ય સૂચિત થાય છે, અર્થાત્ શિવજી એટલે શુદ્ધ ચૈતન્ય.

**૬. મસ્તક પર ગંગાઃ**


શિવજીના મસ્તક પર ગંગાજી બિરાજમાન છે. ગંગા એટલે જ્ઞાનગંગા. ગંગાજી જ્ઞાનનું પ્રતીક છે. શિવજીના મસ્તક પર જ્ઞાનગંગા શોભે છે. શિવજી જ્ઞાનસ્વરૂપ છે તેમ સૂચવવા માટે શિવમસ્તક પર જ્ઞાનગંગા છે. પાર્વતીજી શિવની શક્તિ છે અને ગંગાજી શિવનું જ્ઞાન છે. શિવજી જ્ઞાનશક્તિયુક્ત છે.

આમ, શિવમસ્તક પર રહેલાં ગંગાજી દ્વારા શિવજીનું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ સૂચિત થાયછે. (ક્રમશઃ) ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# જગત છે ઝાંઝવાનું પાણી...



*જગત છે ઝાંઝવાનું પાણી રે, બાકી રહેશે નામ નિશાની,*
*કથા કીર્તન ને સદ ગુરુ સેવા, તમે મોજું લીઓ ને માણી.*
*જગત છે ઝાંઝવાનું પાણી...૦*
*બેલ થઈને બંધાણો પ્રાણી ઘર ધંધામાં ઘાણી,*
*જીવને જમડા આવી લેશે ત્યારે પીવા નહીં દે પાણી..*
*જગત છે ઝાંઝવાનું પાણી...૦*
*માતા પિતા સુત સહુ મતલબનાં, ઓળખી લેજો એંધાણી,*
*કાયા પડતાં કોઈ સાથે નહીં આવે, ઘરની ઘણિયાણી..*
*જગત છે ઝાંઝવાનું પાણી...૦*
*કામની ઝાળમાં વિશ્વ વિંટાણું , મતિ સહુની મૂંઝાણી,*
*કારજ કરતાં કારજ ભૂલ્યો પછી, અંતે મરે પોક તાણી..*
*જગત છે ઝાંઝવાનું પાણી...૦*
*કપટ તજી જેણે કૃષ્ણ ભજ્યા, તેની વેદના વંચાણી,*
*દાસમોરાર કહે અવિચળ રહે છે, સંતો કેરી વાણી રે..*
*જગત છે ઝાંઝવાનું પાણી...૦*

આપણા દરેક સંતકવિએ મનુષ્યજાતને ચેતવણી આપતાં અનેક પદ-ભજનોની રચનાઓ આપી છે. વારંવાર તેઓ શીખ આપે છે કે હે માનવી આ જગત, આ સંસારની માયાઝાળ તો રણમાં દેખાતા ઝાંઝવાના જળ જેવી છે. તમે જેવી કરણી કરશો એવું તમારું નામ રહેશે.ઘાણીના બળદની માફક કાયમ તમારે આ જગતમાં લખચોરાશીના ફેરા ફર્યે જવાનું છે. જો કોઈ સમર્થ પૂરા સદ્ગુરુનું શરણ મળી જાય તો જ આ જનમ-મરણના ફેરામાંથી છૂટી શકાય. જ્યારે આયુષ્ય પૂરું થશે ત્યારે યમરાજાના દૂતો તમને પાણી પીવાનો સમય પણ નહીં આપે, સગાં, કુટુંબ, માત-પિતા, ધણિયાણી કે સંતાનો કોઈ સાથે આવવાનાં નથી. સૌ પોતાના મતલબથી તમારી સાથે જોડાયેલાં છે. મારે હજુ આટલાં કામ કરવાનાં બાકી છે એવી કામ-કામની દોટમાં આખી દુનિયા આંધળીભીંત થઈને દોડી રહી છે, સૌની મતિ મૂંઝાણી છે, અને એટલે તો ભજન,સત્સંગ,સેવા અને સ્મરણ કરીને જે મોજ માણવાની હોય તેને ભૂલી રહ્યા છે, અને અંતે પોક તાણી તાણીને રૂદન કરે છે. જેણે જેણે અંતરમનના કૂડ કપટનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કર્યું છે તેનાં સ્થાન અવિચળ રહ્યાં છે, એની વેદના પરમાત્માએ દૂર કરી છે અને એની જ વાણી કાયમ-સદૈવ ગવાતી રહે છે.

*મહોબત છોડી દે મનવા આખર મર જાના,*
*તેરે તેરે શિર પે જમડા જોરાના..*
*-મહોબત છોડી દે મનવા આખર મર જાના..૦*
*આ દિનકા નહીં દમકા ભરુંસા,*
*પ્રાણ પરદેશી પલમેં કરત પરિયાના..*
*-મહોબત છોડી દે મનવા આખર મર જાના..૦*
*જનમ જહાના, મત કર બુરાના,*
*કર હક્ક બંદગી, જપી લે જુબાના..*
*-મહોબત છોડી દે મનવા આખર મર જાના..૦*
*કહાં કીયા આયા, જાઓગે કહાં આગે,*
*કરેગા હિસાબ તેરા, હોયગા હેરાના..*
*-મહોબત છોડી દે મનવા આખર મર જાના..૦*
*મહેરમ મુરશીદ મહેબૂબ બનાઈ લે,*
*તાહીકા સુમરન કરલે, કરલે સયાના..*
*-મહોબત છોડી દે મનવા આખર મર જાના..૦*
*રજ મોરાર ગુરુ રવિ કે ચરના,*
*અજબ ગુરુએ મિટાયા આવાગમાના..*
*-મહોબત છોડી દે મનવા આખર મર જાના..૦*
*આખર એક દિન, યારા ઉઠ જાના, તેરે સંગ કોઈ ચલે ના નિદાના..*
*- આખિર એક દિન, યારા ઉઠ જાના..૦*
*માત તાત સુત સગાં સનેહી,સો સબ સ્વારથ સજન સયાના,*
*કુટુંબકબીલા કોઈ કામ ન આવે,રેનકા હે સપના રેન વિહાના..*
*- આખિર એક દિન, યારા ઉઠ જાના..૦*
*રાજપાટ શિર છત્ર સિંહાસન, સો સબ છોડ ચલા સુલતાના,*
*લંકા જેસી રાવણ રાજધાની, ક્ષણમેં ખપ ગયે ખાક મસાના..*
*- આખિર એક દિન, યારા ઉઠ જાના..૦*
*સદ્ગુરુ સેવા સાહેબ સુમિરન, પાયા અવિચલ પદ નિર્વાણા,*
*રજ મોરાર રવિકે ચરને, કર બંદગી તબ હોયગા કલ્યાણા..*
*- આખિર એક દિન, યારા ઉઠ જાના..૦*

વિશેષ


રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# મનના અશ્વને ક્ષમાની લગામ રાખવી જરૂરી છે

ઘણી વખત પ્રશ્ન પુછાય છે કે આટલા ગુણો હોવા છતાં કોઈ મનુષ્યનું પતન કેમ થયું? જવાબ બહુ સરળ છે. મનુષ્ય એક બહુઆયામી પ્રાણી છે. મનુષ્ય જીવનમાં પળે-પળે સંજોગો બદલાય છે. અને સંજોગો પ્રમાણે મનુષ્યમાં વિવિધ ગુણો હોવા જરૂરી છે. ઉદાહરણ તરીકે, ધૈર્ય એ મુશ્કેલ પરિસ્થિતિમાં ગુણ ગણાય છે, પણ આગ લાગી હોય ત્યારે ધૈર્યની નહિ સમયસૂચકતા પૂર્વકની ઉતાવળ જરૂરી હોય છે. ત્યાં ધીરજ ધરીને બેસીએ તો બધું રાખ થઇ જાય! તેથી મનુષ્યમાં પણ અનેક ગુણો હોવા જરૂરી છે. આ વાત ધર્મને પણ લાગુ પડે છે.

ગોસ્વામી તુલસીદાસે લંકાના રણમેદાનમાં જે ધર્મરથનું વર્ણન કર્યું, તેમાં પણ રથના વિવિધ ભાગને મનુષ્યના વિવિધ ગુણો સાથે જોડીને ધર્મના માર્ગ પર વિજય મેળવવા મનુષ્યમાં કયાકયા ગુણો હોવા જોઈએ તે સમજાવ્યું છે. તુલસીદાસજી કહે છે, કે તમે સત્યનું પાલન કરતા હો, તમે સદાચારી હો, તમારામાં બળ હોય, તમે વિવેકી હો, તમે ઇન્દ્રિયોને તમારા વશમાં રાખી હોય, અને પરોપકારી પણ હો. છતાં ધર્મના માર્ગમાંથી ચલિત થઇ શકો છો. કેવી રીતે? તમારા ધર્મ માર્ગમાં દિશા આપનાર રથની ધુરા સમાન સદ્ગુણો જો તમારામાં ન હોય તો. રથની ધુરા સમાન સદ્ગુણો કયા છે, તે સમજાવતા ગોસ્વામીજી કહે છે, ક્ષમા, દયા અને સમતા રૂપી દોરીથી ધર્મનો રથ યોગ્ય દિશામાં જાય છે.

અહીં તુલસીદાસે આગળ બતાવેલા સદ્ગુણો સાથે મનુષ્યમાં કઈ વૃત્તિઓ હોવી જોઈએ તેનો સરસ મેળ બતાવ્યો છે. મનુષ્ય બળશાળી હોય પણ જો તેનામાં ક્ષમાનો ગુણ ન હોય તો એ ઉદ્ધત વર્તન કરવા માંડે.



બાણભટ્ટ રચિત હર્ષચરિતમાં કહ્યું છે, ક્ષમા હિ મૂલં સર્વતપસામ. અર્થાત, ક્ષમા સર્વ તપસ્યાનું મૂળ છે. શું કૃષ્ણ બળવાન નહોતા? તેમ છતાં શિશુપાલના સો ગુના માટે ક્ષમા આપવાનું વચન આપ્યું. તેઓ ચાહત તો પહેલી વારમાં જ તેનું મસ્તક ધડથી જુદું કરી શક્યા હોત. પરંતુ તેમણે દંડ કરતા ક્ષમાને પ્રાધાન્ય આપ્યું. ક્ષમા આપવી બહુ અઘરી છે. ક્ષમા વિરસ્ય ભૂષણમ, એમ ને એમ નથી કહેવાયું. તીર્થંકર મહાવીરે અનેક ઉપસર્ગો સહ્યા અને સર્વને ક્ષમા આપી. બાકી, અંગૂઠાના સ્પર્શથી મેરુ પર્વત ધ્રુજાવી દેવાની તાકાત હતી. ઈશુ ખ્રિસ્તે પણ યાતનાઓ આપનાર પ્રત્યે ક્ષમાનો ભાવ બતાવતા કહ્યું હતું, કે હે ભગવાન આમને ક્ષમા કરજે. મહાભારતમાં પાંડવોને અનેક અન્યાયો થયા, પણ માતા તરીકે કુંતીએ શ્રાપ ન આપ્યો, પણ અન્યાયોની હદ વટાવી દેનાર કૌરવોની માતા ગાંધારી સત્ય જાણતા હોવા છતાં ક્ષમા ન આપી શક્યા.

જેમ ક્ષમા આપવા માટે હિંમત જોઈએ, તેમ ક્ષમા માંગવા પણ કાળજું હોવું જોઈએ. પોતાનાથી વયમાં, ક્ષમતામાં, શક્તિમાં, સંપત્તિમાં કે પદમાં નાના હોય તેની ક્ષમા કેટલા માગી શકે છે? આપણા ધર્મોમાં ધર્મનું પાલન કરતા થયેલી હિંસા માટે પણ ક્ષમા માગવામાં આવે છે. આવું વિશ્વના કોઈ અન્ય ધર્મમાં જોવા મળતું હોય તેવું ધ્યાનમાં નથી આવતું. જે નિર્બળ હોય એ તો ભયના કારણે ક્ષમા માગી લે કેમકે સામનો કરવાની તાકાત નથી, તેવી રીતે જા, તને ક્ષમા કરું છું એમ પણ કહી દે, કેમકે સામેવાળો બળવાન હોય. પરંતુ, તાકાત હોવા છતાં ક્ષમા આપવાનું મહત્ત્વ અનેરુ છે. કવિ રામધારી સિંહ દિનકર ખુબ સુંદર લખે છે,

'ક્ષમા શોભતી ઉસ ભુજંગ કો, જિસકે પાસ ગરલ (વિષ) હો; ઉસકો ક્યા જો દંતહીન, વિષ રહિત વિનીત સરલ હો'


જો ક્ષમા આપતી વખતે મોટાપણાનો ભાવ ન હોય, અને ક્ષમા માગતી વખતે ભૂલનો અહેસાસ હોય તો એ ક્ષમા ઉત્તમોત્તમ કહેવાય. કારણકે એ સંપૂર્ણ સમજદારીપૂર્વક આપેલી કે માગેલી ક્ષમા હોય છે. જે સહન કરી શકે તે ક્ષમા આપી શકે. પોતાનો સ્વાર્થ જોઈને ક્ષમા માગે તે સાચી નથી. જેને અહમ ન હોય તે ક્ષમાનું પાલન કરી શકે, જેનામાં કટુતા ન હોય તે ક્ષમા આપી કે માગી શકે. ક્ષમા માટે આત્મબળની જરૂર હોય છે.

તુલસીદાસજીએ રથની લગામ તરીકે ક્ષમાને ગણીને જાણેકે આપણને સંદેશ આપ્યો છે કે મનના અશ્વને ક્ષમાની લગામ રાખવી જરૂરી છે, નહીંતો બેફામ બનેલો મનનો અશ્વ આત્માના પુણ્યનો કચ્ચરઘાણ કાઢી નાખશે. કોઈપણ નાની કે મોટી ભૂલને અતિતમાં જઈને સુધારવી જ્યારે શક્ય ન હોય, ત્યારે ક્ષમા એકમાત્ર ઉપાય છે, જેનાથી આત્માની ગ્લાનિ દૂર થાય છે, સાથે ભૂલની પુનરાવૃત્તિ અટકાવીને આત્મશુદ્ધિ કરે છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# આ તપોભૂમિ છે!



ગત અંકમાં દૈવી ગુણોમાં યજ્ઞની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ તેમાં આગળ 'તપ'નો સમાવેશ કરી રહ્યા છે, તે સમજીએ.

'ભારતીય સંસ્કૃતિમાં તપને આગવું સ્થાન પ્રાપ્ત થયું છે. આ સંસ્કૃતિની ફરફરતી ધજાના મૂળમાં તપ છે એમ કહેવામાં કશું જ અજુગતું નથી. કોઈ પૂછે કે ભારતીય આબોહવા અને પાશ્ચાત્ય વાયરા વચ્ચેનો મુખ્ય ભેદ શું છે?' 'બન્ને વચ્ચેનો એક તફાવત શું હોય શકે?' જો આનો જવાબ એક શબ્દમાં દેવો હોય તો કહી શકાય 'તપ.'

હા, દુનિયાના અનેક દેશો માટે 'ભોગભૂમિ' શબ્દ પ્રયોજાશે પણ શાસ્ત્રો કે મહાપુરુષોએ ભારતની ભવ્ય ભૂમિ માટે 'તપોભૂમિ' શબ્દપ્રયોગ કર્યો છે અથવા તો તપોભૂમિ હોવાથી ભારત આજે પણ 'ભવ્ય' છે.

સંસ્કૃત ભાષામાં માત્ર એક ગ્રન્થથી શાશ્વત કીર્તિમાન સ્થાપનાર 'કીરાતાર્જુનીયમ્' મહાકાવ્યના પ્રણેતા 'ભારવિ કવિ' કહે છે કે 'તપસ્વી માટે કયું કાર્ય સરળ નથી ?!' એટલે કે બધું જ સરળ છે તો 'મહાપુરાણ ભાગવતે' ભગવાનના ઓગણચાલિસ ગુણોમાં 'તપઃ' શબ્દ કહ્યો છે એટલે કે 'તપ એ સ્વયં ભગવાનનો ગુણ છે.'

પરંતુ 'આ તપનાં કેટલા પ્રકાર?' ને 'તપથી શું લાભ પ્રાપ્ય છે?' તો ભગવદ્ગીતાના ૧૭ મા અધ્યાયમાં ત્રણ પ્રકારનાં તપ દર્શાવ્યા છે. 'પહેલું 'શારીરિક તપ' એટલે કે બ્રહ્મચર્ય, વડીલ-જ્ઞાનીનો આદર. બીજુ 'વાંગ્મય તપ' એટલે કે વાણી સંબંધી તપ, જેમાં સત્ય, પ્રિય ને હિતકારી વચન જ બોલવું, વેદાદિ શાસ્ત્રાભ્યાસ કરવો ને ત્રીજું 'માનસિક તપ' એટલે મનની પ્રસન્નતા, મૌન, આત્મવિનિગ્રહ, ભાવની શુદ્ધિ.'

આપણી સંસ્કૃતિ આપણને શારીરિક તપથી લઈને ભાવની શુદ્ધિ સુધી પહોંચાડે છે. કદાચ શારીરિક તપ તો વ્યક્તિનાં સ્વાસ્થ્ય-શ્રદ્ધા-સ્થિતિ આદિ કારણોથી જુદા-જુદા હોઈ શકે પરંતુ અન્ય બે પ્રકારનાં તપ તો સર્વે માટે અનિવાર્ય છે, જો પોતાનાં ક્ષેત્રમાં સફળ ને સર્વેનાં આદરપાત્ર બનવું હોય તો તપ અનિવાર્ય છે.

વિશ્વવંદનીય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રતિવર્ષ ચાતુર્માસમાં ધારણા-પારણા જેવા વ્રત કરતા ને તેઓનો ભોજન પર સંયમ સાંભળતા તો આજે પણ સૌને આશ્ચર્ય થાય છે.

વર્ષ ૧૯૭૬માં તેઓએ ચાતુર્માસમાં પંદર દિવસ ધારણા-પારણાં કર્યા હતાં, જેમાં એક દિવસ નિર્જળ ઉપવાસ ને બીજા દિવસે ભોજન કરવાનું હોય. ૨૪/૭ મી તારીખે પારણા હોવા છતાં સાંજે ચાર વાગ્યા પછી તેઓએ પાણી પણ નહોતું પીધુ તેથી સંતોએ ભોજન જમવા કહ્યું તો તેઓ કહે, 'આજે ધારણા-પારણાં પૂરાં થઈ ગયાં છે, એટલે જમવું નથી.' આ સાંભળી સૌએ વિચાર્યું કે 'કાલે તેઓ કાંઈક ભોજન અવશ્ય ગ્રહણ કરશે.'

૨૫/૭/૧૯૭૬ ના દિવસે જ્યારે સંતોએ અલ્પાહાર મૂક્યો તો બાપા કહે, 'આ બધું કેમ લઈ આવ્યા ? આજે તો ઉપવાસ છે.' એમ કહી યુક્તિપૂર્વક બે દિવસ જેટલું સવાયુ તપ કરી લીધું. 'દુનિયામાં ખાવા-પિવામાં યુક્તિ-પ્રયુક્તિ થતી હોય પરંતુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તપ કરવામાં યુક્તિ કરતાં. કેવી તપોનિષ્ઠા?!'

ત્યારબાદ વાણી પર સંયમ એ ખૂબ જ મહાન તપ છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામી તો કહે છે કે 'રામાયણ ને મહાભારત યુદ્ધ એ વાણી પરના અસંયમનું ફળ છે.' હા, રાવણ અને દુર્યોધનની કુત્સિત વાણી યુદ્ધને સળગાવવા જ તત્પર હતી. માટે અવશ્ય વાણી-વિવેક રાખવો ઘટે છે, તેમાં પણ જ્યારે આપણા સદ્વર્તન સામે કોઈ વિના વાંકે આરોપ ઠાલવે ત્યારે શ્વાસ ચાલતા હોવા છતાં મરણ જેવી અનુભૂતિ થાય છે. સ્વયં ગીતાશાસ્ત્ર કહે છે કે 'પ્રતિષ્ઠિત પુરુષોનું અપમાન એ મરણથી પણ વસમું છે.'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૯૬૬ માં અમદાવાદ હતા ત્યારે ત્યાં મંદિર આવી એક વ્યક્તિએ અણસમજણ કે પૂર્વાગ્રહથી હળહળતું અપમાન કર્યું ને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૯૭૬માં એક હોસ્પિટલ મુલાકાત લેતા હતાં ત્યાં એ જ મુરબ્બીની હૃદયરોગની સારવાર ચાલતી હતી. 'ઈંટનો જવાબ પત્થરથી' નહીં પણ 'ઈંટનો જવાબ અત્તરથી' આપનારા સ્વામી સમય કાઢી તેઓને મળ્યા ને સુસ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી ત્યારે તેઓની પ્રિયવાણી ને પોતા પ્રત્યેની ભાવશુદ્ધિથી એ અપમાન કરનાર પણ રડવા લાગ્યા.

આમ, શરીર-વાણી-મનનું ત્રિવિધ તપ માનવને ત્રિલોકાતીત ને ત્રિગુણાતીત બનાવી દે છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃત શાસ્ત્રમાં નૈમિષારણ્ય ક્ષેત્રમાં પ્રગટ ગુરુ કે ભગવાનને રાજી કરવા તપ કરવાનો સદુપદેશ આપ્યો છે ને આવા તપથી પ્રસન્ન થઈ એકવાર તેઓ જાળિયા નામે ગામમાં સૌ તપસ્વી પ્રતિ બોલ્યા હતા કે, 'તમે બહુ તપ કર્યું તે અમે રાજી થયા,' તો ચાલો, શરીરની શુદ્ધતાથી, વાણીની સભ્યતાથી ને મનની ભવ્યતાથી તપ કરીએ. ■

ફોકસ

રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# અક્ષય તૃતીયા પર બનવાનો છે દુર્લભ સંયોગ



**અખાત્રીજ** એટલે કે અક્ષય તૃતીયા આ વર્ષે ૩૦ એપ્રિલે મનાવવામાં આવશે. આ દિવસે શુભ સંયોગ બનવા જઈ રહ્યો છે. સૌથી શુભ મુહૂર્તોમાં અક્ષય તૃતીયાનો સમાવેશ થાય છે. અક્ષયનો અર્થ થાય છે, જેનો ક્ષય ન થાય એ. એટલે કે આ દિવસે કરવામાં આવેલાં કાર્યોનું અનેકગણું ફળ મળે છે. આ દિવસે કોઈપણ શુભ કાર્ય મુહૂર્ત જોયા વગર કરવામાં આવે છે.

અક્ષય તૃતીયાના દિવસે પૂજા-પાઠ, દાન-પુણ્ય કરવાનું વિધાન છે. માતા લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની પણ આરાધના કરવામાં આવે છે. એનાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે. ઘરમાં ધન-ધાન્યના ભંડાર ભરેલા રહે છે.

એ દિવસે અતિશય શુભ સંયોગ બનવાનો છે. સર્વાર્થ સિદ્ધિ યોગ બનવાની સાથે શોભન અને રવિનો યોગ પણ બનવાનો છે. એવું કહેવાય છે કે સર્વાર્થ સિદ્ધિ યોગ દરમ્યાન પૂજા કરવાથી તમામ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. માતા લક્ષ્મીની પૂજા કરવાથી સૌભાગ્ય અને સમૃદ્ધિમાં વધારો થાય છે. દાન-પુણ્યની સાથે જ સોના ખરીદવાની પણ પરંપરા છે.

અક્ષય તતીયાના દિવસે બદ્રીનાથ ધામના કપાટ ખોલવામાં આવે છે. આ દિવસે વૃંદાવનમાં બાંકે-બિહારીનાં ચરણોના દર્શન થાય છે.

વિધિ-વિધાન સાથે પૂજાઃ

અક્ષય તૃતીયાના દિવસે સવારે વહેલા ઊઠીને સ્નાન બાદ સ્વચ્છ કપડા પહેરવા. ત્યારબાદ ભગવાન લક્ષ્મીનારાયણની છબી કે પછી મૂર્તિને સ્થાપિત કરવી. માતા લક્ષ્મીને કુમકુમનો અને ભગવાન વિષ્ણુને ચંદનનું તિલક કરવું. માતા લક્ષ્મીને કમળ અને ભગવાન વિષ્ણુને પીળા ફૂલ સમર્પિત કરવા. ત્યારબાદ તેમને ભોગ ધરવો. લક્ષ્મીનારાયણની કથા વાંચીને આરતી કરવી.

ધાર્મિક માન્યતા અનુસાર બ્રાહ્મણોને ભોજન કરાવવુ અને ગરીબ-જરૂરતમંદ લોકોને યથાશક્તિ દાન આપવું.


અક્ષય તૃતીયા સાથે એક પૌરાણિક કથા જોડાયેલી છે. પ્રાચીનકાળમાં એક ધર્મપરાયણ, પરંતુ ગરીબ વૈશ્ય રહેતો હતો. જેને ભગવાન પર અતૂટ શ્રદ્ધા હતી. એક દિવસ એને જાણ થઈ કે વૈશાખ માસની શુક્લ પક્ષની તૃતીયાના દિવસે ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની પૂજા કરવાથી અને બ્રાહ્મણોને દાન આપવાથી અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે. એથી તેણે પણ નક્કી કર્યું કે આ તક હાથમાંથી ન જવી જોઈએ. બ્રહ્મ મુહૂર્તમાં ઊઠીને સ્નાનથી પરવારીને વિધિ-વિધાનથી તે ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની આરાધના કરવા માંડ્યો. સાથે જ પોતાના સામર્થ્ય મુજબ દાન પણ કર્યું. તેના પુણ્યના પ્રતાપે આગલા જન્મમાં તેણે કુશાવતી રાજાના રૂપમાં જન્મ લીધો હતો.

આવી રીતે અક્ષય તૃતીયાના દિવસે કરેલું દાન-પુણ્ય કદીપણ વ્યર્થ નથી જતું, તેનું ફળ તો અનેકગણું મળે છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# સ્વાધ્યાયમાં પ્રમાદને સ્થાન નથી



**સ્વાધ્યાયમાં** પ્રમાદને સ્થાન નથી. પ્રમાદ એ દુશ્મન છે. તે ભક્તિને ખંડિત કરી શકે છે, સાધનામાં વિક્ષેપ લાવી શકે છે, જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરી શકે છે, નિમિત્ત કર્મને આચરવાની પ્રક્રિયામાં વિલંબ કરાવી શકે છે. પ્રમાદ એ જીવનની, કદાચ સૌથી વધુ નકારાત્મક ઘટના છે. પ્રમાદ એટલે જે તે ઉત્કર્ષ માટે યોગ્ય તથા ઈચ્છનીય બાબતને ન કરવા માટેનો પ્રયત્ન. પ્રમાદ એટલે સ્થાપિત ધર્મથી – ઉત્તરદાયિત્વથી વિમુખ થવાની ઘટના. પ્રમાદ એટલે મનની નિષ્ક્રિયતાને આપવામાં આવતું પ્રોત્સાહન. પ્રમાદ એટલે અસ્તિત્વની સ્થૂળતાને મળતું પ્રાધાન્ય. પ્રમાદ એટલે જીવંતતાનો અસ્વીકાર. પ્રમાદ એટલે જીવનના ઘડતરમાં આવેલું વિઘ્ન.

પ્રમાદ એટલે સ્વાધ્યાયથી વિપરીત પ્રક્રિયા. જીવનના ઘડતર માટે, જીવનના વિકાસ માટે, જીવનને યોગ્ય રીતે પરિભાષિત કરવા માટે, જીવનને અર્થપૂર્ણ બનાવવા માટે, જીવનને યોગ્ય દિશા આપવા માટે અને જીવનને સાર્થક બનાવવા માટે અભ્યાસ જરૂરી છે, સ્વાધ્યાય જરૂરી છે, પ્રયત્ન જરૂરી છે, પુરુષાર્થ જરૂરી છે. પ્રમાદ આનાથી વિપરીત પરિસ્થિતિ તથા પરિણામ સ્થાપે. પ્રમાદ થકી જીવનના મુખ્ય ઉદ્દેશ્યને, હેતુને નુકસાન થવાની પૂરેપૂરી સંભાવના હોય છે. સ્વાધ્યાય થકી સફળતા પ્રાપ્ત થઈ શકે, શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકાય અને સમાજમાં એક સ્તરની સ્વીકૃતિ મળે. પ્રમાદને કારણે આનાથી વિપરીત સંભાવના ઊભી થાય.

શાસ્ત્રોના નિયમિત સ્વાધ્યાયથી જે તે બાબત યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજાતી થાય, બુદ્ધિ સત્ય માટે સ્થિર થાય, મન ચંચળતાથી મુક્ત થાય અને પ્રજ્ઞા પ્રખર બને. સ્વાધ્યાયથી ભક્તિમાં ઉન્નતિ સંભવે, જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા ઝડપી બને, યોગીક સાધના સરળ બનતી જાય, કર્મ સાથે સંકળાયેલ સંભવિત ફળની ઈચ્છા લુપ્ત થતી જાય, સત્કાર્ય કરવાનો મહાવરો થાય અને તે બધા સાથે જીવનમાં સકારાત્મકતા વધતી જાય. પ્રમાદની સ્થિતિમાં આ બધી સંભાવના ક્રમશ ક્ષીણ થતી જાય. લાંબા ગાળાના ચોક્કસ પ્રકારના સ્વાધ્યાયથી – અભ્યાસથી જીવનમાં સ્થાપિત થયેલ નકારાત્મક સંસ્કાર ક્રમશઃ નાશ પામે અને અંતઃકરણ શુદ્ધ બને.

શબરી એ પ્રમાદ નહતો કર્યો. ધ્રુવ પણ પ્રમાદથી પોતાની જાતને અલગ રાખી શક્યો હતો. દરેક પરિસ્થિતિમાં પાંડવો પ્રવૃત્ત રહ્યા હતા. શ્રીરામ કે શ્રીકૃષ્ણના જીવનમાં પ્રમાદનું કોઈપણ સ્વરૂપે સ્થાન ન હતું. વધુ પાછળ વિચારવાની જરૂર નથી. મહર્ષિ અરવિંદ કે રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ કે દયાનંદ સરસ્વતી, આદિ શંકરાચાર્ય કે ગોરખનાથ, વિદુષી ગંગાસતી કે મીરાંબાઈ, બધાં જ પોતાની જાતને પ્રમાદથી મુક્ત રાખી શક્યાં હતાં. જીવનમાં તેમણે જે સ્થિતિને પ્રાપ્ત કરી તેની પાછળ તેમનો શ્રદ્ધાપૂર્વકનો – નિષ્ઠાપૂર્વકનો સાતત્યપૂર્ણ અભ્યાસ કારણભૂત હતો એમ કહી શકાય. અભ્યાસ વગર – પુરુષાર્થ વગર – કર્મ વગર આ લોક પણ પ્રાપ્ત ન થઈ શકે તો અન્ય-લોકોની તો વાત જ કેવી રીતે થાય. અને તેથી જ આધ્યાત્મિક વિશ્વમાં પ્રમાદનું કોઈ સ્થાન નથી.

સાદી અને સરળ ભાષામાં કહીએ તો પ્રમાદ અને પુરુષાર્થ એટલે કે પ્રયત્ન વિપરીત બાબતો છે. જીવનના ઘડતર માટે પ્રયત્નો ચાલુ રહેવા જોઈએ. શરીરને એટલા આરામની પણ જરૂર નથી. મનને એટલી નિષ્ક્રિયતાની પણ જરૂર નથી. શરીર અને મન સારી સ્થિતિમાં જળવાઈ રહે તે માટે પણ પુરુષાર્થ જરૂરી છે. પુરુષાર્થના – પ્રયત્નના અભાવે શારીરિક ક્ષમતા તો ઓછી થાય જ પણ સાથે સાથે માનસિક વ્યભિચારની સંભાવના પણ વધી જાય. પ્રયત્નોના અભાવે શરીર તથા મનમાં સ્થૂળતા વધતી જાય, ઘડપણ જલ્દી આવે, રોગનો હુમલો વધી જાય, સમાજમાં પણ અપ્રિય થવાની સંભાવના વધે, ઇચ્છિતની પ્રાપ્તિ તો ભાગ્યે જ થાય પણ સાથે સાથે ક્યારેક ન્યૂનતમ જરૂરિયાત સંતોષાવાની સંભાવના પણ ઓછી થતી જાય, અને અંતે દરેક પ્રકારનાં અસ્તિત્વ માટે જોખમ ઊભું થાય.

ગીતામાં અભ્યાસ અને વૈરાગ્યનું મહત્ત્વ સમજાવાયું છે. આ અભ્યાસ એટલે હકારાત્મકતા માટે જે તે કાર્ય માટે નિષ્ઠાપૂર્વકની સંલગ્નતા. વૈરાગ્ય એટલે દરેક સાંસારિક પરિસ્થિતિને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી તેનાથી વિમુક્ત થવાની વાત. પ્રારંભિક તબક્કામાં અભ્યાસનું મહત્ત્વ છે, આગળ વધતા વૈરાગ્યનું મહત્ત્વ સ્થપાતું જાય. અભ્યાસનો અભાવ હોય તો કદાચ વૈરાગ્યની સમજ જ સ્થાપિત ન થાય. અભ્યાસ પાયો છે તો વૈરાગ્ય તેને આધારે ટકેલી વિચારધારા છે. અભ્યાસ શરૂઆત છે તો વૈરાગ્ય અંતિમ પડાવ છે. અભ્યાસ સાધન છે તો વૈરાગ્ય હેતુ છે. અભ્યાસ કાર્મિક છે તો વૈરાગ્ય જ્ઞાન છે. અભ્યાસ એટલે જ પ્રથમ ડગલું. પ્રમાદને કારણે આ પ્રથમ ડગલું જ અસંભવ બની રહે – અથવા આગળના ડગલાં વિક્ષિપ્ત બની રહે. આધ્યાત્મિક પ્રવાસમાં પ્રમાદનું કોઈ સ્થાન નથી.

ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટે જે પ્રકારની ભક્તિ જરૂરી છે, સાત્વિક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જે પ્રકારની યોગીક સાધના જરૂરી છે, સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ માટે જે પ્રકારની એકાગ્રતા જરૂરી છે, સૃષ્ટિના સમીકરણો સમજવા માટે જે પ્રકારની જિજ્ઞાસા અને તે દિશાના પ્રયત્નો જરૂરી છે, હૃદયમાં સ્થિત શ્રીરામની અનુભૂતિ કરવા જે પ્રકારની શુદ્ધતા જરૂરી છે – તે બધું જ સ્વાધ્યાય થકી પ્રાપ્ત થઈ શકે. આ બધામાં પ્રમાદ એક બાધા છે.

પ્રમાદ માટેની સૌથી વધુ માગણી મનની હોય તેમ લાગે છે. મનને સમજાવવું પડે. સાચી સાચી અને સારી સારી વાતો મનને સતત જણાવવી પડે. મનને શાસ્ત્રના વાંચનમાં, સતપુરુષના સત્સંગમાં, આધ્યાત્મની ચર્ચામાં, શુભ વિચારોમાં, હકારાત્મક ચિંતનમાં અને સાત્ત્વિક માનસિક કસરતમાં વ્યસ્ત રાખવું પડે. મનને સમજાવવું પડે કે પ્રમાદના નુકસાન કેવાં છે, કેટલાં જોખમી છે, કેટલાં ભયંકર છે, કેવી કેવી રીતે વિનાશકારી છે. મન આમ તો કહ્યાગરું હોય છે. તેને યોગ્ય રીતે સમજાવવામાં આવે તો તે માની જાય. તેની સાથે તર્કબદ્ધ ચર્ચા પણ કરવી પડે. તેને તેની ભાષામાં સમજાવવું પડે. ઇતિહાસ સાક્ષી છે કે અંતે મન માની જતું હોય છે. પછી મન પ્રમાદનો ત્યાગ કરી સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થશે જ.

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

## વિવિધ સાહિત્ય કૃતિઓના સર્જક નિષ્કુળાનંદ

# પ્રેમભક્તિભાવનાં પદોમાં ભારે સંયમ સાથે શૃંગાર...



પ્રભુમિલનની ઝંખના તોષાય અને પ્રગટ પ્રભુની પ્રાપ્તિની પ્રસન્નતા શૃંગારરસની નિષ્પત્તિ કરાવે એ પ્રકારે અભિવ્યક્ત કરી છે.

*'અલબેલાં અંકે આવ્યા રે, ભૂધર ઘણું ભાવ્યા રે;*
*આલિંગન એસું લીધું રે, મારું તનડું ટાઢું કીધુ રે.'*

બીજા એક પદમાં ગાઈ ઊઠે છે કે ૬

*'નમણે નયણાં રે, મુખે મુખ જ ભેળું*
*હૈડે હૈડું રે, ભેદી કીધું ભેળું*
*ઉરે ઉરજ રે, નાભિ નાભિ સાથે*
*દાવે દાવ જ રે, મેલ્યા નટવર નાથે*
*ક્રીડા કરતા રે, ઓછપ ન રાખી અંગે*
*પતિ રતિનો રે જાણું રાચ્યો રંગે.'*

રાસલીલાનું સુખ પામીને પરમાનંદની ભાવાનુભૂતિને પ્રગટાવતું અને પછીથી પ્રભુના આતિથ્યનું એક પદ મને ભારે હૃદયસ્પર્શી જણાયું છે.

*'આજ મારે દિવાળી રે દિવાળી,*
*હાંરે ઘેર્ય આવ્યા વાલો વનમાળી.'*
*'આવીને બેઠા આસન વાળી*
*હાંરે ઘણું ભાવે રયા છે ભાળી રે...*
*વળી વાત કરે છે વાલ્યમ રસાળી*
*હાંરે હસી-હસીને લિયે છે તાળી રે...*
*શોભે છે મૂર્તિ અતિ મર્માળી*
*તેને નિષ્કુળાનંદે નિહાળી રે...'*

મારી દૃષ્ટિએ પ્રેમભક્તિભાવના પદોમાં શૃંગારને પણ ભારે સંયમથી આલેખીને નિષ્કુળાનંદજીએ એમની શિષ્ટ ભક્ત વ્યક્તિમતાની ઓળખ વૈરાગ્યભાવના કવિએ પ્રગટાવી છે. મૂળ ભાવવિશ્વ તો વૈરાગ્યનું છે. 'જનની જીવો રે ગોપીચંદની' પદ અને 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિનાં' જેવા પદો તો એમની 'સિગ્નેચર પોએમ' ગણાયા છે. એમના બીજા એવા ઘણાં પદો પણ અવલોકવા જેવા છે.

*'વેરાગને રે વિઘન ઘણાં તાકી રહ્યા તૈયાર જી*
*માન મોટાઈ ઈચ્છે મારવા ઢોળવા ધન નાર જી.*
*ઉપરના રે અભાવથી ટકે નહીં કદી ટેક જી,*
*પાંચ વેરી પ્રચંડ છે અધિક એકથી એક જી.'*
*'સંગ્ય ચડી જાયે રે શુદ્ધ વૈરાગ્યથી રે*
*શું કહું બૃહત વૈરાગ્યની વડાઈ રે...'*

વૈરાગ્યની મહત્તાને વણી લેતા પદોથી સંખ્યા વિપુલ માત્રામાં છે. આ વૈરાગ્ય સ્મશાન વૈરાગ્ય નથી, પરંતુ અંતઃકરણમાંથી ઉદ્ભવેલો છે. સ્વામિનારાયણ ભક્તિ પરંપરામાં આત્યંતિક કલ્યાણ માટે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ચતુર્વિધ પ્રકારના સાધનોની આવશ્યકતા ગણાઈ છે. આ ચારેય અંગો વિશે વિશેષ માત્રામાં પદોનું સર્જન નિષ્કુળાનંદ દ્વારા થયું જણાયું છે. મને સ્વામિનારાયણીય ધારામાં ધર્મકેન્દ્રી ઊર્મિભાવને અભિવ્યક્તિ અર્પનારા બ્રહ્માનંદ, પ્રેમલક્ષણા ભક્તિભાવને પ્રગટાવનારા પ્રેમસખી પ્રેમાનંદ, જ્ઞાનમાર્ગી શિખરોને ગૂંથી લેનારા મુક્તાનંદ અને વૈરાગ્યને પદમાં વહાવનારા નિષ્કુળાનંદ આગવા પદકવિ જણાયા છે. વૈરાગ્યભાવનું આલેખન ભારે પરિશુદ્ધ રીતે પ્રગટાવતું નિષ્કુળાનંદજીનું એક પદ અવલોકીએ.

*'શુદ્ધ વૈરાગ્યે કરી સેવીએ, પ્રેમે પ્રભુના પાય;*
*માયિક સુખ ન માગીએ, મોહે કરી મનમાય. ૧*
*નિષ્કામી જનની નાથને, સાટી લાગે છે સેવ;*
*જે મોક્ષ આદિ નથી માગતા, નથી ત્યજતા એ ટેવ. ૨*
*સકામ ભક્તની શ્રીહરિ, પૂજા પરહરે દૂર;*
*જાણે માયિક સુખ માગશે, જડબુદ્ધિ જરૂર. ૩*
*શુદ્ધ વૈરાગ્ય વિના સમજો, નર ન હોય નિરાશ,*
*નિષ્કુળાનંદ નિષ્કામથી, રીઝે શ્રી અવિનાશ. ૪*

આવા શુદ્ધ વૈરાગ્ય અને નિષ્કામ ભાવની ભક્તિનો મહિમા કરનારા નિષ્કુળાનંદ એમના કેટલાક પદોમાં તીવ્ર વૈરાગ્યની ભાવનાને આલેખતા પણ અવલોકવા મળે છે. વૈરાગ્ય સંદર્ભનું એમનું આવું આગવું દૃષ્ટિબિંદુ મને મધ્યકાલીન ભક્તિ કવિતામાં અનોખું જણાયું છે.

*'તીવ્ર વૈરાગ્ય તડોવડપે, નાવે સો સો સાધન;*
*તપ તપ તીર્થ જોગ જે કરે, કરે કોઈ જન જગન.'*

મોટા ભાગના પદોમાં આમ નિષ્કુળાનંદની ભક્તિ, વિશેષ રૂપે વૈરાગ્યભાવને અભિવ્યક્તિ અર્પતી જણાઈ છે.

એમની વિપુલ પદારશિમાં તિથિ, વાર અને મહિના પ્રકારની રચનાઓ પણ મને ધ્યાનાર્હ જણાઈ છે. આવી પદશૃંખલામાં બારમાસી વિરહાનુભૂતિનું હૃદયસ્પર્શી નિરૂપણ કરતી હોઈને મને વિશિષ્ટ જણાઈ છે.

ખાસ તો શ્રીહરિ જ્યેષ્ઠ માસમાં અંતર્ધ્યાન થયેલા. એટલે એ મહિનાથી બારમાસી પદોની એક માળા રચી છે. એનો ઉપાલંભી, માર્મિક આરંભ અવલોકીએ... ૬

*'મારા પ્રાણજીવન, આવડલું અમ સાથે રે કહો કેમ કીધું;*
*પહેલા પિયૂષ પાઈ, વ્હાલમજી વાંસેથી વિખડું દીધું.'*

વિરહ-પીડાના દર્દની એક ચીસ પ્રત્યેક મહિનાના આલેખનમાં પામવાનું બને છે.

*'વ્હાલા નેક નોંધારા નાખી અમને રે,*
*નોતું ઘટતું નાથ જાવા તમને રે.'*

આ બારમાસી ઉપરાંત આઠ પદની દાણલીલાના પદોની શૃંખલા એમની શૃંગારરસની અનુભૂતિનું રસપાન કરાવે છે. આ ઉપરાંત બાર પદની શ્રેણી પણ શ્રીમદ્ ભાગવતમાંથી કૃષ્ણ રાધા સાથેની લીલા સંદર્ભે રચાઈ છે.

હૃદયસ્પર્શી ઊર્મિભાવપૂર્ણ વિષયસામગ્રી, વૈરાગ્ય, ભક્તિ અને પ્રેમલક્ષણાભાવની લયાન્વિત અભિવ્યક્તિ એમના પદોનું વિશિષ્ટ ઘટક છે. 'બાંધી મુઠી રાખીએ' જેવી બોલચાલની ભાષાને સમુચિત રીતે પદાવલિમાં કૌશલ્યપૂર્વક ગોઠવીને તેઓ ભાવને રસપ્રદ રીતે આલેખતા અવલોકવા મળે છે. પ્રાસાનુપ્રાસનું લયસૌંદર્ય, વર્ણાનુપ્રાસ, યમકસાંકળી તેઓ સહજ રીતે પદાવલિમાં પ્રયોજતા અવલોકવા મળે છે.

* * *

સામાન્ય ગૃહસ્થી લાલજી, ઈશ્વરના-પ્રત્યક્ષરૂપના શક્તિપાતથી સાધના-ઉપાસના ઉપરાંત સાહિત્યના સર્જનમાં અનુરક્ત રહીને કેવું મહત્ત્વનું, મૂલ્યવાન અને મૌલિક પ્રદાન કરી શકાય તેનું ઊજળું ઉદાહરણ નિષ્કુળાનંદ સ્વામી છે. પૂર્વાશ્રમનો પુત્ર પણ સંતસમુદાયમાં છે એને મળવાનું, એના ભક્તિભાવના કે એની સાથે સત્સંગના કોઈ સંદર્ભો એમના સમગ્ર જીવનમાં ક્યાંય સાંપડતા નથી. અંતકાળે એમના આગમનની, મેળાપની પણ નોંધ કોઈ સમકાલીન સંતસંદર્ભે પ્રાપ્ત થતી નથી. આવા અડગ, અટલ નિર્મોહી, નિષ્પાપ અને નિર્દંભ વ્યક્તિમત્તા ધરાવતા, સાહિત્યશાસ્ત્રના સીધા અભ્યાસ કે અનુભવ વગર પણ વિપુલ, વૈવિધ્યપૂર્ણ અને ગુણવત્તાપૂર્ણ સાહિત્યના સર્જક સંત નિષ્કુળાનંદ સ્વામીનું સાહિત્ય માત્ર સંપ્રદાય નહીં પણ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યક્ષેત્રે મોટી ઘટના છે. આવા ઘટનાપુરુષ, પ્રજ્ઞાવાન સંતની શબ્દસાધનાના અભ્યાસ તથા આસ્વાદના આનંદ સાથે નિષ્કુળાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ.

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# દેવર્ષિ, રાજ્ય કારમા દુકાળથી ત્રસ્ત છે, પણ તમે જો સૂચન આપો તો...


**કૈલાસ** ખાતે માતા પાર્વતી કહે છે, 'સ્વામી તમારી કૃપાથી માનવી ધારે તો દેવ પણ બની શકે અને દાનવ પણ બની શકે છે, તો તમે તેમને એવી સદ્બુદ્ધિ આપો કે તેઓ દાનવ ન બને.' તો ભગવાન શિવ કહે છે, 'મારી કૃપા અને વરદાન મેળવી માનવી પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે, તેને દાનવ બનતાં હું કેમ રોકી શકું. હું તમને મારા બે ભક્તની કથા કહીશ, એક ભક્ત પોતાનું સમગ્ર જીવન સમાજ ઘડતર અને ગૌસેવામાં વિતાવે છે જ્યારે બીજો ભક્ત પોતાના સ્વાર્થ માટે સમાજને કેટલું નુકસાન પહોંચાડે છે તે તમને જ્ઞાત થશે. મારો પ્રખર ભક્ત એટલે મૂળનાથ અલકાપુરીના પદ્મ સરોવરના કિનારે નિવાસ કરે છે. તેણે પંચાક્ષર મંત્રના જાપ દ્વારા અનેક સિદ્ધિ પ્રાપ્ત કરી છે, એ સિદ્ધિઓમાં અનેરી એવી પરકાયા પ્રવેશ પણ છે. એક દિવસ મૂળનાથે અસંખ્ય ગાયોને ભાંભરતી અને આંસુ સારતી જોઈ. ગાયોની વચ્ચે જતાં જોયું કે એ ગાયોનો રખેવાળ ગોવાળિયો ત્યાં મૃત્યુ પામ્યો હતો, આટલું દયામણું દૃશ્ય નિહાળી મૂળનાથે પરકાયા પ્રવેશ કરવાની જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે અજમાવવા દૃઢ સંકલ્પ કર્યો અને તે ગોવાળિયાની કાયામાં પ્રવેશ કરે છે. પોતાના રખેવાળને ફરી ઊભેલો જોઈ ગૌમાતાઓ આનંદિત થઈ ઉઠી. ઘરે પહોંચતા જ ગોવાલણી દલી ભોજન પીરસે છે અને પૂછે છે કે, 'આજે કેમ તમે અલગ અલગ લાગો છો, તમારો સ્વર પણ બદલાયેલો કેમ લાગે છે?' ગોવાળિયાના વેશમાં મૂળનાથ કહે છે, 'આજે હું ખૂબ જ થાકી ગયો છું, મારે વિશ્રામ કરવો છે. તારે જે કહેવું હોય તે કાલે કહેજે.' ગોવાલણ દલીએ પોતાની હઠ ચાલુ રાખી, મન ભરીને તમને ભેટવાનું મન થયું છે એમ કહી ગોવાલણ દલી આલિંગન આપવા આગળ વધી. ગોવાળિયો 'અરે! શિવશંભો... શિવશંભો કહેતા મૂળનાથ પથારીમાંથી ઊભો થઇ ડેલી તરફ દોડયો. ગોવાળિયાની મનસ્થિતિનો તાગ ન મળતાં ગોવાલણ દલી રાત્રે પોતે ઓરડામાં સૂતી અને ગોવાળને ઓસરીમાં ખાટલો પાથરી આપ્યો. મૂળનાથે આખી રાત 'ૐ નમઃ શિવાય'નો જાપ કર્યો, તેને ઊંઘ આવતી નહોતી કે હવે પરકાયા પ્રવેશની વાત ગોવાલણ દલીને કઈ રીતે કહેવી. મૂળનાથ આખરે બધી હકીકત ગોવાલણ દલીને કહી સંભળાવી અને ત્યાંથી પેલા એકાંત સ્થળે જ્યાં પોતાનું શરીર મૂક્યું હતું ત્યાં ગયો પણ તેને પોતાનું શરીર ન મળ્યું. ભગવાન શિવે તેને આકાશવાણી દ્વારા આદેશ આપ્યો કે , 'દૂર પૂર્વ દિશામાં એક અપૂજ્ય શિવમંદિર છે તે ખંડિયેર અવસ્થામાં છે એ મંદિરનો જીર્ણોદ્ધાર કર અને ગૌસેવામાં જીવન વ્યતીત કર.' ભગવાન શિવનો આદેશ સ્વીકારી પૂર્વ દિશામાં આવી એ ખંડિયેર મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને અનેક ગૌશાળા બનાવી હજારો ગૌમાતાની સેવામાં જીવન વ્યતીત કર્યું. વૃદ્ધાવસ્થામાં અંત સમયે મૂળનાથે પીપળાના વૃક્ષ નીચે સમાધી લગાવી, પંચાક્ષરી મંત્રનો જાપ કરી પરકાયા પ્રવેશ કરેલ ગોવાળના શરીરનો ત્યાગ કર્યો અને કૈલાસ લોકને પામ્યો.

* * *

માતા પાર્વતીઃ 'સ્વામી તમે તમારા એક ભક્ત મૂળનાથની કથા તો સંભળાવી હવે તમારા બીજા ભક્તની કથા સંભળાવો.'

ભગવાન શિવઃ 'મારા બીજા ભક્ત છે શુક્રાચાર્ય, તમે એમના વિશે બધું જ જાણો છો. તેમણે પોતાનું પદ અને મહત્ત્વકાંક્ષાને એટલું મહત્ત્વ આપ્યું છે કે તેની કોઈ સીમા નથી. હજારો વરસ અગાઉ તેમણે મારી આરાધના કરી મૃતસંજીવની વિદ્યા પ્રાપ્ત કરી હતી. દેવાસુર સંગ્રામમાં તેમણે મૃતસંજીવની વિદ્યાના પ્રયોગથી લાખો અસુરોને જીવિત કર્યા હતા, મૃતસંજીવની વિદ્યાનો ખોટો ઉપયોગ થતાં અંતે મૃતસંજીવની વિદ્યા પણ મૃત પામી હતી, તેમની મહત્ત્વકાંક્ષાથી હજારો અસુર ઉત્પન્ન થયા અને એ હજારો અસુરનો વિનાશ પણ થયો, જો તેમણે પોતાની વિદ્યાનો ઉપયોગ સંસારના ઉત્થાન માટે કર્યો હોત તો તેઓ આજે સંસારમાં દેવ તરીકે પૂજાતા હોત.

* * *



ભગવાન શિવ અને માતા પાર્વતી કાશી જવા નીકળી પડે છે, આકાશ માર્ગે આગળ વધતાં તેઓ કનોજ પહોંચે છે. ગઢવાલની રાજકુમારી વલ્લભા માતા પાર્વતીના સહેલી હતાં. બંને વચ્ચે અનન્ય મૈત્રી. વલ્લભાના લગ્ન કનોજના રાજા યશધવલ સાથે થયાં હતાં. કનોજ રાજ્ય જોતાં જ માતા પાર્વતી મૈત્રી વલ્લભાને મળવા ઉત્સુક થાય છે અને સખી વલ્લભાને મળવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

ભગવાન શિવઃ દેવી, તમારી સખી તો શક્તિસંપન્ન રાજ્યની મહારાણી છે, એ તમને યોગ્ય માન-પાન આપશે?'

માતા પાર્વતીઃ 'ચોક્કસ સ્વામી, મારી સખી આપણને ૨-૪ દિવસ રોકી જ લેશે.'

માતાની ઇચ્છાને માન આપી ભગવાન શિવ કનોજના રાજમહેલમાં પધારે છે. માતા પાર્વતી અને ભગવાન શિવને જોઈ કનોજ નરેશ યશધવલ શાહી સન્માન સાથે તેમનું સ્વાગત કરે છે. સખી દ્વારા કંઈપણ ન કહેતાં માતા પાર્વતી પોતાના પતિ ભગવાન શિવ સાથે ત્યાં બેચાર દિવસ રોકાવાની ઇચ્છા વ્યક્ત કરે છે. વલ્લભાએ માતા પાર્વતીને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે, 'સખી તારો પતિ જોગી છે, તેનો ભયંકર વેશ નિહાળી સૌ કોઈ મારી મશ્કરી ઉડાવશે, માટે તું કનોજમાં બેચાર દિવસ રોકાવાનો વિચાર માંડી વાળ અને સત્વરે કનોજ છોડી દે તો સારું.'

પોતાની વ્હાલસોયી સખીના મુખે શિવનિંદા સાંભળીને માતા પાર્વતીનો ક્રોધ ભભૂકી ઊઠે છે, તેમણે પોતાના પગની માછલી ત્યાં ઉતારીને ચૂપચાપ ફેંકી દીધી અને તે જ ક્ષણે કનોજ છોડીને ચાલ્યાં ગયાં.

માતા પાર્વતી અને ભગવાન શિવના ગયા પછી કનોજનગરી પર વિપત્તીના વાદળો છવાયાં. વર્ષાઋતુમાં વાદળો ઘેરાય, પવન ફૂંકાવા માંડે પણ વાદળો વરસ્યા વિના વિખેરાય જાય. ચોતરફ દુષ્કાળના ઓળા છવાઈ ગયાં. કૂવા, તળાવ, નદી, નાળા સાવ સૂકાઈ ગયાં. ભયંકર ગરમીને લીધે કનોજ રાજ્યની ધરતી પર તિરાડો પડવા લાગી. લોકો હિજરત કરવા માંડતા લગભગ અડધું કનોજ ખાલી થઈ ગયું.

રાજા યશધવલ પોતાના રાજ્યની આવી પરિસ્થિતિ જોઈને ચિંતાગ્રસ્ત બની ગયાં. તેમણે આદેશ આપ્યો કે રાજ્યના બધા પંડિતો અને બુદ્ધજીવીઓ રાજસભામાં આવતીકાલે હાજર થાય. આદેશ થતાં જ બીજે દિવસે રાજ્યના બધા જ પંડિતો અને બુદ્ધજીવીઓ હાજર થઈ ગયા.

રાજા યશધવલઃ 'આપણા રાજ્યના બુદ્ધજીવીઓ અને પંડિતોનું રાજસભામાં સ્વાગત છે. ઘણા સમયથી રાજ્યમાં વરસાદ પડયો ન હોવાથી દુકાળ પડયો છે, રાજય ઘેરા સંકટમાંથી બહાર આવે તેવું સૂચન કરશો તો તમારી મહેરબાની થશે.'

એક પંડિતઃ 'મહારાજ , આપણે દુકાળનો અંત લાવવા વરુણદેવને પ્રસન્ન કરવા જોઈએ, તેમના યજ્ઞ કરવા જોઈએ.'

એક બાદ એક રાજ્યના પંડિતો અને બુદ્ધજીવીઓની ઇચ્છા હતી કે મહારાજ વરુણ દેવને પ્રસન્ન કરવા યજ્ઞનું આયોજન કરે. તેમના સૂચનનો સ્વીકાર કરી રાજા યશધવલ ૧૦૦૧ કુંડી યજ્ઞનું આયોજન કરે છે. યજ્ઞ પૂર્ણ થઇ ગયાં પણ વરસાદ વરસ્યો જ નહીં. સંપૂર્ણ રાજ્યને કારમા દુકાળે ઘેરી લીધું.

દેવર્ષિ નારદ ત્યાંથી પસાર થતા હતા તેમણે જોયું કે કનોજ રાજ્ય દુકાળથી ત્રસ્ત છે. તેમણે પોતાની યોગવિદ્યાથી જાણી લીધું કે કનોજ રાજ્યમાં દુકાળ કેમ પડયો છે. તેઓ રાજા યશધવલ પાસે આવે છે.

રાજા યશધવલઃ 'દેવર્ષિ નારદનું સ્વાગત છે, પણ દેવર્ષિ રાજ્ય કારમા દુકાળથી ત્રસ્ત છે, તમે જો સૂચન આપો તો રાજયનો આ દુકાળ દૂર થાય.'

દેવર્ષિ નારદઃ 'હે રાજન! તારી પત્ની વલ્લભાએ ભગવાન શિવ અને માતા પાર્વતીનો આતિથ્યસત્કાર કર્યો ન હતો અને શિવનિંદા કરી હતી. એટલે ત્યારથી તમારા રાજયની દશા બેસી ગઈ છે. અહીંથી ઉત્તર દિશા તરફ કૈલાસ પર 'ત્રિશૂળ' તેમજ 'નંદા-ઘુંઘુટી' નામના બે હિમાચ્છાદિત બરફથી ઢંકાયેલા શિખરો છે. આ બંને શિખરો પરથી નીકળતી ધારા જ્યાં નદીનું સ્વરૂપ ધારણ કરે છે ત્યાં વિશાળ શિલા પર હવનકુંડ છે. એ હવનકુંડમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર જો તું હવન કરીશ તો તારા રાજ્ય પર આવી પડેલું સંકટ દૂર થશે, ભરપૂર વરસાદ વરસશે, જાઓ તમારું કલ્યાણ થાઓ.'

દેવર્ષિનું સૂચન સાંભળી રાજા યશધવલ મહામંત્રીને આદેશ આપે છે કે, મંત્રીઓ, પુરોહિતો, સૈનિકો, સેવકો અને પ્રજાજનો 'ત્રિશૂળ' તેમજ 'નંદા-ઘુંઘુટી' શિખરો પર પહોંચે ત્યાં મહાયજ્ઞનું આયોજન કરવામાં આવશે.

(ક્રમશઃ)■

# રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુએ બે દિવસમાં લીધો પંજાબ સામે બદલો

## વિરાટ કોહલીની અડધી સદી



મુલ્લાનપુરઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૩૭મી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પંજાબ કિંગ્સને તેમના ઘરઆંગણે સાત વિકેટે હરાવ્યું હતું. બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા પંજાબે ૨૦ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૧૫૭ રન કર્યા હતા. જેના જવાબમાં બેંગલુરુએ ૧૮.૫ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું હતું. ૧૮ એપ્રિલના રોજ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બંને ટીમો વચ્ચે મેચ રમાઈ હતી, જેમાં પંજાબ કિંગ્સનો વિજય થયો હતો.

આઇપીએલ ૨૦૨૫માં બેંગલુરુની આ પાંચમી જીત છે. આરસીબી તરફથી વિરાટ કોહલી અને દેવદત્ત પડિક્કલે અડધી સદી ફટકારી હતી. નોંધનીય છે કે વિરાટ હવે આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે.

વિરાટ કોહલી ૭૩ રન કરીને અણનમ રહ્યો હતો. દેવદત્ત પડિક્કલે ૬૧ રન કર્યા હતા. આ જીત સાથે બેંગલુરુની ટીમ ૧૦ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. પંજાબની ટીમ ચોથા સ્થાને સરકી ગઈ છે. તેના પણ ૧૦ પોઈન્ટ છે. પંજાબે અત્યાર સુધી આઠમાંથી પાંચ મેચ જીતી છે અને ત્રણમાં હારનો સામનો કરવો પડ્યો છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ૧૫૮ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જેના જવાબમાં આરસીબીની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ફિલ સોલ્ટ પહેલી ઓવરમાં માત્ર ૧ રન કરીને આઉટ થઈ ગયો હતો, પરંતુ તે પછી વિરાટ કોહલી અને દેવદત્ત પડિક્કલે ૧૦૩ રનની ભાગીદારી સાથે ટીમનો વિજય નિશ્ચિત કર્યો હતો. બેંગલુરુએ ૧૦૯ રનના સ્કોર પર પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી, ત્યારબાદ કેપ્ટન રજત પાટીદાર વધુ સમય ક્રીઝ પર ટકી શક્યો નહીં અને ૧૨ રન કરીને આઉટ થયો હતો.

પ્રથમ બેટિંગ કરતા પંજાબ કિંગ્સે છ વિકેટે ૧૫૭ રન કર્યા હતા. પંજાબની શરૂઆત સારી રહી હતી પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહે મળીને ૨૬ બોલમાં ૪૨ રનની ભાગીદારી કરી હતી. પ્રિયાંશને સ્પિનર કૃણાલ પંડ્યાએ આઉટ કર્યો હતો. પ્રિયાંશે ૧૫ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૨ રન કર્યા હતા.

ત્યારબાદ કૃણાલે બીજા ઓપનર પ્રભસિમરન સિંહને પણ આઉટ કર્યો. પ્રભસિમરને ૧૭ બોલમાં ૩૩ રનની ઇનિંગ રમી હતી. કેપ્ટન શ્રેયસ પાસેથી મોટી ઇનિંગ રમવાની અપેક્ષા હતી પરંતુ છ રન કર્યા બાદ આઉટ થયો હતો. જ્યારે નેહલ વઢેરા પાંચ રનના વ્યક્તિગત સ્કોર પર રન આઉટ થયો હતો. આરસીબી તરફથી સુયશ શર્મા અને કૃણાલ પંડ્યાએ બે-બે વિકેટ લીધી હતી અને રોમારિયો શેફર્ડને એક સફળતા મળી હતી. ■

# મુંબઇ ઈન્ડિયન્સે ચેન્નઈને નવ વિકેટથી હરાવ્યું

## રોહિત-સૂર્યકુમારની તોફાની બેટિંગ

મુંબઇઃ ઇન્ડિયન પ્રીમિયર લીગમાં રવિવારે રમાયેલી મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં મુંબઈએ ચેન્નઇને ૯ વિકેટથી હરાવ્યું હતું. આ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ટોસ જીતીને ચેન્નઈને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. ચેન્નઈએ શિવમ દુબે અને રવિન્દ્ર જાડેજાની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૭૬ રન કર્યા હતા. જેના જવાબમાં મુંબઈએ રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવની વિસ્ફોટક બેટિંગની મદદથી ૧૬મી ઓવરમાં જ લક્ષ્યનો પીછો કર્યો અને મેચ ૯ વિકેટથી જીતી લીધી હતી.

૧૭૭ રનના લક્ષ્યાંકના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત શાનદાર રહી હતી. રોહિત શર્મા અને રિયાન રિકેલ્ટન શાનદાર ફોર્મમાં જોવા મળ્યા હતા. બંને વચ્ચે ૬૩ રનની ભાગીદારી થઈ. રિકેલ્ટનને ૭મી ઓવરમાં જાડેજાએ આઉટ કર્યો હતો. પરંતુ આ પછી રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવ વચ્ચે એક શાનદાર ભાગીદારી જોવા મળી હતી. બંનેએ છગ્ગા અને ચોગ્ગાનો વરસાદ કર્યો. બંનેએ તોફાની અડધી સદી ફટકારી હતી. બંનેએ મળીને ૧૧૪ રનની ભાગીદારી કરી હતી. એક તરફ રોહિત શર્માએ ૪૫ બોલમાં અણનમ ૭૬ રન કર્યા હતા. બીજી તરફ સૂર્યકુમાર યાદવે ૩૦ બોલમાં ૬૮ રન કર્યા હતા. ચેન્નઇ માટે એકમાત્ર સફળતા રવિન્દ્ર જાડેજા તરફથી મળી હતી. મુંબઈની આઠ મેચમાં આ ચોથી જીત છે અને તે આઠ પોઈન્ટ સાથે ટેબલમાં છઠ્ઠા સ્થાને આવી ગઈ છે. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નઇની શરૂઆત સારી રહી ન હતી. રચિન રવિન્દ્ર અને શેખ રશીદે ધીમી શરૂઆત કરી હતી. રચિન રવિન્દ્રએ ચોથી ઓવરમાં જ પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી ૧૭ વર્ષીય આયુષ મ્હાત્રેએ શાનદાર બેટિંગ કરી હતી. મ્હાત્રેએ ૩૨ રન કર્યા હતા જેમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગાનો સમાવેશ થાય છે. ■

# આઈપીએલમાં આજે કોલકાતા સામે થશે ગુજરાતના બેટ્સમેનોની ખરી કસોટીઃ પ્લેઓફ પર રહેશે નજર

કોલકાતાઃ ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સોમવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મેચમાં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે ત્યારે તેમના બેટ્સમેન પાસેથી સારા પ્રદર્શનની આશા રાખશે. કોલકાતા પંજાબ કિંગ્સ સામેની તેમની છેલ્લી મેચમાં ૧૧૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે ૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. બેટ્સમેનોના આ ખરાબ પ્રદર્શનથી તેમનું ટીમ મેનેજમેન્ટ ચોક્કસપણે ચિંતિત હશે.

જોકે, કોલકાતાએ તેના ભૂતપૂર્વ સહાયક કોચ અભિષેક નાયરને તેના ટીમ મેનેજમેન્ટ સાથે ફરીથી જોડ્યા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા તાજેતરમાં નાયરને રાષ્ટ્રીય ટીમના સહાયક કોચ પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. આ પછી તરત જ કોલકાતાએ તેને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

કોલકાતાના ભૂતપૂર્વ સહાયક કોચ નાયરની વાપસી ચોક્કસપણે ટીમને પ્રોત્સાહન આપશે, જેના હાલમાં સાત મેચોમાં છ પોઈન્ટ છે અને પ્લેઓફની દોડમાં ટકી રહેવા માટે બાકી રહેલી સાત મેચોમાંથી ઓછામાં ઓછી પાંચ જીતવાની જરૂર છે.

નાયરે પહેલાથી જ વાઇસ કેપ્ટન વેંકટેશ ઐય્યર અને રમણદીપ સિંહ જેવા બેટ્સમેન સાથે કામ કરવાનું શરૂ કરી દીધું છે, જેઓ આ સીઝનમાં નબળા ફોર્મમાંથી પસાર થઇ રહ્યા છે. આ સીઝનમાં ટીમના સૌથી મોંઘા ખેલાડી ઐય્યરે માત્ર ૧૨૧ રન ફટકાર્યા છે જ્યારે રમનદીપ છ ઇનિંગ્સમાં માત્ર ૨૯ રન કરી શક્યો છે.

આન્દ્રે રસેલે પાંચ ઇનિંગ્સમાં ફક્ત ૩૪ રન કર્યા છે જ્યારે રિંકુ સિંહે ૩૮.૬૬ ની સરેરાશથી ૧૧૬ રન કર્યા હતા. બેટ્સમેનોમાં ફક્ત કેપ્ટન અજિંક્ય રહાણે (૨૨૧ રન, ૨ અડધી સદી) અને યુવાન અંગક્રિશ રઘુવંશી (૧૭૦ રન) એ જ સારો દેખાવ કર્યો છે.

ટોપ ઓર્ડરમાં ક્વિન્ટન ડી કોક અને સુનીલ નરેન કેટલીક મેચોમાં ટીમને સારી શરૂઆત અપાવી છે, પરંતુ તેમના પ્રદર્શનમાં સાતત્યનો અભાવ છે. આ મેચ માટે બે પીચ તૈયાર કરવામાં આવી છે. પીચ અંગેનો નિર્ણય ટીમની રણનીતિના આધારે લેવામાં આવશે. કોલકાતાના ટીમ મેનેજમેન્ટે પહેલાથી જ પીચ પર નારાજગી વ્યક્ત કરી દીધી છે

શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળની ગુજરાત ટાઇટન્સે અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું છે. આ સીઝનમાં તેને અત્યાર સુધી ફક્ત બે મેચમાં જ હારનો સામનો કરવો પડ્યો છે. તેના બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું છે, જેમાં ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણા (૧૪ વિકેટ) અને ડાબોડી સ્પિનર આર સાઈ કિશોર (૧૧ વિકેટ) એ તેની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ■

# અશ્વિને સીએસકે અને ધોની વિશે કંઈ પણ બોલવાનું બંધ કર્યું છે!

ચેન્નઈઃ રવિચન્દ્રન અશ્વિન હાલમાં ચેન્નઈ સુપર કિંગ્સની ટીમમાં છે, પરંતુ તે પોતાની યુટ્યૂબ ચેનલ પર સીએસકે વિશે કે એમ.એસ. ધોની વિશે (તાજેતરમાં એક વિવાદ ચગ્યો એને પગલે) કંઈ પણ બોલી શકે એમ નથી.

તાજેતરમાં અશ્વિનની પોતાની યુટ્યૂબ ચેનલ પર એક જીવંત પ્રસારણ દરમ્યાન એક પેનલિસ્ટે ધોનીનો મુદ્દો છેડ્યો ત્યારે અશ્વિને તેને તરત બોલતો અટકાવ્યો હતો.

અશ્વિને તાજેતરમાં પોતાની ચેનલ પર વર્તમાન આઇપીએલની કેટલીક મેચો વિશે વિશ્લેષણ કર્યું હતું. જોકે તેણે સીએસકે વિશે કંઈ પણ બોલવાનું ટાળ્યું હતું.

વાત એવી છે કે થોડા સમય પહેલાં સાઉથ આફ્રિકાના આરસીબીને લગતા વિશ્લેષક પ્રસન્ના એગોરમે અશ્વિનની ચેનલ પર એવું કહ્યું હતું કે સીએસકેની ટીમમાં આર. અશ્વિન અને રવીન્દ્ર જાડેજા જેવા કાબેલ સ્પિનરો હોવા છતાં શા માટે 'સીએસકેએ અફઘાનિસ્તાનના નૂર અહમદને પોતાની સ્ક્વોડમાં સમાવ્યો છે?'



આ મુદ્દો વિવાદનું મૂળ કારણ છે.

ગયા અઠવાડિયે વીડિયો પરની ચર્ચામાં એક તબક્કે પેનલિસ્ટે અશ્વિન સાથે લિડરશીપ (કેપ્ટન્સી) વિશે વાતચીત કરી હતી જેમાં પેનલિસ્ટે તામિલનાડુ પ્રીમિયર લીગમાંની અશ્વિનની કેપ્ટન્સીને બિરદાવી હતી અને યાદ અપાવી હતી કે તમારી કેપ્ટન્સીમાં જ તમારી ટીમ તામિલનાડુ લીગનું ટાઈટલ જીતી ચૂકી છે.

જોકે પેનલિસ્ટે આ ચર્ચા દરમ્યાન જેવું ધોનીનું નામ લીધું કે તરત જ અશ્વિને પોતાના હોઠ પર આંગળી રાખીને તેને ચૂપ રહી જવા વિનંતી કરી હતી.

ત્યાર બાદ પેનલિસ્ટે વીડિયોમાં તરત જ સ્પષ્ટતા કરાઈ હતી કે અશ્વિન પોતાની ચેનલ પર સીએસકે વિશે કે ધોની વિશે કંઈ પણ બોલી શકે એમ નથી.

પેનલિસ્ટે અશ્વિનને કહ્યું હતું કે 'તમારી વાત સાચી છે, પરંતુ હું તો સીએસકે વિશે કે ધોની વિશે બોલી શકું કારણ કે હું ઓડિયન્સ મેમ્બર છું.'

અશ્વિને ત્યાર બાદ પેનલિસ્ટને કહ્યું હતું કે 'હું ક્યારેય મારી ટીમ વિશે બોલતો નથી. હું રાજસ્થાન રોયલ્સની ટીમમાં હતો ત્યારે પણ એ ટીમ વિશે કંઈ બોલ્યો નહોતો.'

એવું કહીને અશ્વિને સંકેત આપ્યો હતો કે 'મેં સીએસકે વિશે કંઈ પણ બોલવાનું બંધ કર્યું છે એ કંઈ પ્રથમ ઘટના નથી.' ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.


## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| શિખર | ALMS |
| તળેટી | PEAK |
| કળશ | RENUNCIATION |
| સંન્યાસ | PINNACLE |
| ભિક્ષા | LOWLAND |

## ઓળખાણ પડી?

રામાયણમાં સુગ્રીવના રાજમાં આવેલા પર્વતની ઓળખાણ પડી? કર્ણાટક રાજ્યના પ્રસિદ્ધ સ્થળ હમ્પીમાં આ પર્વત આવેલો છે.



અ) નંદાદેવી  બ) મલયગિરિ  ક) વિંધ્યાચલ  ડ) કિષ્કિન્ધા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | સ | ૨ પ્ર | દ | ■ | ૩ અ | ૪ ભિ | ૫ નં | દ | ૬ ન |
| ગે | ■ | તી | ■ | ૭ બ | ■ | ૮ લા | ગ | ■ | ખ |
| ૯ ર | ૧૦ જ | ત | ■ | ૧૧ ર | ૧૨ જા | ઇ | ■ | ૧૩ આ | રા |
| ૧૪ ગ | ડ | ■ | ૧૫ ખ | ■ | ડી | ■ | ૧૬ અ | વ | ળી |
| ■ | ૧૭ ભ | ૧૮ ર | પે | ટ | ■ | ૧૯ પ્ર | તી | ક | ■ |
| ૨૦ શા | ર | ડી | ■ | ■ | ૨૧ વ્યા | વૃ | ત | ■ | ૨૨ સ |
| ૨૩ રી | ત | ■ | ■ | ૨૪ આ | પ | ત્તિ | ■ | ૨૫ વા | હ |
| રિ | ■ | ૨૬ સ | ૨૭ ત | ત | ■ | ■ | ૨૮ સ | મ | જ |
| ૨૯ ક | ૩૦ મ | ■ | ૩૧ મા | તા | મ | ૩૨ હી | ■ | દે | ■ |
| ■ | ૩૩ ધ | રા | શા | ચી | ■ | ૩૪ ન | પા | વ | ટ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | ■ | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ૧૩ | ૧૪ | | ૧૪-અ | ■ | | ■ | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | | | | ■ |
| ■ | | ■ | ૧૯ | | ■ | ■ | | ■ | ૨૦ |
| ૨૧ | ■ | ૨૨ | ■ | ■ | ૨૩ | ૨૪ | | ■ | |
| ૨૫ | | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |
| | ■ | ૨૮ | ૨૯ | ■ | ૩૦ | | ૩૧ | | ■ |
| ૩૨ | | | | | | ■ | ૩૩ | | |

### આડી ચાવી

૧. કાયદા પ્રમાણે (૫)
૫. રાવ, (૪)
૮. વાંદરી પાસે નાચ નચાવે (૩)
૯. વક્રદર્શી, વાંકદેખું (૩)
૧૧. વિશ્વાસઘાત (૨)
૧૨. 'કરાર'નું બહુવચન (૩)
૧૩. પહેલાં---નું લીંપણ થતું (૪)
૧૫. પાણીમાં ખીલેલું, કમળ (૩)
૧૭. રુંવાડું (૨)
૧૮. ઉતાવળ (૪)
૧૯. શરીર, તન (૨)
૨૩. 'ઓગાળવું'નું આજ્ઞાર્થ (૩)
૨૫. ભલાઇ (૩)
૨૬. 'વળગવું'નું આજ્ઞાર્થ (૩)
૨૭. બાતલ, કેન્સલ (૨)
૨૮. માથાકૂટ, અણગમતી વ્યક્તિ (૨)
૩૦. દૂધ જેવું સફેદ પાણી (૪)
૩૨. કડવી ઔષધિ (૨,૪)
૩૩. મારો--- નથી, તને -- નથી (૩)

### ઊભી ચાવી

૧. આકર્ષક, મનમોહક (૫)
૨. જયારે (સં.) (૨)
૩. નાનકડું મંદિર (૨)
૪. રસ ધરાવનાર (૩)
૫. પરિચ્છેદ (૩)
૬. સ્મરણ, સ્મૃતિ (૨)
૭. દગો કરનાર (૪)
૧૦. આધાર વિનાનું (૪)
૧૪. ખેલ, ક્રીડા (૩)
૧૪અ. દિવાળી પર ફોડવાની મજા આવે (૩)
૧૫. તોફાની વાદળ, સંકટ (૪)
૧૬. અરજી (૨)
૨૦. હર્ષ, ખુશી (૩)
૨૧. સંસાર સાથે જોડાયેલું (૪)
૨૨. એકી ટશે (૪)
૨૩. ઓળખાણવાળું (૪)
૨૪. ગાગર (ઘડો)નું બહુવચન (૩)
૨૭. સંખ્યા, આંકડો (૩)
૨૯. બાળવાર્તાનું પાત્ર (૨)
૩૧. દિશાઓ કેટલી? (૨)

## ગુજરાત મોરી મોરી રે

પાંચ હજાર વર્ષ પહેલા શિવલિંગ સ્વરૂપે મળી આવેલું ભડકેશ્વર મહાદેવ મંદિર કઈ જગ્યાએ સ્થિત છે? મહાશિવરાત્રીએ મેળો ભરાય છે.

અ) જૂનાગઢ  બ) ભરૂચ
ક) દ્વારકા  ડ) વેરાવળ

## માતૃભાષાની મહેક

માપસરનું અને માફક બોલવું કળા છે. વિવેકભાન જાળવી બોલવું એ બહુ અઘરું નથી, પણ એની તકેદારી પણ નહીં રાખતા લોકો ખોટી જગ્યાએ તેમજ કવેળાએ ડબકા મૂકતા લોકો માટે કહેવાય છે કે મોટાં વાત કરતાં હોય ત્યાં વચમાં જઈને બોલે, લાલો કહે માલાને તે તો તણખલાની તોલે. આવું કરવાથી ક્યારેક બુદ્ધિનું પ્રદર્શન થઈ જાય છે અને જાતનું અવમૂલ્યન થઈ જાય છે.

## સુડોકુ-૮૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | ૮ | ૩ | | | | | |
| | | | | ૨ | ૮ | | | |
| ૭ | | | ૧ | ૬ | | | ૫ | |
| ૯ | | | ૬ | | ૪ | | | ૨ |
| ૬ | ૪ | | | | | | ૩ | ૭ |
| ૮ | | | ૯ | | ૩ | | | ૫ |
| | ૭ | | | ૫ | ૨ | | | ૧ |
| | | | ૮ | ૩ | | | | |
| | | | | | ૬ | ૫ | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૮ | ૪ | ૨ | ૯ |
| ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૫ | ૩ | ૭ | ૧ |
| ૯ | ૪ | ૩ | ૨ | ૭ | ૧ | ૬ | ૮ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૯ | ૩ | ૨ | ૪ | ૬ |
| ૪ | ૮ | ૨ | ૧ | ૫ | ૬ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૯ | ૪ | ૨ | ૭ | ૧ | ૫ | ૮ |
| ૨ | ૧ | ૪ | ૬ | ૮ | ૯ | ૫ | ૩ | ૭ |
| ૮ | ૩ | ૭ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ |
| ૫ | ૯ | ૬ | ૭ | ૩ | ૨ | ૮ | ૧ | ૪ |

## ઈર્શાદ

દુઃખની છે વણઝાર, કલંદર! પહોંચી વળશું,
રાખ ન મન પર ભાર, કલંદર! પહોંચી વળશું.
-- મુસાફિર પાલનપુરી

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'કહેલું કશું તે મોઘમ યાદ આવે છે'માં મોઘમ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) મઘમઘતું  બ) નામ લીધા વિના  ક) મોંઘવારીનો ભ્રમ  ડ) મસાલાની સોડમ

## માઈન્ડ ગેમ

ભગવાન શિવજીની દિવ્ય શક્તિ સાથે સંબંધ ધરાવતું જ્વાળામુખી મંદિર દેશના કયા રાજ્યમાં સ્થિત છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ઓડિશા  બ) પંજાબ
ક) હિમાચલ પ્રદેશ  ડ) મધ્ય પ્રદેશ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| દેવયાની | યયાતિની પત્ની |
| દધીચિ | વજ્ર માટે હાડકાં આપનાર ઋષિ |
| દમયંતી | નળ રાજાની પત્ની |
| દુર્વાસા | ક્રોધી સ્વભાવના ઋષિ |
| દુષ્યંત | શકુંતલાનો પતિ |

ગુજરાત મોરી મોરી રે
ભાવનગર

ઓળખાણ પડી?
પંચવટી

માઈન્ડ ગેમ
પેરિસ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અહંકાર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ગીતા ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) હર્ષા મહેતા (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) લજિતા ખોના (૧૭) પુષ્પા પટેલ (૧૮) નિખિલ બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ દોશી (૨૨) કિશોર બી. સંઘરાજકા (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન શાહ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) ભાવના કર્વે (૨૯) નિતિન બજરિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અલકા વાણી (૩૨) અરવિંદ કામદાર (૩૩) જગદીશ ઠક્કર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) વિજય આસર (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) દેવેન્દ્ર સંપટ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ

## સ્ટીલ ઉત્પાદન ૩૦ કરોડ ટન સુધી પહોંચશે

નવી દિલ્હીઃ દેશના સ્ટીલ ઉદ્યોગની ઉત્પાદન ક્ષમતા ઝડપી ગતિએ વધી રહી છે. સરકારે જાહેર કરેલી માહિતી અનુસાર, ભારત ૨૦૩૦ સુધીમાં ૩૦૦ મિલિયન ટન (૩૦ કરોડ ટન -એમટી)ની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા અને માથાદીઠ વપરાશ ૧૬૦ કિલોગ્રામ હાંસલ કરવાના માર્ગ પર આગળ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૫ (એપ્રિલથી ડિસેમ્બર સમયગાળા)માં, ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન ૧૧૦.૯૯ મિલિયન ટન અને ફિનિશ્ડ સ્ટીલ ૧૦૬.૮૬ મિલિયન ટન નોંધાયું છે. ઉપરાંત, સરકારના જણાવ્યા અનુસાર, સ્પેશિયાલિટી સ્ટીલ માટે ઉત્પાદન-લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઇ) યોજના ૧.૧ના બીજા રાઉન્ડમાં રૂ. ૧૭,૦૦૦ કરોડના રોકાણ પ્રતિબદ્ધતાઓ જોવા મળી છે. આ યોજનાના વિસ્તરણથી સ્પેશિયાલિટી સ્ટીલ ઉત્પાદનમાં ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધુ વધારો થવાની અપેક્ષા છે.

## ભારતીય રૂફિંગ બજાર આઠ અબજ ડોલરને આંબશે

મુંબઇઃ ભારતમાં રૂફિંગ બજારનું કદ વર્ષ ૨૦૨૫માં ૮.૦૮ અબજ ડોલરને આંબી જાય એવી ધારણા છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં દર વર્ષે ૬.૫ ટકા વધીને ૧૧.૦૭ અબજ ડોલર થઈ જાય તેવી અપેક્ષા છે. રિયલ એસ્ટેટ અને નિર્માણ ક્ષેત્રોમાં તેજી રૂફ, ફ્લોર વગેરે જેવા પેટા સેગમેન્ટમાં વૃદ્ધિને વેગ આપે છે. આર્કિટેક્ટ્સ એન્જિનીયર્સ એન્ડ સર્વેયર્સ એસોસિએશન, કન્સ્ટ્રક્શન ફેડરેશન ઓફ ઇન્ડિયા, ઇન્ડિયા ઇન્સ્યુલેશન ફોરમ, વોટરપ્રૂફર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા અને વર્લ્ડ મેટલ ફોરમ જેવા મુખ્ય વેપારી સંગઠનોનો ટેકો ધરાવતી રૂફ ઇન્ડિયાની ૨૨મી એડિશનમાં ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન બીઇસી ખાતે રૂફિંગ, ક્લેડિંગ, પ્રીએન્જિનિયર્ડ બિલ્ડિંગ્સ, મેટલ બિલ્ડિંગ સિસ્ટમ્સ, ટેન્સિલ આર્કિટેક્ચર, ગ્રીન રૂફ્સ, રૂફ લેન્ડસ્કેપિંગ, વોટરપ્રૂફિંગ, ઇન્સ્યુલેશન, રૂફિંગ મશીનરી ક્ષેત્રે નેટવર્કિંગ અને પરિચર્ચા યોજાશે.

## આયર્ન ઓરનું ઉત્પાદન ૨૬ કરોડ ટન

નવી દિલ્હીઃ નાણાકીય વર્ષના પ્રથમ અગિયાર મહિનાના સમયગાળામાં આયર્ન ઓરનું ઉત્પાદન ચાર ટકા વધીને ૨૬.૩૦ કરોડ ટનની સપાટીએ પહોંચ્યું છે. જ્યારે કોલસાની આયાતમાં કેલેન્ડર વર્ષના પહેલા મહિનામાં સાધારણ વધી છે. સત્તાવાર આંકડા અનુસાર ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ફેબ્રુઆરીના સમયગાળામાં આયર્ન ઓરનું ઉત્પાદન ૪.૪ ટકા વધીને ૨૬૩ મિલિયન ટન (એમટી) નોંધાયું છે. ખાણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલાના સમયગાળામાં આ ધાતુનું ઉત્પાદન ૨૫૨ મેટ્રિક ટનના સ્તરે હતું. ૨૦૨૩-૨૪માં આયર્ન ઓરનું ઉત્પાદન ૨૭૪ મેટ્રિક ટન હતું. મૂલ્યની દ્રષ્ટિએ કુલ ખનિજ ઉત્પાદનમાં આયર્ન ઓરનો હિસ્સો ૭૦ ટકા છે.

## રિએન્યુએબલ એનર્જી ક્ષેત્ર તાંબાની માગ વધારશે

નવી દિલ્હીઃ રિએન્યુએબલ એનર્જી સેકટર અને માળખાગત વિકાસમાં વધતા વપરાશને કારણે આગામી વર્ષોમાં દેશમાં તાંબાની માંગ લગભગ સાત ટકા વધવાની સંભાવના અગ્રણી ઔદ્યોગિક સંગઠને વ્યકત કરી છે. ઔદ્યોગિક કોરિડોરના નિર્માણ, સર્વા ભારતીયો માટે આવાસ વ્યવસ્થા, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પ્રોજેક્ટ્સ અને ઉર્જા સંક્રમણ પ્રોજેક્ટ્સ જેવી નીતિગત પહેલો તાંબાની માગને આગળ ધપાવી રહી છે અને તેમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા ઓદ્યોગિક સંગઠને વ્યક્ત કરી છે. આગામી વર્ષોમાં ભારતમાં તાંબાની માગ સાત ટકા વધવાની ધારણા છે. સરકાર દ્વારા સહાયતા દ્વારા, ખાસ કરીને પીએલઆઇ (પ્રોડકશન લિન્કડ ઇન્સેન્ટિવ) અને આત્મનિર્ભર ભારત જેવી પહેલો દ્વારા, તાંબા ક્ષેત્ર ખાનગી રોકાણ આકર્ષિત કરશે તેવી અપેક્ષા હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# પોઝિટિવ પરિબળો અને અનિશ્ચિતતા વચ્ચે બજારની નજર ટ્રમ્પ અને કોર્પોરેટ અર્નિંગ્સ પર

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઇઃ ટ્રમ્પના ટેરિફ ટાંડવની તીવ્રતામાં ઘટાડો થતાં ભારતીય શેરબજારમાં પાછલા સપ્તાહે જબરી તેજી જોવા મળી અને રોકાણકારોને આ ટેરિફને કારણે થયેલું નુકસાન લગભગ સરભર થઇ ગયું છે. ભારતીય બેન્ચમાર્ક શેરઆંકોએ સમીક્ષા હેઠળના પાછલા ત્રણ સત્રના ટૂંકા સપ્તાહમાં ૪.૫ ટકાથી વધુ ઉછાળો નોંધાવ્યો છે. સપ્તાહના અંતમાં, નિફ્ટી અને સેન્સેક્સ બંને અનુક્રમે ૨૩,૮૫૨ અને ૭૮,૫૫૩ના સ્તરે તેમના ઉચ્ચતમ સ્તરની નજીક બંધ થયા છે.

આ મહિનાની શરૂઆતમાં યુએસ ટેરિફ ઘોષણાઓ દ્વારા થયેલા નુકસાનમાંથી સંપૂર્ણપણે બહાર નીકળનાર ભારત પ્રથમ મુખ્ય બજાર તરીકે ઉભરી આવ્યું છે. યુએસ-ચીન વેપાર વિવાદ ભારતને નુકસાન નહીં, પરંતુ લાભ પહોંચાડી શકે તેવી અપેક્ષાઓથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. હાલમાં, સ્થાનિક મેક્રોઇકોનોમિક વાતાવરણ સકારાત્મક છે, જે રોકાણકારોને લાંબા ગાળા માટે જોખમી સંપત્તિઓમાં તેમના એક્સપોઝર વધારવા માટે પ્રોત્સાહિત કરે છે. વધુમાં, ફુગાવાનો અંદાજ અનુકૂળ દેખાય છે, જે સામાન્ય કરતા વધુ ચોમાસા અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડાની આગાહીઓ દ્વારા મજબૂત બને છે.

બીજી બાજુ, માગમાં ઘટાડો અને માર્જિન દબાણને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં કંપની પરિણામ નબળા રહેવાની શક્યતા છે. વર્તમાન પરિસ્થિતિમાં રોકાણકારોએ ખાસ કરીને નિકાસલક્ષી શેરોમાં સાવચેતીભર્યું વલણ અપનાવી અને તેના બદલે બેંકિંગ, કન્ઝ્યુમર ગૂડ્સ, હેલ્થકેર, ટ્રાન્સપોર્ટ અને ઇન્ફ્રાસ્ટ્રકચર જેવી સ્થાનિક થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

સેન્સેક્સમાં ત્રણ સત્રના સપ્તાહમાં લગભગ ૩૪૦૦ પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો છે, જે તાજેતરના દિવસોનો ખૂબ જ ઝડપી અને મોટો ઉછાળો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા ત્રણ સત્રમાં ભારતીય શેરબજારમાંથી લગભગ રૂ. ૮,૫૦૦ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાવી છે. તાજેતરમાં જોવા મળેલી તેજી માટે ટેરિફ મોકૂફી કરતા ભારતીય શેરબજાર માટે એફઆઇઆઇની લેવાલી મોટું પરિબળ રહ્યું છે.

અમેરિકા દ્વારા ટેરિફ પર કામચલાઉ વિરામ, કોમ્પ્યુટર અને ફોનની આયાત માટે ટેરિફમાં રાહત, વિદેશી રોકાણકારોની શરૂ થયેલી જોરદાર એકધારી લેવાલી અને આગામી નૈઋત્ય ચોમાસાની ઋતુમાં સામાન્યથી વધુ વરસાદની આગાહીએ બજારના સેન્ટિમેન્ટની મોસમ બદલી નાખી છે. અલબત્ત આપણે યાદ રાખવાનું છે કે જોખમ ટળ્યું નથી, માત્ર પાછળ ઠેલાયું છે!

જાપાન સહિતના વિવિધ દેશો સાથે સંભવિત વાટાઘાટોએ પણ બજારને રીલીફ રેલી તરફ દોરી જવામાં ભૂમિકા ભજવી છે.આ ઉપરાંત નવમી એપ્રિલે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા ૨૫ બેસિસ પોઇન્ટનો દર ઘટાડો, અને તટસ્થથી સહનશીલ વલણ અપનાવવાથી ઇક્વિટી બજારમાં નવી ગતિ આવી છે, અને હવે રિટેલ ફુગાવો લગભગ છ વર્ષના નીચલા સ્તરે પહોંચવાથી આરબીઆઇ દ્વારા ત્રીજા દરમાં ઘટાડાની આશા પણ જાગી છે.

અગ્રણી બજાર વિશ્લેષક જણાવે છે કે, આ અઠવાડિયામાં રોકાણકારોની નજર કોર્પોરેટ સેકટરના પરિણામો અને ત્યારબાદ મેનેજમેન્ટ ટિપ્પણી પર રહેશે અને તેને આધારે જ આગામી સમયમાં ક્ષેત્રલક્ષી અને શેરલક્ષી વિશિષ્ટ રોકાણ વ્યૂહરચના બજારને જોવા મળશે. બજારના સેન્ટિમેન્ટ પર કંપની પરિણામ અને કોમેન્ટ્રીની અસર જોવા મળશે.

જાણીતા ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, નિફ્ટી ઇન્ડેક્સ પાછલા બે મહિનાથી ૨૧,૭૦૦-૨૩,૮૦૦ની રેન્જમાં ટ્રેડ કરી રહ્યો છે અને હવે આ રેન્જના ઉચ્ચતમ છેડે પહોંચી ગયો છે. તેણે મહત્વપૂર્ણ મૂવિંગ એવરેજ, ૧૦૦ અને ૨૦૦ દિવસના ઇએમએને પણ પુનઃપ્રાપ્ત કર્યા છે, જેમ જેમ સકારાત્મક ગતિ ચાલુ રહે છે, તેમ તેમ આગામી અઠવાડિયામાં ઇન્ડેક્સ ૨૪,૨૫૦-૨૪,૬૦૦ ઝોનને સર કરવા તરફ આગળ વધી શકે છે.

જો પાછલા ચાર સત્રની ગણતરી માંડવામાં આવે તો, બંને બેન્ચમાર્ક છ ટકાથી વધુ ઉછળ્યા છે અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨૫.૭૭ લાખ કરોડનો ઉમેરો નોંધાયો છે. આ દરમિયાન બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૪,૭૦૬.૦૫ પોઈન્ટ અથવા ૬.૩૭ ટકા ઉછળ્યો છે જ્યારે એનએસઇનો નિફ્ટી ૧,૪૫૨.૫ પોઈન્ટ અથવા ૬.૪૮ ટકા વધ્યો છે. ■

# એફઆઈઆઈની ₹ ૮,૫૦૦ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ના ડેટા અનુસાર, બે દિવસની રજાઓના કારણે ટ્રેડિંગ સપ્તાહ માત્ર ત્રણ દિવસનું હોવા છતાં, વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારોમાં લગભગ ૮,૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું જાણવા મળે છે.

સોમવાર અને શુક્રવારે અનુક્રમે ડો. આંબેડકર જયંતી અને ગુડ ફ્રાઇડે નિમિત્તે શેરબજાર બંધ રહ્યું હોવાને કારણે માત્ર મંગળવાર, બુધવાર અને ગુરુવારના દિવસે ટ્રેડિંગ થયું હોવા છતાં, સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારોમાં સકારાત્મક વિદેશી પોર્ટફોલિયો રોકાણ (એફપીઆઇ) પ્રવાહ જોવા મળ્યો હતો.

નવો પ્રવાહ એવા વિદેશી રોકાણકારોના પુનરાગમનનો સંકેત આપે છે જેઓ ઇક્વિટી સેગમેન્ટમાં કેટલાક મહિનાઓથી વેચાણ કરી રહ્યા હતા, અને તેના કારણે જ બજારોને સપ્તાહ સકારાત્મક ટોન સાથે બંધ કરવામાં મદદ મળી હતી.

આ પ્રવાહ પાછળનું એક મુખ્ય કારણ યુએસ ડોલરનું નબળું પડવું છે. જેમ જેમ ડોલર ઘટે છે અને ભારતીય રૂપિયા જેવા ચલણો મજબૂત થાય છે, તેમ તેમ વિદેશી ફંડો માટે અમેરિકાથી ભારત જેવા દેશોમાં તેમના રોકાણો ખસેડવાનું વધુ આકર્ષક અને સરળ બને છે.

અગ્રણી સ્ટોક બ્રોકરે કહ્યું હતું કે, યુએસએ ટેરિફ પરિસ્થિતિ અને તોળાઈ રહેલી વૈશ્વિક મંદીના ભય સામે સકારાત્મક પરિણામો બે ગણા છે, એક તો તે ડોલરમાં ઘટાડો અને રૂપિયા જેવા ઉભરતા બજાર ચલણોના સંબંધિત મજબૂતીકરણ દેખાઇ રહ્યું છે, જે એફપીઆઇ માટે યુએસએમાંથી ભારત જેવા બજારોમાં નાણાં ફાળવવાનું સરળ બનાવે છે. વધુમાં, ચીન અને યુએસએ બંને મંદી તરફ આગળ વધી રહ્યા છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આર્થિક દૃશ્ય આવકારદાયક નથી તે જોતાં, ભારત જેવા બજારો કોઈપણ સંજોગોમાં વધુ પ્રવાહ આકર્ષિત કરશે.

જોકે, આ અઠવાડિયા (૧૫ એપ્રિલ-૧૭ એપ્રિલ)ના મજબૂત પ્રવાહ છતાં, એપ્રિલમાં એકંદર એફપીઆઇ પ્રવૃત્તિ નકારાત્મક ક્ષેત્રમાં રહે છે. એપ્રિલમાં અત્યાર સુધીમાં, એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી ૨૩,૧૦૩ કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે. ૨૦૨૫ માટેનું વ્યાપક ચિત્ર પણ નકારાત્મક વલણ દર્શાવે છે, આ વર્ષે ઇક્વિટી બજારમાંથી કુલ ૧,૩૯,૬૭૭ કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો થયો છે.

જોકે તાજેતરના રોકાણપ્રવાહથી થોડી રાહત મળે છે, બજારના નિરીક્ષકો એ શકયતાનું નજીકથી નિરીક્ષણ કરશે કે શું આ વલણ આગામી અઠવાડિયામાં ચાલુ રહેશે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ ફરી એકવાર રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરશે. ■

# ટ્રમ્પના ટૅરિફના આક્રમણ સામે ચીન પોતાના ચલણ યુઆનને શસ્ત્ર બનાવશે

નવી દિલ્હીઃ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આદરેલા ટેરિફ વોર સામે ડ્રેગન લડી લેવાના મૂડમાં છે. પીપલ્સ બેંક ઓફ ચાઈનાએ સત્તાવાર રેફરન્સ રેટ ૭.૨૦૩૮ જાહેર કર્યો છે, જે સપ્ટેમ્બર ૨૦૨૩ બાદનો સૌથી નીચો દર છે. આ રીતે ટ્રમ્પને ઝુકાવવા ચીન પોતાના ચલણ યુઆનને ડોલર સામે ૧૯ મહિનાના તળિયે લઈ ગયું છે.

વાસ્તવમાં અમેરિકાના ટેરિફ આતંક સામે નિકાસને આંચ ન આવે એ માટે ચીને નવું શસ્ત્ર ઉગામ્યું છે. ટ્રમ્પ ટેરિફ મામલે વિશ્વના અન્ય દેશો સાથે સમજૂતીના મૂડમાં આવ્યા હોવાના સંકેત આપી રહ્યા છે, પરંતુ ડ્રેગન ચાઈનાને હંફાવવાની જીદમાં હવે ચાઈના ૩૪ ટકા ટેરિફ પાછી નહીં ખેંચે તો વધુ ૫૦ ટકા ચાઈના પર ટેરિફ લાદવાની આપેલી ચેતવણીથી અમેરિકા અને ચાઈના વચ્ચેનું યુદ્ધ આક્રમક બનવાના સંકેત છે. અમેરિકાએ આ ધમકીને વાસ્તવ બનાવીને ચીન પર કુલ ૧૦૪ ટકા ટેરિફ ઠોકી દીધી છે અને ચીને તેનો મજબૂત વળતો જવાબ આપવાની સામી ચીમકી આપી છે. ચાઈનાએ અમેરિકાની ટેરિફ ચેતવણીને બ્લેકમેઈલ ગણાવીને અંત સુધી લડી લેવાનો સંકેત આપીને હવે તેની નિકાસોને ઊંચા ટેરિફની અસર ઓછી થાય એ માટે તેના ચલણ યુઆનને નબળો પડવા દઈ ૧૯ મહિનાની નીચી સપાટીએ લાવી મૂક્યો છે.

મંગળવારે ચાઈનાના પોતાના અત્યંત અંકુશ હેઠળના ચલણ યુઆનને તૂટવા દઈ ૧૯ મહિનાની નીચી સપાટીએ લાવી મૂકાયો છે. બેઈજિંગે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વધતા ટ્રેડ ટેન્શન વચ્ચે રેનમિન્બી, જેને ચાઈનીઝ યુઆન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને વધુ નીચે જવા દીધો છે.

આ પગલું ચીનની ચલણ નીતિમાં પરિવર્તનનો સંકેત આપે છે, જેનો હેતુ નિકાસકારોને વધતા ટેરિફની અસરથી બચાવવાનો છે. ચાઈનાએ આ ડિવેલ્યુશનથી દેશમાંથી મૂડી પાછી ખેંચાવાના કે નાણાકીય અસ્થિરતાના જોખમ, ચિંતાને પણ અવગણ્યા છે.

ઓનશોર યુઆન યુ.એસ. ડોલર સામે ૭.૩૪ને સ્પર્શાયો છે, જે સપ્ટેમ્બર ૨૦૨૩ પછીનો સૌથી નીચો દર છે, જ્યારે વધુ મુક્ત રીતે વેપાર થતો ઓફશોર યુઆન ૭.૩૫૨ની આસપાસ રહેતો હતો. આજે દિવસના આરંભમાં પીપલ્સ બેંક ઓફ ચાઈના (પીબીઓસી)એ સત્તાવાર રેફરન્સ રેટ જેની આસપાસ બે ટકાના બેન્ડમાં વધઘટને માન્ય કરી આ રેટ ૭.૨૦૩૮ પ્રતિ ડોલર નક્કી કર્યો હતો.

સપ્ટેમ્બર ૨૦૨૩ પછી આ પહેલી વખત બન્યું છે કે, યુઆનને સત્તાવાર રીતે મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૭.૨ સ્તરની ઉપર નક્કી કરાયો છે. ■

## ગુજરાત

# ગુજરાતનાં શહેરોના ઝડપી વિકાસ માટે સરકારનો મોટો નિર્ણય, ૧૨૦૩ કરોડનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે, લોકો રોજીરોટી માટે શહેરો તરફ પલાયન કરી રહ્યા છે. આ દરમિયાન લોકોને પાયાની સુવિધાઓ મળી રહે અને શહેરોના ઝડપી વિકાસ માટે રાજ્ય સરકારે ૧૨૦૩ કરોડનાં વિકાસ કાર્યોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્ય સરકારે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા સાથે શહેરોમાં સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુખાકારી સુવિધાઓથી નાગરિકોના અર્નિંગ વેલ-લિવિંગ વેલને સાકાર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે.

આ સંદર્ભમાં રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓની રચના કરી છે. આ નવરચિત મહાનગરપાલિકાઓ સહિત રાજ્યનાં નગરો-શહેરોમાં લોકહિતનાં કામોને પણ વેગવંતા બનાવ્યાં છે.સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રૂ. ૧૨૦૨.૭૫ કરોડનાં વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

રાજ્યની નવરચિત મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાનાં કામો ઉપરાંત આંગણવાડી, શાળાનાં મકાનો, લાઇબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સામાજિક આંતરમાળખાકીય સુવિધાનાં કામો માટે નાણાં ફાળવ્યાં છે. આ ઉપરાંત, અર્બન મોબિલિટી, સીટી બ્યુટીફિકેશન, આગવી ઓળખનાં કામો, પાણી પુરવઠાના અને વરસાદી પાણીના નિકાલનાં કામો વગેરે કામો માટે રૂપિયા ૫૮૫.૮૩ કરોડના ખર્ચની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

નવસારી મહાનગરપાલિકાને ૮૧ કરોડ, નડિયાદને ૭૫ કરોડ, આણંદને ૭૮.૦૭ કરોડ, સુરેન્દ્રનગરને ૮૧.૦૪ કરોડ, ગાંધીધામને ૧૦૪.૦૭ કરોડ તથા વાપીને ૭૮.૬૩ કરોડ તેમજ પોરબંદરને ૮૦.૩૦ કરોડ અને મહેસાણાને ૭.૪૨ કરોડ રૂપિયાનાં વિકાસ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નવરચિત મહાનગરપાલિકાઓમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની માંગને પહોંચી વળવા માટે સીએનજી બસોના સંચાલન માટે ૨૦૨૫થી ૨૦૨૭ના ત્રણ વર્ષ સુધી દર વર્ષે ૩૯ કરોડ રૂપિયા આપવાનો પણ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ નવરચિત મહાનગરપાલિકાઓ ઉપરાંત બે શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળો વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને અદ્યતન ખેલકૂદ સંકુલ માટે ૭૨.૫૨ કરોડ રૂપિયા તથા ૬૦ એમ.એલ.ડી.ના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ચાર ટી પી વિસ્તારોમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કનાં કામો માટે કુલ ૩૦૨.૮૬ કરોડ મળીને કુલ રૂ. ૩૭૫.૩૮ કરોડ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ફાળવ્યા છે.

આ ઉપરાંત સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને રોડ રિસરફેસિંગ અને નવા રસ્તા બનાવવા તથા એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટનાં કામો માટે ૯૭.૮૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

રાજ્યની સુરત, વડોદરા અને ગાંધીનગર મહાનગર પાલિકાઓને ખાનગી સોસાયટી જનભાગીદારી અંતર્ગતના કામો, આંતર માળખાકીય સુવિધાનાં કામો તેમ જ રસ્તા, પાણીની લાઈન, ગટર વ્યવસ્થાનાં કામો માટે કુલ ૧૦૫.૦૩ કરોડ રૂપિયાનાં કામો મંજૂર કર્યા છે.

## નરોડામાં ચોથા માળેથી લિફ્ટ નીચે પટકાઈ

અમદાવાદઃ શહેરના નરોડા વિસ્તારમાં આવેલા દેવાશિષ ફ્લેટમાં લિફ્ટ ચોથા માળેથી બેઝમેન્ટમાં પડી હોવાની ઘટના ઘટી હતી. આ લિફ્ટમાં બાળકો અને મહિલા સહિત કુલ સાત લોકો ફસાયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિકો ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ (O.C. વિભાગ)

ડે. HE (M&E)/MIII-A/207/P.P. તા. ૧૫.૦૪.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ પધ્ધતિમાં આઈટમ રેટ ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| સેક્શન | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (M&E) M-3 Aપીસે-પાંજરાપુર |
| મહાટેન્ડર બીડ નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૦૬૯૭ |
| કામનું નામ | MIIIA સેક્શન પાંજરાપુરના ફિલ્ટર કરેલ પાણીનું ઉન્નત પ્રવાહ માપન માટે ફલોમીટર્સની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |

ટેન્ડર દસ્તાવેજ BMC વેબસાઈટ અને https://mahatenders.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
(A.S. ભોઈર)
ડે. હાઈડ્રો એન્જિનિયર (M&E)
M-૩A, પીસે પાંજરાપુર

PRO/131/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચી.એ./B.M./૦૦૧૦૩૦/II તા. ૧૭.૦૪.૨૦૨૫

ટુંકી ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | ચી.એ. બિલ્ડીંગ જાળવણી |
| પેટા-વિભાગ | ડે. ચી.એ. બિલ્ડીંગ જાળવણી પરાં |
| ટેન્ડર નંબર | ૨૦૨૫_MCGM_૧૧૭૧૪૭૮_૧ |
| વિષય | K/W વોર્ડમાં સીઝર રોડ, અંધેરી ખાતે આંબોલી હિન્દુ સ્મશાનભૂમીનું સમારકામ. |
| ટેન્ડર-વેચાણ | ૨૧.૦૪.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી ૨૯.૦૪.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | સબ એન્જિનિયર - (B.M) W.S. |
| નામ | શ્રીમતી સરિતા કાંબલે |
| ટેલિફોન નં. | ૮૬૫૫૦૩૪૦૩૪ |
| ઈમેલ- id | se20.ce@mcgm.gov.in |

સહી/-
ડે.ચી.એ.(B.M)પરાં

PRO/156/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ભાજપના શાસનમાં કામ ધીમા થતા હોવાની ભાજપી ધારાસભ્યની જ ફરિયાદ

## સંકલન સમિતિમાં અમિત ઠાકરે બળાપો કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની સત્તા હોવા છતાં પણ કામગીરી ઝડપી ન થતી હોવાની ફરિયાદ ખુદ ભાજપના જ ધારાસભ્ય અમિત ઠાકરે દ્વારા કરવામાં આવી હતી. વેજલપુર વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરે મ્યુનિસિપલ કોર્પોરેશનની સંકલન સમિતિમાં વેજલપુર બુટ ભવાની મંદિર પાસે બની રહેલા ઓવરબ્રિજની કામગીરી ખૂબ જ ધીમી ગતિએ થાય છે તે અંગે ફરિયાદ કરી હતી. કામગીરી બે વર્ષ મોડું કામ થયું છે, જેના કારણે ટ્રાફિક વધારે થાય છે. જીવરાજ પાર્ક અને વેજલપુર વિસ્તારના નાગરિકોને હાલાકી પડતી હોવાથી આ બ્રિજની કામગીરી ઝડપી કરી અને પૂર્ણ કરવામાં આવે તેવી માગણી કરી હતી.

એક અઠવાડિયા પહેલા જ મ્યુનિસિપલ કોર્પોરેશનની વોટર સપ્લાય અને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મકરબા હેડ ક્વાર્ટરથી બુટ ભવાની મંદિર સુધી વરસાદી પાણીના નિકાલ માટે લાઈન નાખવાના કામને મંજૂરી આપી હતી. ધારાસભ્ય અમિત ઠાકરે જણાવ્યું હતું કે, આ લાઇન નાખવા માટે સરકારમાંથી ગ્રાન્ટ લાવવામાં આવી હતી, પરંતુ ટેન્ડરની પ્રક્રિયા ધીમી અને હજી સુધી કામગીરી શરૂ નહીં થઈ હોવાને લઈને પણ તેઓએ ઉગ્રતાથી રજૂઆત કરી હતી. આગામી ચોમાસા સુધી હવે આ કામગીરી પૂરી નહીં થાય ત્યારે હજી પણ વેજલપુરના નાગરિકોને વરસાદી પાણી ભરાવવાની સમસ્યાનો સામનો કરવો જ પડશે. અમિત ઠાકરે બળાપો વ્યક્ત કર્યો હતો કે, આ ચોમાસામા વેજલપુર બેટમાં ફેરવાઈ જવાની પ્રબળ સંભાવના છે.

# છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ૬૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ સરકારી તીર્થયાત્રાનો લાભ લીધો, સરકારે ₹ ૯.૮૬ કરોડની સહાય આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર સામાન્ય પ્રજાની આસ્થા તેમજ શ્રદ્ધા પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે અને એટલે જ રાજ્યમાં જે લોકો પોતાના ખર્ચે તીર્થયાત્રાઓ કરી શકવા સક્ષમ નથી; તેવા શ્રદ્ધાળુઓની સાથે રહી સરકારી ખર્ચે રાજ્ય સરકાર તેમને તીર્થયાત્રા કરાવી રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના આસ્થાપૂર્ણ અભિગમ સાથે એક બાજુ વડા પ્રધાનના વિકાસ ભી, વિરાસત ભીના મંત્રને ચરિતાર્થ કરી અનેક ધાર્મિક સ્થળોનો વિકાસ કરી રહ્યા છે, તો હજારો શ્રદ્ધાળુઓને તીર્થયાત્રાઓ કરવા માટે સહાયક બની રહ્યા છે.

રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ ચલાવી રહી છે કે જેના થકી રાજ્યની શ્રદ્ધાળુ પ્રજા સરકારી સહાય મેળવી રાજ્યમાં આવેલ પોતાના મનગમતા અને આસ્થા ધરાવતા તીર્થસ્થળો ઉપરાંત સિંધુ દર્શન તેમજ કૈલાશ માન સરોવર સુધીની યાત્રા કરી શકે. આવી યોજનાઓ રાજ્ય સરકાર પોતાના જાહેર સાહસ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના માધ્યમથી સંચાલિત કરી રહી છે. વર્ષ ૨૦૧૭-૧૮થી ચાલતી આ યોજનાઓમાં મુખ્યત્વે શ્રવણ તીર્થ દર્શન યોજના, સિંધુ દર્શન યોજના અને કૈલાશ માન સરોવર યોજનાનો સમાવેશ થાય છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સંચાલિત આ યોજનાઓનો શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૭-૧૮થી અત્યાર સુધીના આંકડા જોઇએ, તો ઉપરોક્ત ત્રણેય યોજનાઓ હેઠળ રાજ્ય સરકારે ૧ લાખ ૫૮ હજાર ૭૬૦ શ્રદ્ધાળુઓને વિવિધ તીર્થસ્થળોની યાત્રાઓ કરાવી છે અને લાભાર્થી શ્રદ્ધાળુઓને રૂપિયા ૨૦ કરોડ, ૬૨ લાખ ૯૩ હજારની સહાય ચૂકવી છે.

રાજ્યમાં આ તીર્થ દર્શન યોજનાઓને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડા જોઇએ, તો વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ (માર્ચ-૨૦૨૫ સુધી) દરમિયાન કુલ ૬૬ હજાર ૨૩૩ શ્રદ્ધાળુઓએ આ યોજનાઓ હેઠળ તીર્થસ્થળોની યાત્રા કરી છે. રાજ્ય સરકારે આ શ્રદ્ધાળુઓને કુલ રૂપિયા ૯ કરોડ ૮૬ લાખ ૩૯ હજારની સહાય ચૂકવી છે. તેમાં સૌથી વધુ વડીલોએ આ યોજનાઓનો લાભ મેળવ્યો છે. છેલ્લા ૩ વર્ષમાં કુલ ૬૪,૭૨૨ વડીલોએ ૧,૩૮૫ બસોમાં પ્રવાસ કરી તીર્થયાત્રાનો લાભ મેળવ્યો છે. રાજ્ય સરકારે આ વડીલો માટે રૂપિયા ૭ કરોડ ૫૯ લાખ ૫૦ હજારની સહાય ચૂકવી છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષમાં સિંધુ દર્શન યોજનાનો ૧૫૦૮ તથા કૈલાશ માન સરોવર યાત્રા યોજનાનો ૩ લોકોએ લાભ લીધો છે. રાજ્ય સરકારે સિંધુ દર્શન યોજનાના લાભાર્થીઓને રૂપિયા ૨ કરોડ ૨૬ લાખ ૨૦ હજાર તેમજ કૈલાશ માન સરોવર યોજનાના લાભાર્થીઓને રૂપિયા ૬૯ હજારની સહાય ચુકવી છે.

બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં શ્રવણ તીર્થ દર્શન યોજના હેઠળ ૩૪,૮૪૬ સિનિયર સિટીઝનોએ ૮૧૯ બસો થકી પ્રવાસ કર્યો. તેના માટે સરકારે વડીલોને રૂપિયા ૪ કરોડ ૨૬ લાખ ૭ હજારની સહાય ચૂકવી છે. તેવી જ રીતે સિંધુ દર્શન યોજના હેઠળ ૯૦૮ શ્રદ્ધાળુઓને રૂપિયા ૧ કરોડ ૩૬ લાખ ૨૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

# વિલે પાર્લેમાં દેરાસર તોડી પાડયા બાદ રવિવારે પૂજા કરવામાં આવી

▶ દેરાસરના તોડી પાડવામાં આવેલા બાંધકામ પર શેડ બાંધવાની ટ્રસ્ટે માગી મંજૂરી

▶ આજે પાલિકા કમિશનરની સમક્ષ પ્લાન મંજૂર કરવાની ટ્રસ્ટીગણ કરશે માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને પાલિકા દ્વારા તોડી પાડ્યા બાદ બાદ રવિવારે પહેલી વખત અહીં વિધિ-વિધાન સાથે ભગવાનની પૂજા કરવામાં આવી હતી. ટ્રસ્ટીગણે પાલિકા સમક્ષ તૂટી પડેલા દેરાસરના હિસ્સા પર શેડ બાંધવાની મંજૂરી માગી છે. તેમ જ ૯૦ વર્ષ જૂના દેરાસરને કાયદેસરનું બનાવવા માટે સબમીટ કરેલા પ્લાનને મંજૂર કરવાની માગણી સાથે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીની આજે મુલાકાત લેવાનું પણ ટ્રસ્ટીગણે આયોજન કર્યું છે.

પાલિકાના કે-પૂર્વ વોર્ડ દ્વારા ૧૬

(જુઓ પાનું ૪) ▶▶



**વિવાદ બાદ પૂજા...** વિલે-પાર્લેમાં દેરાસર તોડી પડાયા બાદ પાલિકા દ્વારા કાટમાળ દૂર કરાયો છે અને ત્યાં પૂજા કરવાની પરવાનગી આપવામાં આવી હતી. દેરાસર તોડી પડાયા બાદ રવિવારે પ્રથમ પૂજા કરવામાં આવી હતી.

# ઠાકરે બંધુઓ ભેગા આવે તો શિંદેનું શું?

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઠાકરે બંધુઓ ચર્ચામાં આવ્યા છે. શિવસેના-યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઇ ભાઇ તથા મનસેના પ્રમુખ રાજ ઠાકરે જૂના વિવાદો કોરાણે મૂકીને ફરી એકસાથે આવવાની અટકળોએ રાજકીય વર્તુળોમાં જોર પકડ્યું છે. આ બન્ને ખરેખર સાથે આવવાના છે કે ફક્ત રાજકારણમાં નવું ગતકડું ઊભું કરવામાં આવ્યું છે એ આવનારો સમય બતાવશે. તેમ છતાં બન્ને નેતાઓ મુંબઈ પાલિકાની ચૂંટણીને કારણે એકબીજાની સાથે આવી રહ્યા હોવાનું કહેવાઇ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં પવાર અને ઠાકરે ફેમિલીનો દબદબો પહેલાથી છે. મુંબઈ-કોંકણ અને મરાઠવાડામાં

(જુઓ પાનું ૪) ▶▶

## શિંદે ભડક્યા

મુંબઈ: એક સમયે બાળ ઠાકરેનો જમણો હાથ ગણાતા રાજ ઠાકરેએ પારિવારિક મતભેદ અને આંતરિક રાજકારણને કારણે તેમણે જાન્યુઆરી ૨૦૦૬ માં પાર્ટી છોડી દીધી અને પોતાના નિર્ણય માટે ઉદ્ધવને દોષી ઠેરવ્યા હતા. ત્યારથી રાજકારણમાં બંને પિતરાઈ ભાઈઓ એકમેકના પ્રતિસ્પર્ધી બની ગયા હતા, પરંતુ હવે બંને પાછા ભેગા થવાની ચર્ચા ચાલી રહી છે ત્યારે આ મુદ્દે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ધુંધવાઈ ગયા હોવાનું જોવા મળ્યું હતું. આમેય બંને ભાઈ ભેગા આવે તો નુકસાન એકનાથ શિંદેનું જ છે.

શનિવારે, જ્યારે શિંદે સતારા જિલ્લાના તેમના વતન ગામ દરેમાં

(જુઓ પાનું ૪) ▶▶



**ભૂલે બિસરે દિન...** મનસેના પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના-યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે ફરી સાથે આવવાની અટકળો વચ્ચે ગિરગામ ખાતે બન્ને પિતરાઇ ભાઈઓનું દિવંગત બાળઠાકરેના ફોટા સાથેનું બેનર લગાવવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

## ભાઇઓ વચ્ચે લાગણીશીલ ચર્ચાઓ શરૂ: રાઉત

મુંબઈ: મનસેના રાજ ઠાકરે અને શિવસેના-યુબીટીના ઉદ્ધવ ઠાકરે એમ બન્ને પિત્રાઇ ભાઇઓ એકસાથે આવવાની અટકળોએ જોર પકડ્યું છે ત્યારે શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે રવિવારે જણાવ્યું હતું કે બન્ને પક્ષો એક સાથે આવવા અંગે હજી કોઇ જાહેરાત કરાઇ નથી, (જુઓ પાનું ૪) ▶▶

## રશ્મી ઠાકરેની મહત્ત્વની ભૂમિકા

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેના નિવેદન બાદ પિત્રાઇ ભાઇઓ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એકત્રિત આવવાની અટકળો વચ્ચે મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા નિતેશ રાણેએ રવિવારે સવાલ ઉઠાવ્યો હતો કે શું રાજને જવાબ આપવા પહેલા (જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યમાં ગરમીનો પ્રકોપ: મુંબઈમાં પણ આજથી તાપમાનમાં વધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. રાજ્યમાં વિદર્ભ, મરાઠવાડા સહિતના જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યો છે અને આગામી દિવસમાં પારો હજી ઊંચે જવાની ચેતવણી હવામાન ખાતાએ આપી છે ત્યારે મુંબઈમાં પણ સોમવારથી

(જુઓ પાનું ૪) ▶▶

## રાજસ્થાનના ગરમ પવનો

હાલ રાજ્યમાં ગુજરાત તરફથી ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે. તો ગુજરાતમાં રાજસ્થાન તરફથી ગરમો પવનો વાઈ રહ્યા છે. રાજસ્થાનમાં છેલ્લા થોડા દિવસથી ગરમીનું મોજું ફરી વળ્યું છે. તેની અસર હેઠળ મુંબઈ સહિત મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોને આગામી ચારથી પાંચ દિવસ વર્તાવાની છે. ■

## ગરમીથી બચવા શું કરવું ?

દિવસના ગરમીથી બચવા માટે ઘરના બારી-બારણા થોડા સમય માટે બંધ રાખવા, તેથી બહારની ઉષ્ણતા ઘરમાં આવે નહીં. માઈક્રોવેવ, સ્ટવ અને ડ્રાયર જેવા ગરમી નિર્માણ કરનારા સાધનોનો ઉપયોગ ઓછો કરવો. ભરપૂર માત્રામાં પાણી પીવું,

(જુઓ પાનું ૪) ▶▶

# વરલીમાં ભરબપોરે મહિલા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો: આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વરલીમાં રસ્તા પરથી પસાર થનારી મહિલા પર ભરબપોરે તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવતાં તે ગંભીર રીતે ઘવાઈ હતી. વરલી પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સર્ચ ઑપરેશન હાથ ધરી ગણતરીના કલાકોમાં આરોપીને પકડી પાડ્યો હતો. ડ્રગ્સના નશામાં તેણે હુમલો કર્યો હોવાની કબૂલાત આરોપીએ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની બપોરે દોઢ વાગ્યાની આસપાસ જે. કે. ગફુર ચોક નજીક સર પોચખાનવાલા રોડ પર બની હતી. ૪૩ વર્ષની મહિલા રસ્તા પરથી ચાલતી જઈ રહી હતી ત્યારે પાછળથી આવેલા અજાણ્યા શખસે તેના પર હુમલો કર્યો હતો. તીક્ષ્ણ હથિયારના ઘા કરવામાં આવતાં મહિલા ગંભીર રીતે ઘવાઈ હતી. સારવાર માટે તેને કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી.

બનાવની જાણ થતાં વરલી પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સાક્ષીઓએ આપેલી માહિતી અને ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે આરોપીની ઓળખ મેળવી હતી. ફૂટેજમાં આરોપીનો ચહેરો સ્પષ્ટ દેખાતો હતો. તેણે પહેરેલા ટી-શર્ટ પર 'સ્કોરર' લખ્યું હતું.

ફૂટેજ અને આરોપી સંબંધી માહિતીને આધારે પોલીસની ટીમે વરલી નાકા પરિસરમાં તેની શોધ હાથ ધરી હતી. ગણતરીના (જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યમાં કાયદાનું શાસન ચાલે છે કે બળનું?

## ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં નિષ્ફળ સિડકોને હાઇ કોર્ટનો સવાલ

મુંબઈ: રાજ્યમાં શું કાયદાનું શાસન ચાલે છે કે બળનું શાસન ચાલે છે? એવો સવાલ પૂછતા બૉમ્બે હાઇ કોર્ટે નવી મુંબઈમાં એક જમીનના પ્લોટ પર ગેરકાયદે બાંધકામને દૂર કરવામાં નિષ્ફળ જનારી સરકારી સિટી પ્લાનિંગ એજન્સી સિટી એન્ડ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો)ની ઝાટકણી કાઢી હતી.

કોર્ટે આ મહિનાની શરૂઆતમાં આપેલા આદેશ વખતે જણાવ્યું હતું કે અનધિકૃત બાંધકામો સામે કડક પગલાં લેવાની સિડકોની ઇચ્છા જણાઇ રહી નથી. સિડકોએ કોર્ટને જણાવ્યું હતું કે ગેરકાયદે બાંધકામ તોડવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે ત્યારે બોકાડવિરા ગામના સરપંચ દ્વારા ધમકી આપવામાં આવે છે. ત્યારે કોર્ટે કહ્યું હતું કે જે અધિકારીઓ કાયદેસર કાર્યવાહી કરતા હોય તેઓને પૂરતું પોલીસ સંરક્ષણ મળવું જોઇએ અને એ પ્રશાસનની ફરજ છે કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકીને કાયદાનું શાસન લાગુ કરે.

'અમને એ સમજાતું નથી કે રાજ્યમાં કાયદાનું શાસન ચાલે છે કે બળનું? બોકાડવિરા ગામના સરપંચ દ્વારા ધમકીઓ આપવામાં આવે છે તેનો લોકશાહીવાળા રાજ્યમાં સ્વીકાર કરી શકાય નહીં', એમ કોર્ટે કહ્યું હતું.

૨૦૧૬માં એક દંપતીએ હાઇ કોર્ટમાં અરજી કરી હતી અને નવી મુંબઈની તેમની જમીન પર દીપક પાટીલ નામની વ્યક્તિએ બાંધેલા અનધિકૃત બાંધકામને તોડી પાડવા માટે સિડકોને નિર્દેશ કરવામાં આવે એવી માગણી કરી હતી.

હાઇ કોર્ટે સિડકોને નિર્દેશ કર્યો હતો કે તમામ જરૂરી કાયદેસર પગલાં લો અને એક અઠવાડિયાની અંદર અરજદારની જમીન પરથી ગેરકાયદે બાંધકામ દૂર કરો. જો બોકાડવિરા ગામના સરપંચ દ્વારા ધમકી આપવામાં આવી રહી છે તો કોર્ટ નવી મુંબઈની પોલીસ કમિશનરને પૂરતા પ્રમાણમાં પોલીસ સંરક્ષણ આપવાનો આદેશ આપે છે, એમ હાઇ કોર્ટે વધુમાં જણાવ્યું હતું. ■




પ્રાર્થના સભા

સ્વ. સતીષ મનહરલાલ સ્માર્ટ

(ઉ. વ. ૮૪)

૨૫/૧૨/૧૯૪૧ - ૧૯/૦૪/૨૦૨૫

શ્રીમતી વર્ષા સ્માર્ટના પતિ

તા. ૧૯/૦૪/૨૦૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

પ્રાર્થના સભા:-

સોમવાર તા :- ૨૧/૦૪/૨૦૨૫

સાંજે ૫.૦૦ થી ૭.૦૦

લક્ષ્મી નગર હોલ, ૧૦ મો રોડ, મધુ પાર્ક પાસે, ખાર (વેસ્ટ)

શોકાતુર :- ધર્મપત્નિ વર્ષા સ્માર્ટ


# ભાયંદરમાં સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સના સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી ૧૧ વર્ષનાં બાળકનો જીવ ગયો

## સમર કૅમ્પ નિમિત્તે બાળક સ્વિમિંગ શીખવા ગયો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયંદરના પાલિકા સંચાલિત સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં સ્વિમિંગ શીખવા ગયેલા ૧૧ વર્ષના બાળકનું સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાની કરુણ ઘટના બની હતી.

નવઘર પોલીસના જણાવ્યા મુજબ મૃત્યુ પામેલા બાળકની ઓળખ ગ્રંથ હસમુખ મુથા તરીકે થઈ હતી. આ પ્રકરણે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

ગ્રંથના કાકા દિનેશ મુથાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે તેમના નાના ભાઈ હસમુખ મુથા ડાયમંડનું કામકાજ કરે છે. બે પુત્ર, પત્ની અને માતા-પિતા સાથે હસમુખભાઈ ભાયંદર પશ્ચિમમાં દોઢસો ફૂટ રોડ પરના પ્લૅનેટેરિયા કૉમ્પ્લેક્સમાં રહે છે. ગ્રંથ સાત દિવસથી સ્વિમિંગ શીખવા જતો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાયંદર પૂર્વમાં હનુમાન મંદિર નજીક આવેલા

(જુઓ પાનું ૪) ▶▶

# પાલઘરમાં ડેમ અને કૅનાલમાં ડૂબવાથી બે યુવકનાં મોત

પાલઘર: પાલઘર જિલ્લામાં બનેલી બે અલગ અલગ ઘટનામાં મોજ ખાતર મિત્રો સાથે ડેમ અને કૅનાલમાં તરવા ગયેલા બે યુવકનાં ડૂબી જવાથી મોત નીપજ્યાં હતાં.

પોલીસ કન્ટ્રોલ રૂમના અધિકારીએ જણાવ્યું હતું કે અભિષેક બિરહાડે (૨૪) શનિવારની સવારે મિત્રો સાથે પાલઘર તાલુકાના માસવણ ગામમાં સૂર્યા ડેમમાં તરવા ગયો હતો. ઊંડાં પાણીનો ખયાલ ન રહેતાં તે ડૂબી ગયો હતો. સર્ચ ઑપરેશન હાથ ધરી સાંજે તેના શબને પાણીની બહાર કાઢવામાં આવ્યું હતું. બીજી ઘટનામાં દહાણુ તાલુકાના સારણી ગામમાં (જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER

INTERNATIONAL COURIER

Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**

Contact : Mr. ANUJ SANGOI

8879991866

Email - sales@pacndeliver.com

"20 Yrs of Quality Service"



૩૫મી પુણ્યતિથિ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી દેવરાજજી મોહનરાજજી ગુંદેચા

(ઘાણેરાવ - રાજસ્થાન) સ્વર્ગવાસ - તા. ૨૧-૦૪-૧૯૯૦

જન્મ અને મૃત્યુ તો નિશ્ચિત છે,

કેટલું નહી, કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.

શત્ શત્ નમન

પારસ • પૂનમ-જતીન • દીપક-રુચિકા

તથા ગુન્દેચા પરિવાર

GUNDECHA

DEVELOPING MILESTONES SINCE 1966

Real Estate | Hospitality | Education


## કોસ્ટલ રોડ પર કાર્યવાહી કરવા જતાં જીવ ખોયો

# ટેમ્પોનો પીછો કરનારો ટ્રાફિક વૉર્ડન સ્કૂટર પરથી ઊછળીને દરિયામાં પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નિયમોનો ભંગ કરનારા ટેમ્પોનો પીછો કરવા જતાં અકસ્માતનો ભોગ બનેલો ટ્રાફિક વૉર્ડન સ્કૂટર પરથી ઊછળીને સીધો દરિયામાં પડ્યો હતો. દક્ષિણ મુંબઈના કોસ્ટલ રોડ પર શનિવારે સાંજે બનેલી આ ઘટનામાં ટ્રાફિક વૉર્ડનનું મૃત્યુ થયું હતું. ગામદેવી પોલીસે ઘટનાની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ કોસ્ટલ રોડ પર ફરજ પર હાજર ટ્રાફિક વૉર્ડન રફીક વઝીર શેખ (૩૮)ની નજર પ્રતિબંધ છતાં કોસ્ટલ રોડનો ઉપયોગ કરનારા ટેમ્પો ડ્રાઈવર પર પડી હતી. ટેમ્પો ટાટા ગાર્ડનથી વરલી તરફ જઈ રહ્યો હતો.

કોસ્ટલ રોડ પર ભારે વાહનોને પ્રતિબંધ હોવાથી શેખે ટેમ્પો રોકવાનો ઇશારો કર્યો હતો, પરંતુ ડ્રાઈવરે ટેમ્પો રોકવાને બદલે પૂરપાટ વેગે દોડાવ્યો હતો. પરિણામે ટેમ્પો ડ્રાઈવરને પકડી પાડવા શેખે સ્કૂટર પર ટેમ્પોનો પીછો કરવા માંડ્યો હતો.

થોડા અંતર સુધી ટેમ્પોનો પીછો કર્યા પછી એક વળાંક પાસે શેખનું સ્કૂટર સ્કિડ થયું હતું એને કોન્ક્રીટની રેલિંગ સાથે ભટકાયું હતું. રેલિંગ સાથે સ્કૂટર એટલા જોરથી ટકરાયું હતું કે શેખ ઊછળીને સીધો દરિયામાં પડ્યો હતો.

કોસ્ટલ રોડ નજીકથી પસાર થનારી એક વ્યક્તિએ આ બાબતે કન્ટ્રોલ રૂમને માહિતી આપી હતી. બનાવની જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. શેખને

(જુઓ પાનું ૪) ▶▶


જામનગર હાલાર વિશાશ્રીમળી જૈન મરણ

પ્રાર્થના સભા



મહેન્દ્રકુમાર તારાચંદ મહેતા

MSc (Tech) (UDCT)

17.04.1932 - 19.04.2025

મંગળવાર, 22 એપ્રિલ, સવારે 10 થી બપોરે 12

યોગી સભાગૃહ, દાદર (CR) સ્ટેશનની સામે, દાદર, મુંબઈ -14

**પત્ની** સવિતાબેન (છોટાલાલ ઓધવજી મહેતા ની સુપુત્રી)

**લી.** પંકજ - છાયા, નેમિષ - અલ્પા, પારસ - જાગૃતિ

**બાળકો** તેજસ, પાર્થ-દીપ્તિ, ધારા, વિધિ-કાર્તિક, નીલ

**ભાઈઓ** સંપતભાઈ, હરકિસનભાઈ (ભીખુભાઈ)

**બહેનો** રતનબેન, મંગળાબેન

સંતોક ઇલેક્ટ્રિકલ્સ પ્રાઇવેટ લિમિટેડ

ડ્રાયર કેમિકલ્સ

VALET PARKING AVAILABLE


# ચૂંટણી અને ઈવીએમ વિરુદ્ધ ખોટા દાવા કરનારા બરતરફ પોલીસ અધિકારી સામે ગુનો નોંધાયો

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ અને ઈવીએમ વિશે ખોટાં નિવેદનો કરવા પ્રકરણે બીડ પોલીસે બરતરફ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (પીએસઆઈ) રણજિત કાસલે વિરુદ્ધ વધુ એક ગુનો દાખલ કર્યો હતો, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

બીડના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના શકમંદ વાલ્મિક કરાડને પતાવી નાખવાનો કોન્ટ્રાક્ટ તેને આપવામાં આવ્યો હતો, એવો દાવો કરનારા પીએસઆઈ કાસલેને સરકારે તાજેતરમાં પોલીસ સેવામાંથી બરતરફ કર્યો હતો. આ પ્રકરણે તેની વિરુદ્ધ એફઆઈઆર પણ નોંધવામાં આવ્યો હતો. હવે ચૂંટણી અધિકારીની

(જુઓ પાનું ૪) ▶▶

# બે મહિનામાં નેશનલ પાર્કમાં ચાલુ થશે મિની ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલીમાં આવેલા સંજય ગાંધી નેશનલ પાર્કમાં બંધ પડેલી મિની ટ્રેન બહુ જલદી શરૂ કરવામાં આવવાની હોવાનું કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાને શનિવારે કહ્યું હતું.

ઉત્તર મુંબઈમાં ચાલી રહેલા વિકાસ કામનો અહેવાલ લેવા માટે કેન્દ્રીય પ્રધાને શનિવારે પાલિકા, જિલ્લાઅધિકારી, એમએમઆરડીએ, મ્હાડા, એસઆરએ, મુંબઈ પોલીસના અધિકારીઓ સાથે શનિવારે પાલિકાના આર-વોર્ડ ઓફિસમાં બેઠક લીધી હતી. એ દરમ્યાન તેમણે મિની ટ્રેન

(જુઓ પાનું ૪) ▶▶





DATE OF DEP | 01st APR | 10th MAY | 20th MAY | 21st JUN

PACKAGE INCLUSIONS

- Hyundai Motorstudio, Han River Cruise, Songdo Cable Car, SeaLife Aquarium, Love Land અને Nanta Show નો અદભુત અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS

203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.

07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**